મોક્ષ લક્ષ્મી

# જિ
# ના
# જ્ઞા.. ભાગ-૩

મોક્ષ લક્ષી...

# જિ

# ના

# જ્ઞા... ભાગ-૩

:સંકલન:


લક્ષ્મીચંદ ચાંપસી દંડ

(કચ્છ - લાલા)

Lal Bunglow,
Dev Ashish,
Upashrya Lane,
Ghatkopar (East),
Mumbai – 400 077.
Tel.: 022-25011455

B-3/901, Green Acres Society,
Opp. Auda Lake,
Prahalad Nagar,
Ahmedabad -380 015.
Tel.:079-40094514
M.: 9374881300

અણુ પરમાણુ શીવ બની જાઓ
આખા વિશ્વનું મંગલ થાઓ
સર્વે જીવો મોક્ષે જાઓ
અર્હમ મૈયા અમર તપો

મારા ધર્મપત્ની પુરબાઈ ફાગણ વદ ૯ તા. ૧૬-૩-૨૦૧૨ ના શાંત થયા. જેને ૩ વર્ષ થયા એ નિમિતે મોક્ષલક્ષી જિનાજ્ઞા ભાગ-૩ પ્રકાશિત કરી રહ્યો છું, જેમાં આપણા ઉપકારી ગુરૂ ભગવંતોના વ્યાખ્યાન તેમજ એમના પુસ્તકોના વિવિધ તત્વોનું સમાવેશ છે. એ સર્વેનો હું ઋણી છું.

યોગાનું યોગ આ શુભ વર્ષે કોઇમ્બતુર નગરમાં શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન નિર્મિત પરમાત્મા શ્રી મુનીસુવ્રતસ્વામી જીનાલયનો પ્રતિષ્ઠા મહોત્સવ જેઠ શુદ ૬ શનિવાર તા. ૨૩-૫-૨૦૧૫ ના ઉજવાઈ રહ્યો છે.

સાહિત્ય દિવાકર, રાજસ્થાન દીપક,

પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. ના શિષ્યરત્ન પ.પૂ. મુનીરાજ શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા. અને એમના શિષ્યરત્ન પ.પૂ. મુનીરાજ શ્રી રાજશેખરસાગરજી મ.સા. તથા પ.પૂ. મુનીરાજ શ્રી ધર્મશેખરસાગરજી મ.સા. આદિ ઠાણા ૩ ની નિશ્રામાં પ્રતિષ્ઠા સંપન્ન થશે.

અચલગચ્છના લાડીલા નવકાર મહામંત્ર તેમજ સળંગ ૧૮-૧૮ વર્ષીતપના આરાધક સુશ્રાવક શ્રી નરેન્દ્રભાઈ નંદુની પ્રેરણા અને માર્ગદર્શનથી આ ભવ્યાતિભવ્ય મહોત્સવ દીપી ઉઠશે.

સમ્યગજ્ઞાન-દર્શન-ચારિત્રની અખંડ આરાધના કરી આ મીની જિનાજ્ઞાનું વારંવાર વાંચન-ચિંતન-મનન કરી સર્વે જીવો મોક્ષ ગામી બને એજ અભ્યર્થના......

પરમાત્માની આજ્ઞા વિરુધ્ધ કાંઈ પણ લખાઈ ગયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં.

લી.

લક્ષ્મીચંદના પ્રણામ

## A

# જૈન શાસનનો સાર

દર્શન - જ્ઞાન - ચારિત્ર

અહિંસા - સંયમ - તપ

ઉપશમ - વિવેક - સંવર

"શ્રાવક" શબ્દમાં ત્રણ અક્ષરો છે; જે દરેકના ખાસ અર્થ છે. 'શ્ર' અક્ષરથી શ્રાવક- 'જિનેશ્વર ભગવંતે જે કાંઈ કહ્યું છે તે સાચું અને શંકા વિનાનું છે.' તેવી-જિનેશ્વર ભગવંતના વચનો ઉપર તીવ્ર-અડગ-દ્રઢ **શ્રદ્ધા** રાખે.

'વ' અક્ષરથી શ્રાવક પૂજનીય અંને વંદનીય તીર્થંકર ભગવંતો, સાધુ ભગવંતો અને ઉપકારી માતા-પિતાદિ વડીલજનનો **વિનય-વિવેક** સાચવે.

'ક' અક્ષરથી શ્રાવક, દેવ-ગુરૂ અને ધર્મના વિનય-બહુમાન-ભક્તિ વગેરે સાચવવા સામાયિક-પૂજા-વંદન વગેરે વિવિધ પ્રકારની **ક્રિયાઓ** કરે.

ટૂંકમાં, મોક્ષના લક્ષ અને સર્વવિરતિ ધર્મની તલપ સાથે જે ભગવાનનાં વચનો ઉપર **શ્રદ્ધા** રાખે; દેવ અને ગુરૂના **વિનય-વિવેક** સાચવે અને ધર્મની **ક્રિયાઓ** કરે તે **શ્રાવક** કહેવાય.

અનંત દુર્લભ એવો માનવભવ પામીને જિનવાણીનું શ્રવણ કરી, પરમાત્માના વચનો પર દ્રઢ શ્રદ્ધા કરી સંયમમાં પુરુષાર્થ કરવો એજ જૈન શાસનનો સાર છે.

અષ્ટપ્રકારી પૂજા એ ભગવાનની પૂજા છે, જયારે રાત્રી ભોજનનો ત્યાગ એ ભગવાનના વચનની પૂજા છે. જ્ઞાનસારમાં પ.પૂ. મહોદય યશોવિજયજી મ.સા. કહે છે કે જે ભગવાનના વચનોને પૂજે છે, માને છે તે જ ખરેખર ભગવાનની સાચી પૂજા છે.

સોનાની ચમચીથી દૂધ પીનારા ગર્ભશ્રીમંત યુવકને સંપત્તિની કોઈ કિમંત નથી, તેમ જન્મથી નવકાર, પ્રભુ પૂજા, ગુરૂભગવંતનો વાસક્ષેપ મેળવનાર આપણને જિનવાણી શ્રવણની કિમંત કેટલી ?

વિશ્વભૂતિ જન્મથી બ્રાહ્મણ હતો પણ ધર્મે જૈન હતો. આપણે જન્મથી જૈન છીએ પણ ધર્મથી જૈન ખરા ?

શ્રાવકના કર્તવ્યમાં પહેલા નંબરે પૂજા સામાયિક કે જાપ નથી પણ જિનવાણી શ્રવણ છે. ઉપાશ્રય નજીક રેહવાથી જૈનત્વના સંસ્કાર ટકી રહે, જિન પ્રવચન સાંભળવા મળે અને સુંપાત્ર દાનનો લાભ મળે. કોઈ એક ભગવાન, એક તીર્થ, એક સુત્ર, એક સ્તવન, એક ગ્રંથ, એક અનુષ્ઠાન, એક ગુરૂ સાથે એવો સંબંધ જોડી દો કે ઉઠતાં - બેસતાં નવરાશમાં તરત જ તે યાદ આવે. એવો ગાઢ સંબંધ બંધાઈ જાય કે આપત્તિમાં તરત પહેલા એજ યાદ આવે. મરતી વખતે બીજા દ્વારા સમાધિ મળે કે ન મળે, ભગવાનઆદિનો સંબંધ તો સતત ઘૂંટતા

જ રહો, જો આવી કોઈ જોડે ગાઢ આત્મીયતા બંધાઈ ગઈ હશે તો પછી આપણે કદાચ ભૂલા પડ્યા હશું તો પણ તે આવીને તારશે.

બાળક અઇમુત્તા કહે છે કે હું જે જાણું છું તે નથી જાણતો અને હું જે નથી જાણતો તે જાણું છું. એટલે હું જાણું છું કે હું મરવાનો છું, પણ હું નથી જાણતો કે ક્યારે મરવાનો છું અને હું એ પણ નથી જાણતો કે મરીને મારો ક્યાં જન્મ થશે પરંતુ એટલું જાણું છું કે ધર્મ કરીશ તો સદગતિ મળશે અને પાપ કરીશ તો દુર્ગતિ મળશે. આ બાળક જેટલી પણ સમજણ આપણામાં છે?

કર્મસત્તા આપણને બધાને VIP TREATMENT આપે છે. સતત આપણી પ્રવૃત્તિ, ચેષ્ટાનો Video દરેક વચનનો Audio અને દરેક વિચારનો Psycho ઉતારે છે.

પાપના નાશનો શ્રેષ્ઠ ઉપાય એ છે કે જેટલા દુર્ભાવથી પાપ કર્યા છે તેના કરતા વધુ સદભાવથી પાપના ઉદયને સહન કરવો.

કોઈપણ આપત્તિ દુ:ખ-કષ્ટ-પીડા આવે તો અન્ય દેવો, જોગી બાબા, જ્યોતિષો વગેરે પાસે જવું નહિ-પરંતુ પાપ કર્મનો ઉદય છે સમજી સહન કરવું, પાપ કર્મ નાશ માટે તપ કરવો તેમજ પ્રભુ ભક્તિ કરવી.

જીવન કેવી રીતે જીવવું તેનો MANAGEMENT COURSE ચાલે છે, પણ કેવી રીતે મરવું તેનો MANAGEMENT COURSE ફક્ત જૈન શાસનમાં જ છે.

સારું EDUCATION, સારો JOB, સારો FLAT, સારું FURNITURE, સારી CAR, સારી WIFE એટલા માત્રથી સારું જીવન જીવાતું નથી પણ નજર સામે સતત મૃત્યુ દેખાય તો સારું જીવન જીવાય છે.

આપણે ૮૪ વર્ષ પણ જીવશું કે કેમ ? એમાય શંકા છે પણ એટલી બધી દોડધામ-ધમાલ-ઉંધાચત્તા કરીએ છીએ કે જાણે ૮૪ લાખ પૂર્વ વર્ષ જીવવાના છીએ !

જેને સદગતી મેળવવી છે તેને સારી રીતે મરવું જરૂરી છે, સારી રીતે મરવા માટે સારી રીતે જીવવું અત્યંત જરૂરી છે. સમ્યક્ત્વીને પાપ કરતા આનંદ ન હોય, પાપમાં રસ ન હોય, પાપનો બચાવ કે પક્ષપાતની વૃત્તિ ન હોય તથા પાપ કરવાનું અભિમાન ન હોય તે નિર્ધાંશ પરિણામે પાપ ન કરે તેથી જ કાંઈ પણ કરે છતાં ગાઢ કર્મબંધ થતો નથી.

૨૧મી સદીમાં સાધન સામગ્રી, સગવડો 100% સારી છે, Latest છે પણ સુખ મેળવવાની નહિ પણ નરકે જવાની સગવડ છે.

રસ્તાના ટ્રાફીક કરતા વધુ વિચારોના ટ્રાફીક આપણા મગજમાં છે. તેથી પૂજા-સામાયિક-જાપ વગેરેમાં આપણું ચિત ચોટતું નથી. મરેલા ઉંદરનું મડદું નીકળે નહિ ત્યાં સુધી અત્તરની સુગંધ આવતી નથી. તેમ દુનિયાદારીના વિચારોનું મડદું નીકળશે નહિ ત્યાં સુધી સામાયિકમાં સમ્યક્ત્વની સુવાસ આવશે નહિ.

જૈન શ્રાવકો માંગનારા ન હોય, આપનારા હોય અને કદાચ માંગે તો પણ પોતાના માટે નહિ, અબોલ પશુ માટે માંગે.

જીવનનું એ લક્ષ બનાવો કે હું મરું તે પહેલા મેં કરેલા પાપો મરી જવા જોઈએ,

એટલે કે પાપોનું પ્રાયશ્ચિત થઇ જવું જોઈએ. હું મરીશ અને જો પાપો ઉભા રહી જશે તો દુર્ગતિમાં મારી છાલ નીકળી જશે એવું ભયંકર સહન કરવું પડશે.

પ્રાયશ્ચિત કરેલા મોટા પાપો નાશ પામી જાય છે પણ જો નાના પાપોનું પણ પ્રાયશ્ચિત રહી જાય તો તેનું પણ ફળ ભયંકર જ ભોગવવું પડશે.

દુનિયા કહે છે કે મોટી પ્રભાવના કરવાવાળો મોટો માણસ છે. જયારે જૈન શાસન કહે છે કે પહેલી ક્ષમાપના માંગનારો મોટો માણસ છે.

મોત નિશ્ચિત છે, તેમ મોત પછી પરલોક પણ નિશ્ચિત છે. મરતા સમાધિ તો પરલોકમાં સદગતિ અને મરતા સંક્લેશ તો પરલોકમાં દુર્ગતિ.

આવનારી દરેક બિમારી મોત વખતે સમાધિ રાખવાની **Net Practice** છે. આવનારો દરેક રૂપિયો કહે છે કે જો અત્યારે સંક્લેશ કરીશ તો મરતા બધું એક સાથે છોડવું પડશે, તે વખતે સમાધિ કેવી રીતે રાખીશ ?

જે મિથ્યાત્વી છે અને કોઈ પણ પ્રકારના વ્રત-પચ્ચકખાણ નિયમ કર્યા નથી તેનું બાલ મરણ કહેવાય.

દુનિયામાં બધાને ચિંતા છે કે મારા મર્યા પછી મારી પાછળ રહેલા પરિવારનું શું થશે? માટે વીમા પોલીસી લે છે, દર વર્ષે પ્રીમીયમ ભરે છે પણ કોઈને એવી ચિંતા ખરી કે મારા મરી ગયા પછી પરલોકમાં જનારા મારા આત્માનું શું થશે ? શું તેના માટે કોઈ ધર્મનું પ્રીમીયમ ભર્યું છે ખરું?

હું દરિદ્ર ન થાઉં એની ચિંતા આપણને છે પણ હું દુર્ગતિમાં ન જાઉં એની કોઈ ચિંતા ખરી? દરિદ્ર ન બનવા-ધનવાન બનવા કમાવવાનાં જાત જાતના **Planning** આપણે કરીએ છીએ. શેરબજાર, સોનું-જમીન-દુકાન-ફેક્ટરી વગેરેમાં રોકાણ કરીએ છીએ પરંતુ દુર્ગતિથી બચવા શું **Planning** કર્યા? કોઈ ધર્મ આરાધના કરી ખરી?

ભગવાન કહે છે રોજ સવારે વિચાર કરો કે અધ્રુવ-અશાશ્વત-અસ્થિર એવા આ સંસારમાં એવું કયું કાર્ય છે કે જેનાથી મારી દુર્ગતિ ન થાય? રોજ પોતાની જાતનું **Analyses** કરો, મારી એવી કઈ ક્રિયાઓ, વિચારો, વચનો છે કે જે મને દુર્ગતિમાં લઇ જવા સમર્થ છે? મારે તેવી પ્રવૃત્તિઓ તો નથી જ કરવી.

ટ્રેનમાં બેસતા પહેલા પુછવું પડે કે આ ટ્રેન ક્યાં જાય છે? છેલ્લું સ્ટેશન કયું છે? આપણે ક્રોધ, અહંકાર, માયા, કપટ, લોભ, અસંતોષ, મનગમતી વાનગી, **tiptop** કપડા લઈ ને ટ્રેનમાં બેસી તો ગયા છીએ, પણ તેનું છેલ્લું સ્ટેશન પુછવાનું જ રહી ગયું છે. તેનું પહેલું સ્ટેશન વટ, અહંકાર, આનંદ અને મજા છે અને છેલ્લું સ્ટેશન દુર્ગતિ,પશુગતિ અને નરકગતિ છે.

પુણ્યથી લાભ થાય છે. લાભ વધતા લોભ વધે છે પણ જેમ જેમ લાભ વધે, તેમ તેમ પુણ્ય ઘટતું જાય છે પણ લોભ ઘટતો નથી પણ વધતો જાય છે, માટે લાભ થાય તો તરત શુભ કાર્ય કરી લેવું, પણ લોભ ન કરવો.

વૃધ્ધ માણસના વાળ ધોળા થાય છે, દાંત પડી જાય છે પણ એની કમાવાની ઈચ્છા

અને લાંબુ જીવવાની ઈચ્છાનો ક્યારેય અંત આવતો નથી.

એક કલાક વૈરાગ્યનો ઉપદેશ સાંભળવામાં કંટાળો આવે છે પણ આખો દીવસ રાગની વાતોમાં થાકતા નથી પણ ખ્યાલ રાખજો વૈરાગ્યનો ઉપદેશ ચિંતનના અમલ દ્વારા એના સંસ્કાર પાડવા માટે આ જ ભવ છે.

મનુષ્ય ભવમાં એક મોટો શાપ મળ્યો છે, જે મળે એ ઓછું જ લાગે છે. તેથી ધનના ઢગલા થાય તો પણ શાંતિ નથી. આત્મકલ્યાણ કરવા આરાધના, સાધના કરવા ક્યારેય રાહ જોવી નહિ, કેમકે શરીર ક્યારે રોગી થશે અને આયુષ્ય ક્યારે પૂરું થઇ જશે એ ખબર નથી. આખું જીવન ઘુટ્યું હશે તેજ મરતી વખતે સ્મરણમાં આવશે. માટે શું ઘૂંટવું એ નક્કી કરી લેજો ધર્મ કે ધન ?

મને જે સાચું લાગે છે તે બધાને સાચું લાગે તેવું જરૂરી નથી. અને મને જે ખોટું લાગે તે બધાને ખોટું લાગે તે પણ જરૂરી નથી. માટે ક્યારેક કોઈના ઉપર ખોટા આક્ષેપો કરી ઝગડવા ન બેસવું. આપણી માન્યતા બીજા ઉપર ઠોકી બેસાડવી નહિ.

જે ભૂલો નથી કરતો તે દેવ છે, જે ભૂલ કરે છે પણ પછી તેનો એકરાર - પશ્ચાતાપ-પ્રાયશ્ચિત કરે છે તે માનવ છે, જે વારંવાર એક ની એક ભૂલ કરે તે પશુ છે અને વારંવાર પોતાની ભૂલોનો બચાવ કરે છે તે શેતાન છે. આપણે કોણ?

આપણા ઘરમાં-કબાટમું-મનમાં દેવ-ગુરૂ-ધર્મ માટે જગ્યા જ નથી. જયારે તે જ ઘરમાં નવા નવા ફરનીચર માટે, તે જ કબાટમાં નવા નવા કપડા માટે, તે જ મનમાં આલતુ-ફાલતું સંક્લેશના વિચારો કરવા ખુબ જ જગ્યા છે. આપણે ગયા ભવમાં આરાધના કરી પણ તે ઘણી બધી વિરાધનાથી ભરેલી હતી, માટે તેમાંથી ઉત્પન્ન થયેલી પુણ્ય રૂપી પુરણપોળીમાં એલચીના બદલે કાંકરા વધુ છે. જેથી આ ભવે સુખ-સગવડ બધું છે પણ ક્યારેક શરીર બગડે, ક્યારેક ઘરવાળી જોડે ઝગડો થાય, ક્યારેક દીકરો સામું બોલે ને ક્યારેક ધંધામાં પણ મંદી આવી જાય છે: જો આ ભવની આરાધના પણ વિરાધના પૂર્ણ હશે તો મળનારું પુણ્ય પણ આવા કાંકરા વાળું જ થશે. ગયા ભવના પુણ્યથી આ ભવના સુખ ભોગવ્યા પરંતુ આવતા ભવનું શું ?

આ ભવમાં વારંવાર પ્રભુદર્શન જવાની, ચૈત્ય પરીપાટીની વારંવાર ટેવ રાખી હશે તો આવતા ભવમાં દેવલોક મળે તો ત્યાં દેવાંગનાના નૃત્યમાં આકર્ષાયા વગર ત્યાંના દેરાસરે જવાનું મન થશે.

તમે દેરાસર-ઉપાશ્રયમાં અપમાન થાય તો ત્યાં હવે ક્યારેય પગ મુકવો નહિ એવો સંકલ્પ કરો છો ! તો હવે ઘર, દુકાન બજારમાં જ્યાં જ્યાં અપમાન થાય ત્યાં ત્યાં પગ નહિ મુકોને ? ત્યાં કાયમ માટે જવાનું બંધ ને ?

જો પ્રભુના ગુણગાન કરવાથી અસંખ્ય ભવોના અનંતા પાપ કર્મો એની મેળે એક જ ઝાટકે તૂટી જતા હોય તો દુનિયાના ફાલતું માણસોના ગુણગાન ગાઈને કર્મબંધ શું કરવા કરવો ? પાપ સાપ કરતા પણ ઝેરીલો છે. બધા સાપ ઝેરીલા નથી પણ બધા પાપ તો દુર્ગતિમાં જ લઇ જાય છે. સાપથી ફક્ત આ ભવમાં મોત થાય છે પણ પાપ કરવાથી ભવો

ભવ મોત છે.

દુનિયાની ૭ અજાયબીઓ જુદા જુદા સ્થળે છે પણ એક જૈન સાધુના જીવનમાં જ ૭ અજાબીઓ રહેલી છે. તે પણ ઉપભોક્ત વાહન-ફેશન-વ્યસન-કોમ્પ્યુટર યુગમાં પાંચમાં આરામાં કાયમ માટે ૧. પૈસા વગર ૨. PC-TV વગર ૩. મોબાઈલ વગર ૪. વાહન વગર ૫. ઘરબાર વગર ૬. સ્વજન વગર ૭. AC-પંખા વગર, આ સાત અજાયબીઓ વાળા જૈન સાધુ ભગવંત છે. તમે એક દીવસ તો આ સાત અજાયબીઓ વગર રહીને બતાવો ? આવા સાધુ ભગવંતને વંદન કરવાથી પાપ નિકંદના થાય છે, જયારે સાધુ ભગવંતની નિંદા કરવાથી પુણ્ય નિકંદના થાય છે, દુર્ગતિ મળે છે.

જો આપણે નક્કી ન કર્યું કે "મારે આવતા ભવે ક્યાં જવાનું છે?" તો કર્મસત્તા નક્કી કરશે ત્યાં જવું પડશે. એના કરતા આપણે આરાધના-સાધના કરી સદગતી નક્કી કરી લઈએ. દુનિયાનું મોટું આશ્ચર્ય એ છે કે સ્મશાનમાં ઘણાને વિદાય કર્યા પછી લોકો એ રીતે જીવે છે કે "જાણે હું મરવાનો જ નથી".

જો ભગવાનની આજ્ઞા પાળતા-સુકૃતો કરતા-પચ્ચક્ખાણ-તપ-ત્યાગમાં મરશું તો માનવનું મોત ગણાશે. બાકી ખાતા-પીતા ભય વગેરે સંજ્ઞાઓમાં મરશું તો પશુનું મોત ગણાશે.

થોડા દીવસ પછી નીકળી જવાનું છે તે ધર્મશાળાની રૂમ તમારી નથી, તો થોડા વર્ષ પછી આ ફાની દુનિયા છોડી નીકળી જવાનું છે તો ઘર-પરિવાર-સંપત્તિ તમારા ક્યાંથી ?

આપણી જિંદગી ક્યાં પૂરી થશે, ક્યારે પૂરી થશે અને કેવી રીતે પૂરી થશે એનો કોઈ જવાબ આપણી પાસે નથી પણ એક જવાબ છે કે દેવ-ગુરૂ-ધર્મનું શરણું સ્વીકારી જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધના કરી છે માટે મરતા સમાધિ નિશ્ચિત છે.

લાંબી મુસાફરીએ જતા પહેલા ભાતું-નાસ્તો લઇ લેવો જોઈએ જેથી મુસાફરીમાં કોઈ તકલીફ ન પડે, તેવી જ રીતે સૌથી મોટી પરલોકની મુસાફરીએ જતા પહેલા અરિહંતાદી ચાર શરણનો સ્વીકાર-ચાર આહારનો ત્યાગ-શરીર સ્વજનાદી સંબંધોનો ત્યાગ-મિચ્છા મિ દુક્કડં વગેરે રૂપે વિવિધ ભાતા-નાસ્તા ભરી લેવા જેથી પરલોકની મુસાફરીમાં વાંધો ન આવે.

દુનિયામાં સાધક જીવ જ પોતાના ગુણથી પૂજાય છે. બાકી જીવો તો સંપત્તિ-કપડા-ફ્લેટ-રાચરચીલો-સત્તા-શક્તિથી પૂજાય છે અને તેને બાહ્ય સાધનો નાશ થતા-ક્ષય થતા ઝુંટવાઈ જતા, અપમાન-તિરસ્કારને પામે છે. પતન-અધોગતિને પામે છે.

ઘણા એમ માને છે કે નબળા મન વાળાએ જ વ્રત-નિયમ-પચ્ચક્ખાણ લેવા જોઈએ. સત્વશાળીને નિયમ-વ્રત લેવાની જરૂર નથી પણ ખરેખર એવી માન્યતા એ બાળક બુદ્ધિ જ છે કારણ કે સત્વશાળી જ પાપના ત્યાગના નિયમ લઇ આજીવન પરાક્રમથી પાળે છે જયારે નિર્બળ મનવાળા જીવો તો નિયમ તૂટી જશે તો ? એમ ડરથી પચ્ચક્ખાણ લેતા નથી. વ્રત-નિયમ પૂર્વક પાપનો ત્યાગ કરવામાં કર્મ બંધ થતો નથી. વ્રત-નિયમ વગર પાપો સતત બંધાયા કરે છે.

"શોક સભાના ખરા બે આશય છે"

૧. આખી જિંદગી જે ભેગું કરવામાં ગુમાવી એમાનું બિચારો કશું લીધા બગર ગયો...

૨. જે ભેગું કરેલું બધું જ પરલોકમાં લઇ જઈ શકે એમ હતો ! એ પુણ્ય ભેગું કરવાનો બિચારાને સમય જ ન મળ્યો.

પાપની પ્રેરણા આસાન છે. ધર્મની પ્રેરણા અઘરી છે. આખું ઘર T.V. જોઈ શકે પણ આખું ઘર વ્યાખ્યાનમાં નથી આવતું. આખું ઘર હોટલમાં સાથે જઈ શકે પણ આખું ઘર દેરાસર સાથે જઈ શકતું નથી. પાપમાં બધા સાથે હોય છે પણ ધર્મ તમારે એકલાએ જ કરવો પડશે. પાપાચારની પ્રેરણા ઘણી સહેલી છે. તમે મિત્રને કહો વ્યાખ્યાનમાં ચાલ મજા આવે છે એ કહેશે રસ નથી પણ એ તમને કહે કે ચાલ હોટલમાં તો તમે તૈયાર થઇ જશો.

સબળ વિચારોમાંથી મન નિર્બળ વિચારમાં જલ્દી ચાલ્યું જાય છે. સુકૃતના વિચારોમાંથી દુષ્કૃતના વિચારોમાં જલ્દી ચાલ્યું જાય છે. અહીં ટીપમાં પૈસા લખાવવા હોય તો ઘરનો ખર્ચ યાદ આવે છે પણ મોલમાં ખરીદી કરતા ધર્મમાં સુકૃત કરવાની યાદ નથી આવતી.

આપણા માથે પાપના પોટલા ઘણા છે છતાં એ ઓછા પડે છે, તેથી પરિવારના પાપના પોટલા માથે લઈએ છીએ, એ ઓછા પડે તેથી સમાજના પાપના પોટલા માથે લઈએ છીએ, એ સમાજ કીટી પાર્ટીમાં જાય, જાગૃતિ સેન્ટર, ડાન્સ, હોટલમાં જ્યાં જાય ત્યાં આપણે બધે જવાનું, ઉપરાંત એ પાપના પોટલા ઓછા પડે તો વળી રાજ્ય અને દેશના પોટલા માથે લીધા.....

એક બેંકની જાહેરાત હતી કે "Sleep Well for the years". તમે અમને પૈસા આપો અમારી બેંક એટલી સારી છે કે તમને સારું વ્યાજ આપશે માટે વર્ષો સુધી શાંતિથી ઊંઘી જાઓ.

એક મોહનીય કર્મ છે, એ કહે છે કે તમો વર્ષો સુધી ઉંઘ્યા જ કરો, જાગતા માણસને હેરાન કરવા ભારે પડે, ઉંઘતા માણસને હેરાન જલ્દી કરી શકાય, તમે અનંતકાય પ્રમાદમાં ઉંઘ્યા જ કરો.

જયારે ધર્મસત્તા કહે છે કે તું એકવાર, એક ભવમાં ધર્મની આરાધના-સાધના બરોબર કરી લે, પછી તારી મોક્ષ સુધી પહોંચાડવાની બધી ચિંતા મારી. જ્યાં સુધી મોક્ષે ન જાંવ ત્યાં સુધી તમારી ચિંતા કરવાની બધી જવાબદારી મારી.

## Everything is in order

ઘણાના મનમાં આ પ્રશ્ન થાય છે કે પ્રારબ્ધ(કર્મ) અને પુરુષાર્થ, આ બે માં વધારે બળવાન કોણ ? શું કર્મ હોય તે જ થાય ? શું તેમા કદી ય કાંઈ ફેરફાર ન થઇ શકે ? તો પછી કોઈ પણ પ્રકારનો પુરુષાર્થ કરવાની શી જરૂર ? સામાયિક, પ્રતિક્રમણ, દીક્ષા જીવનનો સ્વીકાર વગેરે ધર્મારાધનાઓ પણ એક પ્રકારનો પુરુષાર્થ જ છે ને ? જો હવે કર્મ જ બળવાન હોય તો આપણે ધર્મારાધના બંધ કરી દઈએ. કર્મ જેમ કરાવે તેમ કરતા રહેવું. નિષ્ક્રિયતાની પછેડી ઓઢીને સૂઈ જવું. જયારે ને ત્યારે કર્મને નજર સમક્ષ લાવવા તથા

લાલ સાડી પહેરેલા ડોસીમાની જેમ કર્મના નામે રોદણા રોયા કરવા બરોબરને ?

અને જો આ બધું માન્ય નં હોય તો કર્મ પ્રમણે જ બધું થાય છે તે વાતને સદા માટે ભૂલી જઈને પોતાના બાવળાના જોરે સફળતા પામવા સખત પુરુષાર્થ આદરવો. હવે જો કર્મ જેવી ચીજ નક્કામી બની જતી હોય તો, તેવા પુણ્ય કર્મને પેદા કરવા આરાધના કરવાની કે પાપ કર્મોથી ડરી જઈને અશુભ કાર્યો બંધ કરવાની પણ જરૂર ન જ રહીને ?

વળી પુરુષાર્થ બળવાન હોય તો જીવનની સમાધિ સાધવા "Everything is in order" વિચારવાની જરૂર પણ ન જ રહીને ? જે બનવાનું હોય તે જ થોડું બને ? આપણા પુરુષાર્થથી તેમાં ફેરફાર કેમ ન થાય ?

પ્રારબ્ધ ચઢે કે પુરુષાર્થ ? ખૂબ ગંભીર તથા મુશ્કેલ જણાતા આ સવાલનો સરળ જવાબ જૈન શાસ્ત્રકારોએ આ પ્રમાણે આપેલો જણાય છે.

આપણો મહાપુણ્યોદય છે કે આપણને આવા મહાન શાસ્ત્રો મળ્યા છે જેમાં આત્માના મોક્ષની તો વાતો છે જ, પણ સાથે-સાથે પ્રત્યેક જીવના સુખ-દુઃખની પણ ચિંતા છે. મનની પ્રસન્નતાને વધારવાના ઊપાયો છે. આધ્યત્મિકતાને પેદા કરવાના સરળ કીમિયાઓ પણ છે. જયારે જૈન શાસ્ત્રોના પદાર્થોને ઊંડાણથી સ્પર્શીએ ત્યારે તે શાસ્ત્રકાર મહાપુરુષો પ્રત્યે હૃદય અહોભાવથી ઝુક્યા વિના રહેતું નથી. શું કમાલ કરી છે તે મહાપુરુષોએ આપણને આવું અદભુત માર્ગ દર્શન આપીને !

જૈન શાસ્ત્રકાર પરમર્ષિઓ કહે છે કે કર્મો બે પ્રકારના હોય છે, નિકાચિત કર્મો અને અનીકાચિત કર્મો. તેમાંના જે નિકાચિત કર્મો છે તે તો ભોગવવા જ પડે. તેની સામે કરાતો ગમે તેવો પુરુષાર્થ પણ નિષ્ફળ નીવડે. (હા ! ક્ષપકશ્રેણીમાં તે નિકાચિત કર્મો નાશ પામી શકે તે સિવાય તો તે કર્મો ભોગવવા જ પડે). નિકાચિત કર્મોના ઉદયે પેદા થતી પરિસ્થિતિને નિવારવા પુરુષાર્થ નાકામિયાબ છે. અર્થાત આ નિકાચિત કર્મો અને પુરુષાર્થ આ બેમાં તો કર્મો જ બળવાન છે પુરુષાર્થ નહિ.

શ્રેણિક મહારાજાએ હરણિયાનો શિકાર કરીને તેની કારમી પ્રશંસા કરી ત્યારે તેમણે નરકગતિમાં જવું પડે તેવું નિકાચિત કર્મ બાંધી લીધું હતું. નિકાચિત એટલે ફેરફાર ન થઇ શકે એવું કર્મ.

ત્યાર બાદ તેમને સાક્ષાત પરમાત્મા મહાવીરદેવનો સત્સંગ થયો. નરકાદિગતિના ભયંકર દુઃખોની સમજણ પડી. પરમાત્માના તેઓ પરમભક્ત બન્યા. પોતાની સંભવિત નરકને અટકાવવાની તેમની અદમ્ય તમન્ના હતી. તે માટે તેમણે પરમાત્માને કાકલુદી પણ કરી. નરક નિવારવા પરમાત્માએ બતાડેલા ત્રણ ટુચકા પણ તેમણે કર્યા. પણ તેમને તેમાં ધરાર નિષ્ફળતા મળી. કારણ કે તેમણે જેમાં બિલકુલ ફેરફાર થઇ શકવાની શક્યતા નહોતી, તેવું નિકાચિત કર્મ બાંધ્યું હતું. અહી કર્મ બળવાન હતું.

પણ બધા જીવોને કાંઈ સદા નિકાચિત કર્મોનો ઉદય હોતો નથી. સામાન્યથી તો એમ કહી શકાય કે બંધાતા એક લાખ કર્મોમાં કદાચ એકાદ કર્મ નિકાચિત બંધાય છે. બાકીના ૯૯,૯૯૯ કર્મો તો અનિકાચિત બંધાય છે. અનિકાચિત કર્મ એટલે પુરુષાર્થ દ્વારા જેમાં

ફેરફાર થઇ શકે તેવા કર્મો. જો ધર્મારાધના રૂપ પુરુષાર્થ કરવામાં આવે તો આ અનિકાચિત કર્મો તેનું તેવું ફળ આપી શકવા સમર્થ બનતા નથી.

આવા અનિકાચિત કર્મો કરતાં તો પુરુષાર્થ બળવાન છે. માટે જ તમામ ધર્મ શાસ્ત્રો ધર્મની આરાધનામાં પુષ્કળ પુરુષાર્થ કરવાની પ્રેરણા કરે છે.

આમ નક્કી થયું કે નિકાચિત કર્મોના વિષયમાં પુરુષાર્થ નકામો બને છે જયારે અનિકાચિત કર્મોના વિષયમાં પુરુષાર્થ બળવાન બને છે.

પણ આપણને શી રીતે ખબર પડે કે હાલ નિકાચિત કર્મનો ઉદય છે કે અનિકાચિત કર્મોનો? આપણે કાંઈ તેવા જ્ઞાની નથી. જ્ઞાનીની વાત ન્યારી છે. તેઓ જ્ઞાનના આધારે આગળ વધી શકે.

આપણે જાણીએ છે કે માતાને ત્રાસ ન થાય તે માટે ભગવાન મહાવીરે ગર્ભમાં હલનચલન બંધ કર્યું હતું પણ ગર્ભ નાશ પામ્યાની કલ્પનાએ મોહાધીન માતાએ કરુણ કલ્પાંત કર્યું. અવધિજ્ઞાની ભગવાને માતાને ખુશ કરવા હલનચલન ફરી શરુ કર્યું.

પણ તે વખતે તેમણે જ્ઞાનબળનો ઉપયોગ કર્યો. પોતાનું ભોગાવલીકર્મ અનિકાચિત હતું પ્રયત્ન કરવાથી તૂટી જાય તેવું હતું. જો થોડીક વૈરાગ્યની છોળ વધારે ઉછાળે તો તરત દીક્ષા પ્રાપ્ત થાય.

સાથે સાથે તેમણે પોતાના જ્ઞાનથી માતા-પિતાનું આયુષ્યકર્મ પણ જાણ્યું તે પણ અનિકાચિત હતું આઘાત લાગતા તૂટી જાય તેવું હતું.

જો પોતે દીક્ષા લે તો આઘાત લાગતા માતા-પિતા પણ તે જ વખતે મૃત્યુ પામે. સર્વ જીવોનું કલ્યાણ કરનારી દીક્ષા ગ્રહણ કરવાના નિમિતે માતા-પિતાના મૃત્યુરૂપ અમંગળ શી રીતે કરી શકાય ? તેથી તેમણે માતા-પિતા જીવતા હોય ત્યાં સુધી દીક્ષા ન લેવાનો અભિગ્રહ કર્યો.

તેઓ જ્ઞાની હતા માટે જ્ઞાન બળે નિકાચિત-અનિકાચિત કર્મોને જાણી યોગ્ય નિર્ણય કરી શક્યા પણ આપણે કાંઈ એવા જ્ઞાની નથી. આપણને તો આવતીકાલની પણ ખબર પડતી નથી. તો આપણે શું સમજવું ? આપણે કેવી રીતે જીવવું ?

મારા ભવોદધિતારક પૂજ્યપાદ ગુરૂદેવશ્રી પાસેથી સાંભળવા મળ્યું છે કે, આપણા જેવા અજ્ઞાનીઓએ જ્યાં સુધી પરિણામ ન આવે ત્યાં સુધી પુરુષાર્થને પ્રધાનતા આપવી. પણ પરિણામ પ્રાપ્ત થયા બાદ પ્રારબ્ધને પ્રધાનતા આપવી.

એકનો એક દીકરો માંદો પડ્યો. કર્મમાં જે લખ્યું હશે તે થશે, તેમ માની બેસી નહિ રહેવાનું. કારણ કે અહીં પરિણામ શું આવવાનું છે ? છોકરો જીવવાનો છે કે મરવાનો છે ? તે તમે જાણતા નથી. તેથી તમારા માટે તો આ પ્રસંગમાં પુરુષાર્થ બળવાન છે. છોકરાને સાજો કરવા માટે પિતાએ તમામ પ્રયત્નો કરવા પડે. હોસ્પીટલમાં દાખલ કરવો પડે. જીવાડવા માટેની છેલ્લામાં છેલ્લી ટ્રીટમેન્ટ કરાવવી પડે. તે વખતે પ્રારબ્ધ સામે હાથ જોડીને બેસી રહો તો ન ચાલે.

પણ તમામ પ્રકારના પ્રયત્નો કરવા છતાંય તે દીકરો મૃત્યુ પામ્યો. હવે રડવાનું નહિ. હાય-વોય નહિ કરવાના. આ ડોક્ટરના બદલે ફલાણા બીજા ડોક્ટરને બતાવ્યું હોત તો સારું થાત.... વગેરે નહિ વિચારવાનું. કોઈના ઉપર દોષનો ટોપલો પણ નહિ ઢોળવાનો.

જયારે પરિણામ આવી જ ગયું છે, ત્યારે બધું પ્રારબ્ધના ખાતે ખતવી દેવાનું. અહીં હવે પુરુષાર્થને ગૌણ માનીને, "આમ બનવાનું નક્કી જ હતું માટે આમ બન્યું છે. ખોટી ફીકર શા કાજે કરવી ?" તેમ વિચારી લેવું. "Everything is in order" સૂત્રનો આવા સમયે અમલ કરી દેવો. તેમ કરવાથી મનની સ્વસ્થતા ટકી જશે. જીવન સમાધિ જળવાઈ જશે. આર્તધ્યાન નહીં થાય. પ્રસન્નતા નંદવાઈ નહીં જાય. કોઈના ઉપર દોષારોપણ કરવાનું મન નહીં થાય. પરિણામે શુભ વિચારોનું ખૂન નહીં થાય. પ્રસન્ન રહી શકાશે.

ઉપરોક્ત વિચારણાઓ ઉપરથી હવે બરાબર સમજાઈ ગયું હશે કે આપણે જો આપણ જીવનને પ્રસન્નતાથી તરબતર બનાવવું હોય, સમાધિમય બનાવવું હોય તો, જે પાપક ઉદયમાં નથી આવ્યા, તેમને ખતમ કરવા કે ફેરફાર કરવા સતત ધર્મારાધનામાં પુષ્કળ પુરુષાર્થ કરવો જોઈએ.

પણ પાપોદયે જો દુઃખો આવી જ જાય તોય દુઃખી ન બનવું. તે વખતે "Everything is in order" સૂત્ર બોલી દેવું. કપાળ ઉપર આંગળી મુકીને, બધું નસીબને ભળાવી દેવું. જો તેમ નહિ કરવામાં આવે તો આર્તધ્યાનનો પાર નહિ રહે.

આમ પરિણામ ન આવે ત્યાં સુધી પુરુષાર્થને અને પરિણામ આવ્યા પછી પ્રારબ્ધને હવાલો સોંપી દેવાથી જિંદગીની સમાધિ સચવાઈ જાય છે. બાકી એકલા પુરુષાર્થ જ કરવાથી ફળ ન મળતા આઘાત લાગ્યા વિના નહિ રહે અને માત્ર પ્રારબ્ધને જ મુખ્ય બનાવશે તો પુરુષાર્થ દ્વારા કર્મોમાં ફેરફાર કરવા દ્વારા પ્રાપ્ત થનારા અનેક લાભો ગુમાવવા પડશે.

ગામમાં ગુરૂમહારાજ પધાર્યા. રોજ ગુરૂદેવના પ્રવચનમાં એક શેઠ સમયસર પધારે. ગુરૂદેવ જેટલા નિયમિત તેટલા જ તે શેઠ પણ નિયમિત. પ્રવચન શરૂ થતાં શેઠ હાજર હોય.

રોજ સમયસર હાજર થનારા આજે પ્રવચન અડધું પુરૂ થવા છતાંય હાજર થઇ શક્યા નથી. ગુરૂમહારાજને પણ આજે વ્યાખ્યાનમાં મજા નથી આવતી. મનમાં સતત વિચાર આવે છે કે, પેલા શેઠ આજે કેમ નથી આવ્યા? શું કારણ હશે?

પ્રવચનની ૧૦ મિનિટ બાકી હતીને શેઠ આવ્યા. વ્યાખ્યાન પૂર્ણ થતાં રોજની જેમ મહારાજશ્રી પાસે પહોંચ્યા...

મહારાજશ્રીએ પૂછી લીધું, "ભાગ્યશાળી ! કોઈ દિવસ નહિ ને આજે કેમ મોડું થયું?" શેઠે કહ્યું ગુરૂદેવ ! અમે તો સંસારી જીવડાં ! શું કરીએ ! ક્યારેક એવી જવાબદારી નીભાવવી પડે છે કે ઈચ્છા હોવા છતાંય ધર્મારાધના થઈ શક્તી નથી. ઘણા સમયથી મહેમાન આવ્યા હતા. આજે તેઓ વિદાય થયા તેમને વળાવીને આવતા મોડું થયું.

ગુરૂદેવશ્રી કાંઈ વિચારે કે બોલે તે પહેલા તો બાજુમાં બેઠેલા શ્રાવકે કહ્યું, "ગુરૂદેવ ! આ શેઠ ક્યા મહેમાનને વળાવવા ગયેલા? તે ખબર છે? તેમનો એકનો એક જુવાનજોધ દીકરો, જે તેમની પેઢીનો બધો જ વહીવટ સંભાળતો હતો, જે ઘડપણની લાકડી હતો, તે આજે સવારે આચાનક પરલોક ચાલ્યો ગયો. તેની સ્મશાનયાત્રામાં શેઠ ગયેલા ! વિધિ પતાવીને સીધા વ્યાખ્યાનમાં આવીને બેઠા હતા !!!

મહારાજસાહેબ તો આ સાંભળીને આશ્ચર્યમાં પડી ગયા, "આ શેઠીયાએ કેવું તત્વજ્ઞાન પચાવ્યું હશે !"

પેલા શેઠ બોલ્યા, "મહારાજશ્રી ! મારો દીકરો મારો લેણદાર હશે. બધું દેવું ચૂકવીને હું તો હળવો ફૂલ બની ગયો. ૨૨ વર્ષ પહેલા મહેમાન બનીને આવેલો આજે જયારે વિદાય લીધી ત્યારે વળાવવા તો જવું પડે ને? આપે જ અમને આવું તત્વજ્ઞાન શીખવ્યું છે ને?

જો આ જિનશાસન મને ન મળ્યું હોત તો આ સમયે હું રો-કકળ કરીને આર્તધ્યાન કરી કરીને, દુર્ગતિમાં લઇ જનારા કેટલા બધા પાપોના ઢગલા બાંધત? દેવ-ગુરૂનો ઉપકાર છે કે તેમણે મને આવા સમયે પણ સ્વસ્થ રાખ્યો અને મારા આત્માનું કલ્યાણ કરનારા આપના પ્રવચન સાંભળવાની ધીરતા પેદા કરી. જે બનવાનુ હતું તે જ બન્યું છે. પછી ફોગટ રડારોળ શા માટે કરૂ?

"Everything is in order" સૂત્ર આ શેઠે કેટલું બધું આત્મસાત કર્યું હશે કે જેથી આવી પરિસ્થિતિમાં પણ તેઓ તૂટી ન ગયા. 'જે બનવાનું હતું તે જ બન્યું છે'. વિચારીને તેમણે સમાધાન કરી લીધું. જીવન સમાધિ ટકાવી લીધી. પ્રસન્ન જીવન જીવતા તેમને આવડી ગયું.

વાત તો સાચી જ છે ને ! કોઈના મોતને આપણે થોડું અટકાવી શકીએ છીએ? વળી, મરેલાને ફરી જીવતો કરવાનીય તાકાત આપણી પાસે ક્યાં છે? તો પછી મરેલા પાછળ રડવાની શી જરૂર?

જો રડવાથી, છાતી-માથા કુટવાથી કે શોક કરવાથી, મરેલી વ્યક્તિ પાછી ફરતી હોય તો તે કરવાથી લાભ ખરો, પણ તેવું બનતું જ નથી, બલ્કે રડારોળ કરવાથી, છાતી-માથા કુટવાથી કે કરૂણ આક્રંદ કરવાથી તો ઢગલાબંધ પાપો બંધાય છે. કુતરા-બિલાડી વગેરે તિર્યંચગતિના અવતારો લેવા પડે તેવી પરિસ્થિતિ નિર્માણ થાય છે. હાથે કરીને પોતાના પરલોકને બગાડવાની ભૂલ શા માટે કરવી?

મૃત્યુ પામેલી વ્યક્તિ પ્રત્યે સાચો સ્નેહભાવ હોય તો તેની પાછળ રડવાની જરૂર નથી, પણ તેના અદભુત ગુણોને જીવનમાં લાવવાની જરૂર છે. છાપાના છેલ્લા પાને માત્ર શ્રધ્ધાંજલિ છપાવવાની જરૂર નથી, પરંતુ તેના સદાચારોની સુવાસ જીવનમાં પેદા કરવાની જરૂર છે. તેમ કરવાથી તેના સદાચારો તેના ગુણો વગેરે રૂપે તે વ્યક્તિ સદા પોતાના હૃદયમાં જીવતી રહેશે.

# લોભ એ પાપનો બાપ છે

લોભ વાઘ જેવો છે. વાઘે આજ સુધી અનેક જીવોને ફાડી ખાધા છે. લોભે તો અત્યાર સુધીમાં અનંતા જીવોને દુર્ગતિમાં ધકેલી દીધા છે.

લોભ-અસંતોષ-અપેક્ષા-ઈચ્છા માણસને દોડાવે છે. માણસ જરૂરીયાત માટે પ્રયત્ન કરતો હોત તો ધર્મ માટે પૂરતો સમય મળત પણ માણસ લોભદશામાં દોડે છે માટે ધર્મ કરવા સમય મળતો નથી.

જો માણસે માત્ર આ ભવમાં જીવવા પુરતું જ જોઈતું હોત તો માણસ શહેરનો ફ્લેટ વેંચી ગામમાં જાય તો વગર મહેનતે કાંઈ પણ કામ કર્યા વગર ધર્મ આરાધના કરતો કરતો આરામથી જીવી શકે છે.

પેટ ભરવા માટે દાળ-રોટી મળે તે જરૂરીયાત, એના ઉપર શાક મળે તે સગવડ, એના ઉપર ફરસાણ-મીઠાઈ મળે તો વૈભવ અને પચ્ચીસ આઇટેમ મળે તે સ્ટેટસ કહેવાય.

રેહવા માટે છાપરું મળે તે જરૂરીઆત, દીવાલ મળે તે સગવડ, પંખો મળે તે વૈભવ અને A.C. મળે તે સ્ટેટસ.

ચપ્પલ મળે તે જરૂરીયાત, રીક્ષા મળે તે સગવડ, ટેક્ષી મળે તે વૈભવ અને પોતાની કાર મળે તે સ્ટેટસ.

જરૂરીયાત માટે દોડો તે બરોબર. પણ તમને તો બધું જ જરૂરી ને બરોબર જ લાગે છે. થોડી શાંતિ માટે સગવડ તો જોઈએ જ, વૈભવ હોય તો આપણે સમાજમાં ઉભા રહી શકીએ, સ્ટેટસ હોય તો લોકોમાં વટ પડે, સન્માન મળે તો આપણી મુંછ ઉંચી રહે તથા લોકોને ઈર્ષ્યાથી બાળી શકીએ.

એક car થી ચાલી શકે, પણ આજકાલ તો ઘણા ઘરમાં તો પાંચ પાંચ car કેમ? ચાર વ્યક્તિ વચ્ચે પાંચ કાર રાખવામાં આવે છે. કારણ એક Car બગડે તો spare માં car હોય તો કામ લાગે... જેમ એક car માં wheel કેટલા? ચાર, ના પાંચ, પાંચમું spare wheel રાખવામાં આવે છે. પરંતુ માણસને car માં કેટલા wheel છે તો કહેશે ચાર, ગણતરી વખતે spare wheel ભૂલી જાય છે.

ધર્મ એ આપણા માટે spare wheel સમાન છે. જ્યારે કટોકટી આવે ત્યારે ધર્મ જ કામ આવે છે પરંતુ મોટા ભાગના લોકો ધર્મને spare wheel ની જેમ ભૂલી જ ગયા છે.

જેમ furniture માં થયેલી ઉધઈ ધીરેધીરે આખા furniture ને ખાઈ જાય છે. મરતી વખતે માણસને ખબર નથી પડતી કે આ લોભથી મેં કેટલા પાપ કર્યા? કેટલા ઉંધા ચતા કર્યા? કેટલાને દુઃખ પહોંચાડયા? કેટલાને રોવડાવ્યા? આ પાપથી ભેગા કરેલા રૂપિયાનું મારા મર્યા પછી શું થશે? અને આમને આમ જિંદગી વિતાવ્યા પછી પરલોકમાં મારી કઈ ગતિ થશે? અરે એને તો આખી જિંદગી ક્યાં પૂરી થઇ જાય છે તેની પણ ખબર પડતી નથી.

પરમાત્મા શ્રી મહાવીરસ્વામિના દશ મહાશ્રવાકમાં આનંદ શ્રાવકની ગણત્રી હતી. કેમ? એમની પાસે ધનદોલત મિલકત ઘણી હતી. પરિગ્રહ પરિમાણ વ્રત વાસ્તવમાં લીધું. તેમાં

આજે જેટલું છે તેમાં કાંઈ વધારો કરવો નહિ. પરંતુ ધીરે ધીરે ઘટાડતા જવાનું. જ્યારે આપણું પરિગ્રહ પરિમાણ વ્રત આશા ઈચ્છાનું છે. આજે છે એનું પરિમાણ નહિ પરંતુ મેળવવાની જે ઈચ્છા છે એમાં પરિમાણ મર્યાદા કે ભવિષ્યમાં આટલાથી વધુ ભેગું નહિ કરૂં. જો કે ઠીક છે આ પણ ખોટું તો નથી જ જો વ્યાજબી પરિમાણ હોય તો.

હવે તમે એટલું નક્કી કરો કે જેટલું નવું આવે તેટલું જુનું કાઢી નાખવાનું. નવું T.V આવે, જુનું કાઢી નાખવાનું. નવા કપડા આવે, જુના કાઢી નાખવાના, નવા દશ લાખ આવે તો જુના દશ લાખ સુકૃતમાં વાપરી નાખવાના.

એક લોભી પતિએ બધાની હાજરીમાં પત્નીને કહ્યું મારા મરણ પછી બધી રકમ મારી કોફીનમાં મૂકી દેજે જેથી મને પરલોકમાં કામ આવશે. પત્નીએ હા પડી. પતિ મૃત્યુ પામ્યો પછી એની કોફીન લઇ જવા લાગ્યા. ત્યારે બધાની સામે કોફીન અટકાવી પત્નીએ એમાં એક નાનકડું પર્સ મુક્યું, ત્યારે લોકોએ પૂછ્યું કે શું આટલી નાની પર્સમાં બધી રકમ આવી ગઈ, ત્યારે પત્નીએ કહ્યું હા, સરળતા માટે એમની બધી રકમ મારા ખાતામાં ટ્રાન્સફર કરાવી દઈ એટલી રકમ નો A/C payee ચેક આ પર્સમાં મૂકી દીધો છે.

જો પરલોકમાં રૂપિયા પહોંચતા હોય તો ચેક પણ પહોંચશે જ ને? આ વાત જરાયે ખોટી નથી. પતિએ જે રૂપિયા ભેગા કરવા આખી જિંદગી બગાડી અને પરલોકમાં લઇ જવા પત્નીને આદેશ આપ્યો, એ રૂપિયા અહીં જ રહી ગયાને પોતે પરલોક ભેગો થઇ ગયો જોયું ને ! કેવો છે આ લોભ !

લોભ ને જો જીતશો નહિ તો લોભથી ભેગું કરેલું અહીં જ રહી જશે પરંતુ લોભથી ભેગું કરવા કરેલા પાપો તમને દુર્ગતિમાં જ પહોંચાડશે.

યુવાવસ્થામાં ધનને માટે દોડાદોડી કરી આરોગ્યની કાળજી રાખતો નથી અને પછી વૃધ્ધાવસ્થામાં આરોગ્ય માટે ધન ગુમાવે છે. સરવાળે અંતે તેની પાસે કાંઈ રહેતું નથી.

## હું ક્યાંથી આવ્યો છું? હું ક્યાં જવાનો છું?

જ્ઞાનીઓ કહે છે કે જેણે ધર્મકરણીમાં 'Master' બનવું હોય તેણે તેના ધર્મકાર્યોને એકદમ જીવંત બનાવવા જોઈએ એટલે કે એની ધર્મક્રિયાઓ વગેરે એટલી બધી સુંદર રીતે થતી હોય કે જોનારને ધર્મ કરવાનું મન થઇ જાય.

ધર્મમાં જીવંતતા લાવવા માટે બે વસ્તુઓ સતત નજરમાં રાખવી

૧. હું ભટકતો ભટકતો ક્યાંકથી અહીં આવ્યો છું ને

૨. મારે ભમતા ભમતા ક્યાંક જવાનું છે.

ભટકી રહેલા મેં તમામ ભોગ સુખો અનંતીવાર ભોગવ્યા છે હવે મારે તે છોડી દેવા જોઈએ.

જો હું તેનો ત્યાગ નહિ કરું અને પૂરી આશક્તિથી હજી પણ ભોગવીશ તો મારે ભવિષ્યમાં ખૂબ ભમવું પડશે, ખુબ દુઃખી થવું પડશે એમાંથી ઉગારવા ધર્મ એ જ મારું શરણું બની રહે.

## ધર્મ સાધનામાં ઉલ્લાસ લાવવાનો ઉપાય

આપણી ધર્મ સાધના દા.ત. દેવદર્શન-પૂજા તો કરીએ છીએ પણ કાં તો પહેલેથી પતાવો ભાઈ ! પતાવો દર્શન ! પતાવો પૂજા ! એટલે બીજા કામમાં ઝટ લાગી જવાય. એમ આદર-ઉછરંગ વિના જ દર્શનાદિ કરાય છે યા આનંદથી દર્શનપૂજા શરૂ કરી છીએ પણ એ કરતા કરતા અનુમોદના નથી કરતા, એ આનંદ મળ્યાનો અહોભાવ નથી લાવતા તેથી દેવદર્શન પૂજાદિમાં ધીરેધીરે ઉલ્લાસ મોળો પડે છે. એમાં વચ્ચમાં જડતા-સુસ્તી આવી જાય છે. મન ચંચળ બની બીજા ત્રીજા વિચારોમાં ચાલ્યું જાય છે... એના બદલે દર્શન-પૂજા સુકૃત કરતા કરતા અનુમોદના અને અહોભાવ લાવ્યા કરીએ કે "અહો ! કેવા સાચા વીતરાગ મળ્યા ! અહો ! વીતરાગ દર્શન, વીતરાગ પૂજા, કેવી ભવ્ય ક્રિયા, કેવા ભવ્ય સુકૃત મળ્યા, અહો કેવા મારા અહો ભાગ્ય કે મને આ મળ્યું" આમ વચ્ચમાં વચ્ચમાં મનને "અહો,અહો" થાયને એમાં સાધના કર્યાના આનંદના પૂર ઉછળતા રહે. અર્થાત સુકૃત કરતા કરતા વચ્ચે વચ્ચે એની અનુમોદના, આનંદ ઝળકતો રહે તો ધર્મ સુકૃતમાં ઉલ્લાસ બન્યો રહે, ઉલ્લાસ વધતો જાય.

દેવદર્શન-પૂજાદિનું સુકૃત કરી રહ્યા પછી પણ એની અનુમોદના અહોભાવ મનમાં લાવ્યા કરવાના છે. પૂછો એથી શું લાભ? લાભ આ કે એક તો જોરદાર સુકૃત અનુમોદનાથી સુકૃત કર્યા જેવું નવું પુણ્ય મળે, બીજું એ કે ફરીથી સુકૃત કરવાનો ઉલ્લાસ બન્યો રહે, ત્રીજો લાભ એ કે સાધના કરતા વચ્ચે વચ્ચે આનંદ-અહોભાવ ઝળકયા કરે છે. એટલે સાધનાનો ઉલ્લાસ મોળો ન પડે બલ્કે અખંડ રહે, અરે ! વધતો ચાલે.

સારાંશ દેવ, ગુરૂ અને ધર્મની સાધના તથા ધર્મના અંગો જિનમંદિર, તીર્થ, શાસ્ત્ર, સંઘ વગેરે મળ્યા પર મનને વારેવારે થયા કરે કે 'અહો ! મને તે ઉત્તમ વસ્તુઓની પ્રાપ્તિ? આ મેળવવા સાધવા શી મારી લાયકાત? કશી જ નહિ છતાં મને આ બધું મળ્યું.

'અહો કેવું મારું અહોભાગ્ય !' આમ અહો અહો થયા કરે તેમજ જે જે સુકૃત થયા તેની અનુમોદના યાને આનંદ પર આનંદ થયા કરે. આનામાં સુકૃત સાથે એની અનુમોદના અહોભાવ એ મહાકર્તવ્ય બની જાય છે.

## ધર્મી કોને કહેવાય

ધર્મક્રિયાઓ કરનાર માણસ ધર્મી ત્યારે જ કહેવાય જયારે તેનામાં આ પાંચ વસ્તુઓ જીવંત બનેલી જોવા મળે.

૧. પુણ્યોદયે મળેલા સુખમાં તે કદી લીન ન બને (છકી ન જાય).

૨. પાપોદયે આવી પડતા દુઃખમાં તે દીન ન બને (ડગી ન જાય).

૩. જે પાપો તેને કરવા પડે તેમાં તગડો ન બને (એમાં વેઠ ઉતારે).

૪. જે ધર્મ કરતો હોય તેમાં કટ્ટર રહે (ક્ષીણ ન થાય).

૫. તેની સ્વચ્છ બુદ્ધિમાં તે હીન ન બને, એટલે કે તેની બુદ્ધિ ધર્મ વગેરેની બાબતમાં પછડાટ ન ખાય.

## ધર્મ બરોબર સમજવા નીચેની છ વાતો હૈયામાં ઉતારો

પરમાત્મા ઉપર સંપૂર્ણ શ્રધ્ધા રાખીને તેઓ કદી જુઠું બોલે નહિ ! એ વાત હાડોહાડ જામી ગઈ હોય તો આ વિષયમાં શંકા કે ચર્ચાને કોઈ સ્થાન નથી તો નીચેની છ વાતો આંખ મીચીને સ્વીકારી લેજો.

૧. આત્મા જેવી કોઈ વસ્તુ છે (શરીર તે આત્મા નથી).

૨. આત્મા શરીરથી જુદો હોઈને નીત્ય છે (શરીરની જેમ અનીત્ય નથી).

૩. આત્મા કર્મોને બાંધે છે.

૪. આત્મા કર્મોને ભોગવે છે.

૫. આત્માનો કર્મોથી સર્વથા અને સર્વદા મોક્ષ થઇ શકે છે.

૬. તેવો મોક્ષ પામવાના ઉપાયો આજે વિદ્યમાન છે.

## ધર્મમાં ભાવ લાવવા માટે શું કરવું

ધર્મની આપણે જે પણ ક્રિયાઓ જેવી કે દેવદર્શન, અષ્ટપ્રકારી પૂજા, સામાયિક, પ્રતિકમણ, ચૈત્યવંદન, અનુષ્ઠાનો વગેરે દરેક ક્રિયાઓના અર્થ સમજવા પડશે. જ્યાં સુધી અર્થ નહિ સમજાય ત્યાં સુધી એ બધી ક્રિયાઓ જ રહેશે. પરંતુ અર્થ સમજ્યા પછી જુઓ કેવા ભાવ આવે છે ! અને એ ભાવ આવ્યા પછી તમે મોક્ષની નજદીક જતા હો તેવું લાગશે.

## ધર્મ બરોબર આરાધવો હોય.....

ધર્મના ક્ષેત્રમાં પાપા પગલી એવા ધર્મી જીવોએ ધર્મ કરવામાં સફળતા મેળવવા માટે ત્રણ બાબતોમાં લક્ષ રાખવું.

૧. પુણ્યનો સંગ્રહ કરવો: ખુબ સાદુ જીવન જીવીને જે તે વસ્તુઓના ભોગવટા દ્વારા પૂર્વ ભવોમાં તપ જપની સાધના કરીને ભેગું કરેલું પુણ્ય વેડફી નાખવું નહિ. જિન પૂજા અને જીવદયા કરવા દ્વારા વધુને વધુ પુણ્ય ભેગું કરવું કારણ જો પુણ્યનો સ્ટોક ખલાસ થાય તો જાત જાતની મુશ્કેલીઓ આવીને ઉભી રહે. ડગલે ને પગલે પુણ્યહીનતા નડ્યા કરે. જો પુણ્યનો ખુબ મોટો જથ્થો ભેગો કરાય તો જન્માંતરે મહાવિદેહ ક્ષેત્રમાં પ્રવેશ મળે, તીર્થંકર પરમાત્માના સાક્ષાત દર્શન મળે, ભાવોલ્લાસ થતા દીક્ષા મળે અને મોક્ષની પણ પ્રાપ્તિ થાય.

૨. પાપ-કર્મના ઉદયને નિવારવો: જો બાંધેલા પાપ-કર્મો ઉદયમાં આવી જાય તો ભારે મોટા દુઃખોના વાવાઝોડા ત્રાટકે. એ કર્મ જ્યાં સુધી ઉદયમાં આવ્યા નથી (એ ટાઇમબોમ્બ જ્યાં સુધી ફૂટ્યો નથી) ત્યાં સુધી તેના શાંતિકાળ (આબધકાળ) માં જ તે પાપકર્મોને ધર્મ પુરુષાર્થ કરવા વડે પાછા આકાશમાં ધકેલી દેવા.

૩. નિમિતોથી દૂર રહીને દોષોને નિષ્ફળ કરો: જન્માંતરે તગડા કરેલા દોષો નિમિત મળ્યા વિના પ્રાયઃ જાગી પડતા નથી. તો નિમિતોથી દૂર રહીને દોષોને નિષ્ફળ કરવા કાર્યરત બનો જેથી જીવન પાપમય બનતા અટકે.

## ધર્મ જીવનની પવિત્રતા

આપણે ધર્મની વ્યાખ્યા બહુ ટૂંકી બનાવી દીધી છે. દર્શન, પૂજા, સામાયિક, પ્રતિક્રમણ, યાત્રા વગેરે કરવા, થોડા ઘણા પૈસા ખર્ચવા, બસ આટલામાં આપણો ધર્મ આવી જાય.

શાસ્ત્રકારો ધર્મની વ્યાખ્યા જુદી જ કરે છે. ધર્મ એટલે પ્રથમ વાણી વર્તન અને વિચારમાં શુદ્ધિ આવવી જોઈએ. અન્યાય, અનિતી, છળ પ્રપંચથી પૈસા ભેગા કરીને પછી ખર્ચે એટલે લાગે કે કોઈ મોટો દાનવીર ધર્માત્મા છે.

શ્રાવકના પ્રથમ ગુણમાં ન્યાય સંપન્ન વૈભવ કહેલો છે. જીવનની પવિત્રતા એ ધર્મનો પાયો છે. આવો ધર્મ આરાધના રૂપી ધર્મ કહેવાય છે. આપણે અત્યારે ક્રિયાકાંડમાં મગ્ન થયેલા છીએ એમાં જ ધર્મનું સાચું સ્વરૂપ સમજીને બેઠા છીએ.

મન-વચન-કાયાને શુદ્ધ કરે તેને કહેવાય ક્રિયા, ધર્મ બધું જ આપે. જો સાચા અર્થમાં ધર્મ કરશો તો એ ધર્મ તમને તારનારૂ બનશે. તેમજ તમારી જીવન જરૂરીયાતની તમામ સામગ્રી પૂરી પાડશે. ધર્મ કરનાર નિતિમાન હોવો જોઈએ.

ધર્મનું પહેલું લક્ષણ: મૈત્રી, પરહિત ચિંતા.

ધર્મનું બીજું લક્ષણ: કારૂણ્ય, બીજાનું દુ:ખ જોઈને મન પીગળી જાય.

ધર્મનું ત્રીજું લક્ષણ: પ્રમોદ, બીજાનું સુખ જોઇને આનંદ થવો.

ધર્મનું ચોથું લક્ષણ: માધ્યસ્થ-ઉપેક્ષાભાવ.

આજે આપણા ચિતમાં પરમાત્મા નહિ પણ પદાર્થો ભરેલા છે. ચોવીસે કલાક પદાર્થોની વિચારણા ચાલે છે. અરે ! પરમાત્માની ભક્તિ કરવા દેરાસરમાં જઈએ ને ત્યાં આપણા ચિતમાં સંસાર છવાયેલા રહે છે. ખરેખર તો સમસ્ત પ્રવૃતિમાં ભગવાન છવાયેલા હોવા જોઈએ. ભગવાનનું નામ લેવાનું પણ આપણને ટાઇમ નથી.... રોજ કાંઈ લાખોના દાન આપવાના હોતા નથી કે રોજ માસક્ષમણ કરવાના હોતા નથી " પણ રોજ ભગવાનનું નામ સ્મરણ તો શક્ય બને ને !"

શુભ કર્મોને ઉપાર્જન કરીને પુણ્ય મેળવો, શાંતિ મેળવો, એ માટે પ્રભુના માર્ગને, સાચા ધર્મને તો સમજવો પડશેને. અનંતા જન્મોના કર્મો ભોગવતા તો નાકે દમ આવી જાય. બધા કર્મોનો થોડા સમયમાં જો ક્ષય કરવો હોય તો જિનભક્તિ દ્વારા પૂર્વે કરેલા કર્મોનો ખાતમો બોલાવી શકાય.

ભગવાનના નામનો જાપ એ ઉત્તમ સાધન છે. હજાર રૂપિયાની નોટો ગણતા હોઈએ ત્યારે કેટલા આનંદથી અને એકાગ્રતાથી ગણતા હોઈએ. તે ગણતા ક્યારેય કંટાળો આવે કે થાક લાગે ખરો? ના, જો આવો આનંદ અને એકાગ્રતા જો ભગવાનના નામનો જાપ કરવામાં આવી જાય તો કર્મોનો ખાતમો થયા વિના ન રહે.... ભક્તિનો પણ રસ હોય છે, તેનો પણ સ્વાદ હોય છે. એટલું તો ચોક્કસ જ ને કે જાપ કરતા કરતા પાપનો બંધ તો નહિ જ થાય ને.

પદાર્થોનું સ્મરણ કરવાથી પદાર્થો મળી જ જવાના છે? ઉલટાનું આર્તધ્યાનથી પાપનો

બંધ થશે, અંત સમયે એક ક્ષણ પણ જો પ્રભુજીનું નામ સ્મરણ થઇ જાય, યાદ આવી જાય તો સદગતી થાય છે.

અરે ! પાંચ મિનિટનું કરેલું સ્મરણ જો ઉત્તમગતિ આપતું હોય તો કલાકો,મહિનાઓ ને વર્ષો સુધી કરેલું પ્રભુનું સ્મરણ શું ન આપે ! અને જો અંત સમયે જો પદાર્થોનું સ્મરણ રહે તો શું થાય? દુર્ગતિ જ ને ! માટે હવે પદાર્થોનું સ્મરણ છોડીને પ્રભુનું સ્મરણ ચાલુ કરી દો.

શાસ્ત્રોમાં અનેક મહાનુભાવોની વાત આવે છે, અનેક કુકર્મો કરનારો આત્મા જો પ્રભુના શરણે જાય તો તરી જાય.... આવું કર્મનું વિજ્ઞાન જૈન શાસ્ત્રો સિવાય ક્યાંય જોવા મળતું નથી.

માણસ ભલે ત્રણે ટાઈમ ખાતો હોય પણ ફક્ત નવકારશી અને ચોવિહાર જેટલા વર્ષથી કરતો હોત તો તેને તેના અડધા વર્ષોનું ઉપવાસનું ફળ મળે છે.

આજે ચારે બાજુ આહાર સંજ્ઞાની જ બોલબાલા છે. મુંબઈની ખાઉધરા ગલીમાં જઈને જુઓ તો જાણે દુષ્કાળમાંથી ન આવ્યા હોય તેમ માણસો ઉભા ઉભા જ મિજબાની ઉપાડતા હોય ! ઢોર હંમેશા ઉભા ઉભા જ ખાય... આપણી સરખામણી કોની સાથે થાય? વિચાર કરો..... આ આહાર સંજ્ઞા ક્યાં લઇ જશે !

તપ એ આહાર સંજ્ઞા તોડવા માટે છે. પણ આજના યુગમાં તો એવું લાગે છે કે જાણે માણસ આહાર સંજ્ઞા વધારી રહ્યો છે. પારણામાં જુઓ તો ૨૫-૩૦ આઇટેમો, ઉતર પારણામાં જુઓ તો અનેક જાતની આઇટેમો, ઉપવાસ કરવા હોય તો ઉતર પારણામાં એટલું બધું ઠાંસી ઠાંસીને ખાશે જાણે આવતી કાલનું સાટું ન વાળતો હોય... તેના પરિણામે આરોગ્ય સુધરવાને બદલે બગડે છે. વળી પારણામાં કાંઈ ઓછું વત્તું આવે તો મિજાજ આસમાને પહોંચે છે... તપ તો સમતાથી કરવાનો છે.

ઉણોદરી તપ... ચારે ઇન્દ્રીઓનો આધાર આ જીભ ઉપર છે. સંસારના સર્વે કલેશો જીભને આભારી છે. શરીરના રોગોનો મોટો ભાગ જીભ(સ્વાદ) જ ભજવે છે. ચોવીસ કલાક માણસની ચક્કી ચાલુ જ છે. ઉણોદરી તપમાં ભૂખ હોય તેનાથી થોડું ઓછું ખાવું દા.ત. તમે ચાર રોટલી ખાઈને પેટ ભરતા હો તો એક કે અડધી રોટલી ઓછી ખાવી. આ તપથી ઘણા રોગો અટકી જાય છે. આ તપ આમ સહેલું છે તેમ કઠીન પણ છે. કારણકે માણસને જ્યારે ભાવતું ભોજન મળે ત્યારે તપને ભૂલી જઈને ઠાંસી ઠાંસીને ખાય છે. આ એક જ તપ એવું છે કે તમે ત્રણ ટાઇમ ખાવ છતાંય તપ કહેવાય.

માનવની મૂડી: આ જગતમાં મનુષ્ય જન્મ અત્યંત દુર્લભ છે. એ જન્મ પ્રાપ્ત કરીને શું કરવું એ મોટામાં મોટો પ્રશ્ન છે. માનવી પાસે વિચારધારા છે. બાકી પશુઓ તો કાંઈ વિચારી શકે નહિ. એ તો બસ આહારસંજ્ઞા, ભય સંજ્ઞામાં જ ડૂબેલા રહે છે. દેવો પોતાના સુખમાં મસ્ત છે તેથી તેઓને કાંઈ વિચારવાની ફુરસદ પણ નથી. નારકીના જીવો યાતનામાં પીડાઈ રહ્યા છે તેથી ત્યાં પણ કોઈ વિચાર ધારા નથી. ફક્ત વિચારવાની મહામુડી માનવી પાસે જ છે.

૧. આજે મોટો વર્ગ પુણ્ય ફેંકી રહ્યો છે અર્થાત વેડફી રહ્યો છે. તમે મોજશોખમાં જ ધનને વેડફી નાખો છો ને ! ફરવા જાવ ત્યાં ૫-૫૦ હજાર ખર્ચીને આવો પણ એમ કોઈ દીવસ ન વિચારો કે આપણે ગરીબ કુટુંબને મદદ કરી હોત તો? તો શું તમારે પુણ્યને આમજ વેડફી નાખવાનું છે.

૨. કેટલાક માણસો પુણ્યથી મળેલી લક્ષ્મીને સાચવી રાખે. થોડી ઘણી વાપરે પણ સદકાર્યમાં વાપરી પુણ્ય ઉપાર્જન કરવાનું ન સૂઝે.

૩. કેટલાક માણસો પુણ્યને ખાઈ જવાનું કામ કરતા હોય છે. ઉડાઉ માણસ જેમ આવે તેમ જ્યાં ત્યાં પૈસાની ફેંકાફેંકી જ કરતો હોય.

૪. કેટલાક માણસો સારા કાર્યો દ્વારા બીજાનું ભલું કરવા દાન-દયા-પરોપકારથી પોતાના પુણ્યનો વધારો કરતા હોય છે.

આ ચાર પ્રકારના માણસોમાં તમારો નંબર શેમાં?.... વિચારજો.

## જીવનમાં અશાંતિ

સરકારે પ્રજાને "ઉત્પાદન વધારો" સુત્ર આપ્યુ અને જનતાએ ઝીલી લીધું પરંતુ પચ્ચાસ વર્ષ પહેલા દેશમાં જે શાંતિ હતી તે ઉત્પાદન વધારવાથી વધી કે ઘટી?

ઉત્પાદન ખુબ જ વધ્યું. આપણે બધું નિકાસ કરવા માંડ્યા. ચીજ-વસ્તુઓના ઢગલા થવા માંડ્યા. પણ શાંતિ ક્યાં? માણસ તો ઉલટાનો અશાંત બન્યો. ચીજ વસ્તુઓ વધતા માણસ નમાલો અને નકામો બની ગયો. રોગો નું ઘર બની ગયું.

દરેક કામના મશીન, કચરો કાઢવાનું - કપડા ધોવાનું - અનાજ દળવાનું – વાસણો સાફ કરવાના વગેરેના મશીન આવતા માણસના હાથ-પગ નકામા થઇ ગયા. કામ કરવાથી જે શરીરને કસરત મળતી તે બંધ થઇ ગઈ. તેથી કેડના રોગો, પગના રોગો ઘર કરી ગયા, શરીર બેઢંગા થવા લાગ્યા. ચરબી વધી ગઈ. પહેલા અમારી બહેનો બધું જ કામ પોતની જાતે કરતી તેથી એંશી વર્ષની ઉમરે પણ એ પાંચ-સાત કિલોમીટર ચાલી જતી. શરીર પણ કસાયેલું અને સુડોળ રહેતું.

અત્યારે તો રાંધવા માટે ઉભા રસોડા, ઉભા ઉભાજ રસોઈ કરવાની તેથી પગના સાંધા અકળાઈ જાય. અરે ખાવા માટે પણ ડાઈનીંગ ટેબલ. આપણા પૂર્વજોએ વર્ષોનાવર્ષો વિતાવ્યા છે.... નીચે બેસીને ખાવાથી અમુક અવયવો ને દબાણ મળે છે. જેથી શરીરમાં ઘણાં ફાયદા થતા પણ આજે ડાઈનીંગ ટેબલ ન હોય તો તમારૂં સ્ટેટસ નીચે પડી જાય. ખાવામાં પણ છરી-કાંટા-ચમચી. હાથ તમને આપ્યા છે શેના માટે? હાથમાંથી અમૃત ઝરે છે. હાથમાં આખા શરીરની ઈલેક્ટ્રીકસીટી છે. માઁ પોતાના હાથથી જ દીકરાને કોળીયો લઈને ખવડાવે છે. એમાં હાથનું અમૃત ભરેલું હોય છે.

મહાપુરુષો પણ આશીર્વાદ આપવા માટે માથા પર હાથ મૂકે છે. માથામાં સુષમ્ણા નામની નાડીનું દ્વાર છે. તેના પર હાથ મુકતા જ આશીર્વાદ સીધા અંદર ઉતરે છે જેમ વરસાદ વરસે ને પાણી જમીનમાં ઉતરી જાય.

આજના બધા સાધનો ખરેખર જોવા જઈએ તો માણસને વિનાશના પંથે લઇ જનારા છે. ઉત્પાદનના વધારાએ જે શાંતિ હતી તેને પણ હણી લીધી છે ખરેખર તો "ઉત્પાદન વધારો" ની જગ્યાએ "જરૂરીયાત ઘટાડો" એ સુત્ર અપનાવવાની જરૂર છે.

અમારે કોઈ જરૂરીયાત નથી માટે કેવા નિશ્ચિત છીએ. નિજાનંદમાં ડૂબેલા છીએ. જ્યારે તમારે તો સવાર પડે ને કોઈ ને કોઈ વસ્તુની જરૂર ઉભી થાય એટલે પછી મગજની દોડધામ શરૂ, માટે શાસ્ત્રકારો કહે છે કે તમે તમારી જરૂરીયાત ઘટાડો. જીવનમાં શાંતિ આપ મેળે આવશે. આપણી પાસે શક્તિનો અખૂટ ખજાનો છે. આત્મામાં જ આનંદ સુખ ભરેલા છે. આપણે અંદર નજર નાખતા જ નથી. બહારના પદાર્થો પાસેથી સુખ અને આનંદની ભીખ માંગ્યા જ કરીએ છીએ. આખી જિંદગી ભીખ માગવા છતાં નથી તો સુખ મળતું કે નથી તો આનંદ મળતો.

પરમકૃપાળુ પરમાત્મા કરૂણાથી આપણને સમજાવી રહ્યા છે. ધર્મનો માર્ગ માનીએ તેટલો અઘરો નથી. છે તો સરળ જ પણ તેને પહેલા મગજમાં બરોબર બેસાડવો પડશે. પણ આજે માણસના મગજમાં જાત-જાતની ચિંતાઓ ભરેલી પડી છે. સંસારની ચિંતામા ધર્મને વિચારવાની ફુરસદ જ ક્યાં છે?

જે જન્મ મળ્યા પછી સ્વર્ગ અને મોક્ષ સુધી પહોંચી શકાય તેવો દુર્લભ માનવભવ મળ્યા પછી જો આમ વેડફી નાખશો તો દુઃખનો અંત ક્યારે આવશે? દીર્ઘદ્રષ્ટિથી વિચાર કરો તો તમને સમજાય કે ધર્મ કેવો અમૂલ્ય છે. તમે તમારી જાતની સરખામણી તો કરો કે પેલા ઝુપડપટીમાં વસતા લોકો કરતા અમે ક્યાંય સુખી છીએ, શા માટે? તમારી પાસે કાંઈ વિશિષ્ટ વસ્તુ છે માટે જ ને ! તો ખબર નથી કે તમે કેટલા અને કેવો ધર્મ કરી રહ્યા છે. પણ પૂર્વભવમાં કરેલો ધર્મ તમને ચોક્કસ શાંતિ આપી રહ્યો છે.

## દીક્ષા ભવજલ તારિણી

અઢારે પાપસ્થાનક ઉદગમ સ્થાનભૂત આગાર (ઘર) ને ત્યાગે છે. ધરતીનો છેડો ઘર ઇત્યાદિ વચનોથી જ્યારે સંસારીઓ ઘરની મહતા ગાય છે, ત્યારે આ ત્યાગ નાનો સુનો નથી.

તમામ સારી-નરસી પ્રવૃતિઓમાં કેન્દ્ર સ્થાને રહેલું અને અહંકારનું વાંદરૂં જે ખીલ્લે બંધાઈ કુદાકૂદ કરે છે તે અભિધાન (નામ) ત્યાગ.. જે નામ ભરત ચક્રવર્તી જેવાને રડાવી નાખ્યાં, તે નામનો ત્યાગ એટલે એની સાથે વળગેલા તમામ સંબંધો, સ્મૃતિઓ અને વળગણો નો ત્યાગ.

અભિમાનના પ્રતીકરૂપ કોલર, લોભના પ્રતીકરૂપ ખીસ્સા અને ફેશન મોહના પ્રતીકરૂપ ડીઝાઈનાદિથી ભરેલા વેશનો ત્યાગ. સફેદ કપડા પહેરવા, પટ્ટાવાળા પેન્ટ છોડી ચોલપટ્ટા પહેરવા.

વાત્સલ્યમયી માતા, પ્રેમાળ પિતા, સ્નેહ છલકતી બહેન, સહભાવ ધરાવતો ભાઈ અને બીજા સ્વજનોને પર્જન ગણી છોડી દેવાના. જેઓ સાથે આજ લગી જે સંબંધ નિભાવ્યો-અનુભવ્યો તે હવે સ્વપ્નમાં પણ સંવેદિત ન થાય તે જોવાનું રહ્યું. ધન સંપત્તિ ત્યાગ,

આખી દુનિયા જેને દેશમાં પ્રાણ ગણી જેની પાછળ પાગલ બની છે, તે અર્થત્યાગ સાધુની ગજબની ખુમારી છે. જિનવચન પર અને ગુરૂ નિશ્રા પર અખંડ શ્રધ્ધાનું પ્રતિક છે.

ચપ્પલથી માંડી પ્લેન સુધી વાહન, સાબુથી માંડી શેમ્પુ સુધીની ફેશન, સોફાસેટથી માંડી ફ્રીઝ અને રેડીઓ થી માંડી કેબલ ટી.વી. સુધીના, ટૂંકમાં બધાજ સાધનો નો ત્યાગ, વાહનોના આ કાળમાં ચાલવું એ માત્ર શોખ બની રહ્યું છે. આવા કાળમાં માત્ર પગે જ ચાલવું એ કેટલામી અજાયબી ગણાય.

આવો સાધુ દીક્ષા દીનથી લોચ-વિહાર-સ્વાધ્યાય-સેવા-સહાય-વૈયાવચ-બ્રમ્હચર્ય-તપ-ત્યાગ તેમજ સંપૂર્ણ ગુરૂ સમર્પણ પરતંત્ર્ય આ ઉત્તરોત્તર વધુ કઠીન ગણાતા ગુણ ધર્મ માટે મચી પડે છે.

આજની દીક્ષાથી મોક્ષ નહિ મળે કે આ ભવમાં આકાશગામિની આદિ લબ્ધિ પણ નહિ મળે; છતાંય મહત્વ જરાય ઓછું થતું નથી, કેમકે અઢાર પાપસ્થાનકોના દાવાનલમાંથી બચવાનું અને તે બધાના સતત સંપર્કથી જે સંસ્કારો પડ્યા છે તે તોડવાનું, કર્મના અનુબંધને ઢીલા પાડવાનું, શુભ સંસ્કારો સર્જવાનું, ઉતરોતર વિશુદ્ધતર સામગ્રી મળતી રહે તેવું પુણ્ય સર્જવાનું અને ભવિષ્યમાં દીક્ષા શબ્દ સાંભળતા ગમી જાય. જાતિ સ્મરણ જ્ઞાન કરાવી દે, યાવત પરમાત્માના ચરણે ચરણ(સંયમ) સ્વીકારી લેવાનું મન થાય. આ બધા કારણભૂત-બીજભૂત વર્તમાન દીક્ષા છે. વર્તમાન દીક્ષા એ અષાઢ મહિનાની વાવણી રૂપ છે. પરભવમાં વિદેહ જેવા ક્ષેત્રોમાં તીર્થંકરાદિ, વિશિષ્ટ ગુરૂતત્વોનો સંયોગ અને તેઓની નિશ્રામાં દીક્ષા સાધના એ આશો મહિનાની લણણી સમાન છે.

સંસારમાં રહી જે જે પ્રવૃતિઓ કરવાથી આશ્રવ થતો હતો, જેના પ્રભાવે તે તમામ પ્રવૃતિઓમાં સંવર બને.... જેની પ્રાપ્તિ સાથે જ પાંચ સમિતિ-ત્રણ ગુપ્તિરૂપ આઠ માતાની હુંફ રક્ષણ મળે. જેના સંપર્કથી રંક રાજા બને, દાસ દેવ બને, ચાકર ઠાકર બને, કથીર કંચન બને, ખૂની મુની બને, ભોગી યોગી બને એ ભગવતી પ્રવજ્યા સર્વ વંધ છે, પૂજ્ય છે.

## સંયમ કબ હી મિલે

દીક્ષા લેવા જેવી લાગે છે, લેવાની ઈચ્છા પણ થાય છે.... પણ ભાવ નથી થતા, હિંમત નથી ચાલતી, ઉત્સાહ નથી... સંજોગો નથી... જો આવી જ તમારી ફરીયાદ હોય તો ઉપાય અજમાવો.

મુમુક્ષુ(દીક્ષાર્થી)ના વરસીદાનના વરઘોડામાં આપણે જોવાથી નહિ, જોડાવાથી જ ધન્ય બનીશું. આમાં દીક્ષાર્થીનું બહુમાન છે. સંયમી સાધુ/સાધ્વી ભગવંતોનું બહુમાન છે. જૈન ધર્મનું-મોક્ષનું બહુમાન છે, યાવત અરીહંત પરમાત્માનું બહુમાન છે (સમય અને સંજોગો અનુકુળ હોવા છતાં પ્રમાદથી જો ન જોડાઇશું તો અજાણતા આ બધા બહુમાનથી વંચિત રહેવાનું નુકશાન અને ઉપેક્ષાનો દોષ લાગશે) માટે અવશ્ય ઉઘાડા પગે, બની શકે તો સંપૂર્ણ ગોરવવંતા ભારતીય વેશમાં આ વરઘોડામાં જોડાશો.

દીક્ષામાં પધારો... દીક્ષાની મહાપવિત્ર ક્રિયાને નિહાળો... દીક્ષાર્થીના કાયમ માટે સામાયિક વ્રત લેતી વખતના વૈરાગ્યને જુઓ.... પ્રાણ થકી પ્યારો ઓઘો મળતા...

આનંદથી નાચતા દીક્ષાર્થીને જોઈ આપણે રહી ગયાના અફસોસ સાથે આંસુ વહેડાવો.....

સંસારની આશક્તિ ઉતારતા ઘરેણા ઉતારતા દીક્ષાર્થીના અનાશક્ત ભાવોને જુઓ....

દીક્ષા જીવનના વિવિધ ઉપકરણોના દર્શન-મહત્વને સમજી પામવાના મનોરથ કરો.... સાધુના પવિત્ર વેશમાં દીક્ષાર્થીને જોઈ આંખને ઠારો, હૃદયને પુલકીત કરો....

અનંત કર્મોને તોડી, શરીરનો મોહ અને બહારના ઠઠારાને પાપરૂપ માની લોચ કરવાની એ દીક્ષિતના દર્શનથી રોમાંચિત થાવ....

ભગવાનને ત્રણ પ્રદક્ષિણા દેતા દીક્ષાર્થીને અક્ષતથી વધાવી ઓવારણા લ્યો અને એમને અખંડ સંયમ જીવન દ્વારા ખુબ ઉંચાઈ પહોંચવાના આશીર્વાદ શુભેચ્છા આપો....

નુતન દીક્ષિતના કાન-હૃદય-આત્માને પવિત્ર કરતા નવા નામની જાહેરાત ઉત્કંઠિત હૈયે વધાવી લ્યો....

નુતન દીક્ષિતને ભાઈઓ અને બહેનો વંદન કરી ચારિત્ર અટકાવનારા કર્મોના કચ્ચરઘાણ બોલાવે.

નુતન દીક્ષિતને મુખે સૌ પ્રથમવાર ધર્મલાભ શબ્દ સાંભળતા સાંભળતા જાણે કે ત્રણ લોકનું રાજ મળ્યું તેમ માની હર્ષઘેલા થઇ નાચી ઉઠો.....

અંતે, આવો દીક્ષા મહોત્સવ મારો ક્યારે થાય? એવી તીવ્ર ઝંખના ઉભી કરતા કરતા દેરાસરમાં નુતન દીક્ષિત સાથે દર્શન કરવા પધારો....

એક દિવસનું સંયમ જીવન મોક્ષ અથવા દેવલોકમાં લઇ જવા સક્ષમ છે.

આ છે અણગાર અમારા...

## સંયમ લેવા માટે પડાપડી

શાલ અને મહાશાલ નામના બે ભાઈઓ છે. બન્ને વચ્ચે ગાઢ પ્રિતી છે. એક રાજા છે, બીજો યુવરાજ છે. ન્યાય-નીતીથી રાજ્ય ચલાવે છે. પ્રજાને સુખે સુખી અને દુઃખે દુઃખી. એક વખત એમની નગરીમાં ગુરૂ ગૌતમસ્વામી પધારે છે. એમની દેશના સાંભળવા હજારો લોકો ભેગા થયા છે. ગૌતમસ્વામી મહારાજા દેશના શરૂ કરે છે. સંસારની અસારતા સમજાવે છે. આ સાંભળી બન્ને ભાઈઓએ તરત જ અમલમાં મુકવાનું શરૂ કર્યું. બન્ને જણા સંસાર છોડવાની વાત કરે છે. શાલ મહાશાલને કહે છે કે ભાઈ તું રાજ્ય સંભાળ અને મને દીક્ષા લેવાની રજા આપ. મહાશાલ શાલને કહે છે કે ભાઈ તમે રાજ્ય સાંભાળો અને દીક્ષા લેવાની રજા આપો. આમ બન્ને વચ્ચે સંયમ લેવા માટે રકઝક ચાલે છે.

બધે રાજ્ય લેવા માટેના ઝઘડા હોય જ્યારે અહીં રાજ્ય છોડવા માટેના ઝઘડા ચાલે છે. છેવટે વચલો માર્ગ કાઢે છે. પોતાની બહેન હતી. તેને એક પુત્ર હતો. બેન-બનેવી અને ભાણીયાને બોલાવે છે. પોતાની ભાવના વ્યક્ત કરે છે. ભાણેજ અને બનેવી રાજ્યની સંભાળનો સ્વીકાર કરે છે. અને મહોત્સવપુર્વક બન્ને ભાઈઓ દીક્ષા લે છે. ખુબ સુંદર આરાધના કરતા વિચરે છે.

## એક બીજાના ગુણો જોતા જોતા....

ઘણા સમય પછી વિચરતા વિચરતા એ પ્રદેશમાં આવે છે. શાલ મહાશાલ નજીક રહેલી પોતાની નગરીમાં જવાની ઈચ્છા વ્યક્ત કરે છે. શ્રી ગૌતમ સ્વામી મ.સા. બન્નેને લઇ ને તેમની નગરીમાં આવે છે. પ્રજા પોતાના ભૂતપૂર્વ રાજાને જોઇને હર્ષઘેલી બની છે. શ્રી ગૌતમસ્વામી મહારાજ દેશના આપતા સંસારની અસારતા સમજાવે છે. શાલ-મહાશાલના સંસારી બેન-બનેવી-ભાણીયા પર દેશનાની ઘણી ઊંડી અસર થાય છે. ત્રણે જણા સંયમ લેવાની ભાવના બતાવે છે. તેઓ ગૌતમસ્વામીજી પાસે સંયમ ગ્રહણ કરે છે.

વિહાર કરતા કરતા શાલ મહાશાલ વિચાર કરે છે કે આ લોકો કેવા સારા છે, આપણને દીક્ષા લેવા માર્ગ મોકળો કરી આપ્યો. પોતે આંટી-ઘૂંટી ને પ્રપંચથી ભરેલા આપણા રાજ્યને સ્વીકારીને આપણને મુક્ત કર્યા. કેવા સજ્જન છે ! આમ અહોભાવથી તેમને નમસ્કાર કરે છે. મનમાં એમના ગુણોના જ વિચાર કરે છે.

આ બાજુ એમની સંસારી બેન વિચાર કરે છે કે મારા ભાઈ કેવા સારા છે? બહેનને પરણાવ્યા પછી પિયરમાં શું હક્ક હોય? છતાં પોતાનું આખું રાજ્ય મને આપી દીધું ! કેવી ઉદારતા ! બનેવી વિચાર કરે છે કે આ સાળાઓ મને કેવા સારા મળ્યા ! રાજ્ય લેવા માટે તો કેટલી લોહીની નદીઓ વહેવડાવી પડે. જ્યારે વિના મહેનતે સામેથી રાજ આપ્યું. એટલું જ નહીં પણ અમે રાજ્યમાં ખૂંચી ન જઈએ માટે અમને તારવા સામેથી આવ્યા. ભાણીયો વિચારે છે કે મામા કેવા સારા છે? આમ ત્રણે જણા પોત પોતાની રીતે વિચારે છે. બનેવી સાળાનો વિચાર કરે છે. સાળા બનેવીનો વિચાર કરે છે. પાંચે જણા એક બીજાના ગુણોને જ જુએ છે. રસ્તામાં ચાલતા ચાલતા જ પાંચે જણા એકબીજાના ઉચ્ચગુણોની વિચારધારાએ ચડે છે અને ગુણોની વિચારધારા એમને ક્યાં લઇ ગઈ ! ક્ષણમાં જ બધા કર્મોનો ભૂક્કો બોલાવી પાંચે જણા નિર્મળ કેવલજ્ઞાન/કેવલદર્શનને પામ્યા.

"ગુણાનુરાગથી એ આત્માઓ તરી ગયા."

## જિનાજ્ઞાકિંત સમાજ...!

રાજસ્થાનના માધોપર વિસ્તારના લગભગ ૮૦ ગામડામાં શ્વેતાંબર પદ્માવતી પોરવાલ જૈન સમાજમાં એક આચાર છે. બારેમાસ રાત્રિભોજનનો ત્યાગ. બાળકથી વૃધ્ધ સુધી કોઈ પણ રાત્રિ ભોજન કરતું નથી. પરિવારના દરેક સભ્ય આ આચાર અચૂક પાડે છે.

આટલાથી અટકતું નથી, લગ્ન હોય, સમારોહ હોય કે કોઈ બીજા ઉત્સવ હોય એ નિમિતે થતો ભોજન સમારોહ સુર્યાસ્ત પહેલા જ થાય છે આ આજકાલની વાત નથી. કેટલી પેઢીઓથી ચાલતું જ આવે છે.

આ કાળમાં તો ખૂબ જ અનુમોદનીય છે.

B

## વિરતી(નીયમ) માં આવતા... અકલ્પનીય?

કમલપૂર નામના નગરમાં કમલસેન રાજા હતો. તે નગરમાં એક નિમિત્તિયો આવ્યો. એની સાધના જબરી હતી. એવું સચોટ જ્ઞાન પ્રાપ્ત કરેલું હતું કે તે જે કાંઈ કહે તે કદી ખોટું પડે જ નહિ. રાજસભામાં નિમિત્તિયો આવે છે. રાજાએ સ્વાભાવિક જ પૂછ્યું કે બોલો તમાર જ્ઞાનમાં હમણાં શું જણાય છે? તેણે જ્ઞાનના બળથી કહ્યું કે ૧૨ વર્ષનો ભયંકર દુકાળ પડશે આપને જે બંદોબસ્ત કરવો હોય તે કરી લેજો.

આ સાંભળીને રાજા ચિંતાતુર બની ગયો. પ્રજા ને બાર-બાર વર્ષ સુધી બચાવવા કેવી રીતે? બધા ઉદાસ બની ગયા. સંગ્રહ પણ કેટલો કરી શકાય? અન્ન-પાણી કેટલા સંઘરવા? તો દેશ છોડીને ચાલી નીકળવું? એ પણ ક્યાં શક્ય છે? પ્રજાનો જામેલો ધંધો, ઘરબાર વગેરે છોડીને જવું કાંઈ સહેલું થો઼ છે?

ચોમાસું નજીક આવવા માંડ્યુ આકાશમાંથી આગ વરસી રહી હતી. રાજાને લાગ્યું કે નિમિત્તિયાની વાત સાચી પડશે. અષાઢ મહીનો ઉતરવા આવ્યો. ત્યાં એક દીવસ આકાશમાં વાદળું દેખાયું. વાદળું મોટું થઇ ગયું અને થોડીવારમાં તો અનરાધાર વર્ષા શરૂ થઇ. પૃથ્વી જળબંબાકાર બની ગઈ.

લોકો વિચારમાં પડ્યા કે નિમિત્તિયાનું વચન ક્યારેય ખોટું પડતું નથી. નિમિત્તિયાને બોલાવીને પૂછ્યુંકે આમ કેમ થયું? તેણે કહ્યું, રાજન ! મારા જ્ઞાન પ્રમાણે ગ્રહોની દશા જોઇને કહ્યું છે કે આ વૃષ્ટિ શક્ય જ નથી? આ તો કોઈ ચમત્કાર જ લાગે છે.

થોડા સમય પછી તે નગરમાં યુગંધર નામના જ્ઞાની ગુરૂ ભગવંત પધાર્યા. રાજા અને પ્રજા બધા એમની દેશના સાંભળવા ગયા. દેશનાના અંતે રાજાએ પૂછ્યું કે ભગવંત ! એક પ્રશ્ન ઘણા વખતથી મનમાં ઘોળાઈ રહ્યો છે. આપ એનું નિરાકરણ કરો. ગુરુભગવંત કહે છે કે નિમિત્તિયાનું જ્ઞાન સાચું છે પણ તારા નગરમાં એક મહાપુણ્યશાળી વ્યક્તિનો જન્મ થયો છે. તેના પ્રભાવથી તારો આખો દેશ દુકાળમાંથી બચી ગયો. રાજા આશ્ચર્ય પામ્યો. તેણે પૂછ્યું ભગવંત ! એવું તે કેવું પુણ્ય તેણે બાંધ્યું હશે કે જેનાથી આવડી મોટી આફત દેશ પરથી ટળી ગઈ? અને એ પુણ્ય તેણે બાંધ્યું કેવી રીતે?

ગુરુભગવંત કહે છે કે સાંભળ: એક નગરમાં એક છોકરો હતો, તેના મા-બાપ મરી ગયા હતા. મા-બાપ વિનાનો અથડાતો કુટાતો ભીખ માંગીને પોતાનું પેટ ભરતો હતો. ભીખમાં જે મળે તે ખાવાથી તેના શરીરમાં કોઢ રોગ વ્યાપી ગયો હતો. કોઢ એ ચેપી રોગ ગણાતો... જેથી બધા તેને ધીકારવા લાગ્યા.... બિચારો જાય પણ ક્યાં? એમાં એક દીવસ તેણે સાધુ મહાત્માને જોયા. તેને થયું કે આમને મારી વાત કરૂ, તેઓ જરૂરથી કાંઈક રસ્તો બતાવશે. તેણે મહાત્માને વાત કરી. ભગવંત ! મારા ઉપર ઉપકાર કરો, બધા લોકો મને તિરસ્કારે છે. કોઈ આંગણે ય ઉભું રહેવા નથી દેતું. ખાવાનું પણ કોઈ આપતું નથી. એવી કોઈ ઔષધી બતાવો જેથી મારો રોગ મટે. જગતમાં સાધુ-સંતો જ એવા છે કે જે દુઃખીયાની વાત સાંભળે અને તેની સંભાળ લે છે. બાકી સુખી વર્ગ તો પોતાના સુખમાં ડૂબેલો હોય છે.

તેને કોઈ દુઃખીયાના દુઃખની કલ્પના પણ આવતી નથી.

સાધુ ભગવંતે કહ્યું જો તારે રોગમાંથી મુક્ત થવું હોય તો પહેલા તું વિરતી(નિયમ) માં આવી જા. પછી ખાવા પર પૂરતો સંયમ રાખે તો જ આ રોગ મટશે. છોકરો પણ રોગથી ખૂબ જ ત્રાસી ગયો હતો તેથી તેણે વિરતીમાં એટલે કે પચ્ચક્ખાણમાં આવવા તૈયાર થયો. તેણે કહ્યું ભગવંત મને નિયમ આપવો હોય તે આપી ધ્યો.

સાધુ ભગવંતે કહ્યું તારે રોજ ફક્ત એક અનાજ, એક વિગઈથી એકટાણું ને પાણી સિવાય બધા પદાર્થોનો ત્યાગ. છોકરાએ કહ્યું ભગવંત આપી ધ્યો પચ્ચક્ખાણ. ખાવા પીવામાં સંયમ આવતા ધીમે ધીમે શરીર નીરોગી બનવા લાગ્યું.

આજે પણ આવા અનેક કિસ્સાઓ જોવા મળે છે કે કોઈને કેન્સર જેવો ભયંકર વ્યાધી લાગુ પડ્યો હોય અને કોઈ સાધુ મહાત્મા સલાહ આપે કે ઉપવાસ પર ઉતરી જાવ, અથવા રોજ આયંબીલ કરો ત્યારે દરદીને એમ થાય કે આમ પણ કેન્સલ જ થવાનું છે તો પછી આ તક સાધી ન લેવી? પછી આયંબીલનો તપ કરે કે ઉપવાસ કરે તો અંદરના જીવાણુઓને પોષણ ન મળે અથવા રૂખુસુકુ મળે તો તેઓ ખતમ થવા માંડે અને આવી જીવલેવા બિમારી પણ મારી જાય છે.

પેલા છોકરાની તબિયત સુધરતા એને સાધુ ભગવંત પર ખુબ જ અહોભાવ ઉત્પન્ન થયો અને ધર્મ પર અખૂટ શ્રધ્ધા બેઠી.

હવે તે નીરોગી થવા લાગ્યો. કોઢ રોગ નાબુદ થઇ ગયો. પૈસા કમાવવા માંડ્યો. રોજ એક ટાઇમ જમવાનું ને દ્રવ્ય બે જ. ખર્ચો શું? પૈસા વધતા તેણે વેપાર શરૂ કર્યો(ભીખ માંગવાનું છોડી દીધું) આ તો નસીબની બલિહારી છે. ક્યારે કરમાય અને ક્યારે ખીલે? ધંધો વધતા વધતા એ કરોડપતિ બની ગયો. આ બધા વિરતીમાં આવવાના પરિણામ.

તેને પોતાના પૈસાનું સદવ્યય કરવાનું નક્કી કરી લીધું. દીન-દુઃખીયાઓને તે ખુબ મદદ કરવા લાગ્યો. એમાં દુષ્કાળ પડ્યો. તેણે લોકોને મદદ કરવા પોતાના દ્વાર ખુલ્લા મૂકી દીધા. સાધુ સંતોની પણ ખૂબ ઉલ્લાસપૂર્વક ભક્તિ કરવા લાગ્યો આ બધાથી તેણે મહાપુણ્ય ઉપાર્જન કર્યું, ત્યાંથી મરીને દેવલોકમાં ગયો. ત્યાં પણ દેવલોકના સુખમાં નહિ લપેટાતા, એક જ ભાવના કે હે ભગવંત મને ભવોભવ તારૂં શાશન મળે, ઉત્તમ સંસ્કારી કુળ મળે.

આવી ઉચ્ચ ભાવનામાં ત્યાંથી ચ્યવી ને રાજન તારા નગરમાં એક શેઠને ત્યાં તેનો જન્મ થયો અને તે મહાપુણ્યશાળીના પ્રભાવથી તારી નગરી બચી ગઈ. દેશના પૂરી થઇ.

રાજા પરિવાર સાથે એ શેઠના ઘરે જાય છે. પારણામાંથી એ પુત્રને પોતાના હાથમાં લઇને કહે છે કે જગતના આધાર દુર્ભિક્ષ ભંજન ! તને મારા નમસ્કાર હો. ખરેખર આ રાજ્યનો ખરો રાજા તો તું જ છે. તેનું "ધર્મનૃપ" એવું નામ પાડ્યું, રાજ્યાભિષેક કરે છે. તેના પુણ્યના પ્રભાવથી આખું રાજ્ય રોગ વિહીન બને છે. છેવટે રાજ્ય છોડી દીક્ષા લે છે અને એજ ભવમાં કેવલજ્ઞાન-કેવલદર્શન પામી મોક્ષે જાય છે. અકલ્પનીય... અને આપણે ન ખાવામાં કે ન વસ્ત્ર-પાત્રમાં જે આવે તે નાખો પેટમાં... અને જે આવે તે નાખો પટારામાં...

શરીર અને મનને નીરોગી રાખવાની.... તપ/વિરતી એ જ અમોઘ દવા છે.

## તિલકનો મહિમા

૧) ચાર વર્ષના નાનો બાળક નવસારીમાં રહેતો હતો. ધર્મના સંસ્કારો જન્મથી જ મળેલા. પૂજ્યશ્રીના વ્યાખ્યાન અને સત્સંગથી સંસ્કારો વધુ દ્રઢ બન્યા. નિયમિત પ્રભુદર્શન, પ્રભુપૂજા, નવકારશી, ચોવિહાર અને ઘરમાં કંદમૂળ કદી આવતા જ નહિ તેથી કંદમૂળનો ત્યાગ વગેરે.

શાળાએ ભણવા જતો. બપોરે નાસ્તામાં બટાકા-પૌઆની ડીશ આપવામાં આવી. કાંઈ પણ બોલ્યા વગર બાળકે ડીશ છુટી શિક્ષકના માથે ફેંકી. શિક્ષકને લોહી નીકળ્યું. માં-બાપને બોલાવી બાળકની ફરીયાદ કરવામાં આવી. બાળકે કહ્યું કે મારા કપાળે ચાંદલો છે. શિક્ષકને ખબર નથી? મને કેવી રીતે આ નાસ્તો આપે? પરમાત્માની આજ્ઞા મસ્તકે ચઢાવી મેં તિલક કર્યું છે. તે આ શિક્ષક આજ્ઞા તોડવા માંગે છે. પછી મને ગુસ્સો ન આવે?

૨) રાજા કુમારપાળ પછી એની ગાદીએ અજયપાળ આવ્યા. એ તો કુમારપાળની કીર્તીના ટુકડા કરવા ઝનુને ચડ્યો હતો. એણે ફરમાન જાહેર કર્યું, જૈનો ! પીળો ચાંદલો મિટાવો અથવા પાટણની ધરતી છોડી ચાલ્યા જાવ.

બીજે દિવસે કપર્દી મંત્રીશ્વર ચાંદલો કરી રાજસભામાં આવ્યા. અજયપાળે કહ્યું કે ઉપરની બન્ને શરતો મંજુર ન હોય તો કડકડતા તેલની કડાઈમાં તળાઈ જવા તૈયાર થાવ.

રાત્રે સંઘની સભા ભરાઈ. અજયપાળની ચેતવણીની ચર્ચા કરવામાં આવી. નિર્ણય લેવાયો, નિયમમાં મક્કમ રહેવાનું નક્કી થયું. તિલકની રક્ષા કાજે બલિદાન આપવાનું નક્કી થયું. બલિદાન માટે ટહેલ નાખી નામ નોંધાવો એવી જાહેરાત કરી.

એટલા બધા નવપરણીત યુગલોએ નામ નોંધાવા માંડ્યા. લીસ્ટ મોટું થઇ ગયું. બીજે દિવસે સવારે શહીદ થનારા યુગલોએ સ્નાન કરી કપાળે તિલક કરી ઉત્તમ વસ્ત્રો પહેરી બલિદાન દેવા માટે પ્રયાણ કર્યું.

રાજસભાના આંગણે ભડભડતી હોળી પ્રગટી "તિલક અમર રહો" ના નારાઓથી યુગલોએ તેલની કડકડતી કડાઈમાં ઝંપલાવવાનું ચાલુ કર્યું. ૮-૯ યુગલો હોમાઈ ગયા. પણ લાઈન ખૂટતી ન હતી. અજયપાળ ઢીલા પડી ગયા. શરતો પાછી ખેંચી લીધી અને તિલક કરવાની છૂટ આપી.

3) કુમારપાળના શાસનમાં અગ્રવાલ સમાજના એક મહાન આગેવાનને અપરાધી બનવાથી ફાંસીની સજા મળી. અનેક ઉપાયો કરવા છતાં મુક્તિ મળે એમ ન હતી છેવટે ધર્મપ્રેમી શ્રાવક મિત્રના કહેવાથી ફાંસી માંચડા ઉપર પ્રભુની આજ્ઞા સૂચક કેસરનો ચાંદલો કરવાથી બચી ગયો. કુમારપાળ કપાળમાં ચાંદલો જોતા ઝુકી ગયા. આ ચમત્કાર જોઈ અગ્રવાલ સમાજના સાડાત્રણ લાખ સભ્યોએ જૈન ધર્મ અંગીકાર કર્યો.

## પતિના સમાધિ મરણ માટે....!

મણિરથ અને યુગબાહુ નામના બે સગા બંધુ રાજકુમારો કાળક્રમે વડીલ બંધુ મણિરથ રાજા થયો અને લઘુ બંધુ યુગબાહુ યુવરાજ થયો.

યુગબાહુને અપ્સરા જેવી સોહામણી પત્ની હતી, નામ એનું મદનરેખા. નામ પ્રમાણે સૌન્દર્ય શાલિની હતી. તેમ જ સાથે સાથે પ્રાણાંતે ય શીયળ ધરનારી ઉત્તમ મહાસતી હતી.

રાજા મણિરથ એની રૂપ મોહિનીમાં પાગલ બની ગયો હતો. પોતાનું સ્થાન-માન વિસરીને એણે બે ત્રણ વખત મદનરેખાને લલચાવવાની કોશિષ કરી. કિંતુ શુશીલ મદનરેખા એ એને જરાય મચક ન આપી. ઉપરાંત બન્ને ભાઈઓ વચ્ચે કલહ ન થાય એ માટે પોતાના પતિ યુગબાહુને એ વાતની જાણ પણ ન કરી.

આખર કામાંધ મણિરથે સાનભાન ભૂલીને એક અંધારી રાત્રે યુગબાહુને એકાંતે વાર્તાલાપ માટે બોલાવ્યો અને તક મળતા જ જીવલેણ શસ્ત્રપ્રહાર કરીને એ ત્યાંથી પલાયન થઇ ગયો.

યુગબાહુની મરણાંક ચીસ સાંભળીને મદનરેખા ત્વરીત ત્યાં ધસી ગઈ. લોહીના ખાબોચીયામાં તરફડતા યુગબાહુને નિહાળીને એણે આભ તૂટી પડ્યા જેવો આઘાત અનુભવ્યો. પરંતુ સાથે તેણીએ એ પણ જોયું કે પિતાતુલ્ય ભાઈએ કરેલ વિશ્વાસઘાતથી યુગબાહુ વેરભાવથી ગ્રસ્ત થઈ રહ્યો હતો.

નખશીખ ધાર્મિક રાણી મદનરેખાએ પતિની અંતિમ ક્ષણો સુધારવા હૈયે પત્થર રાખીને એને અદભુત નિર્યામણા કરાવવાપૂર્વક યુગબાહુ પર ભાવોપકાર કરતાં કહ્યું "નાથ ! તમે મોટા ભાઈ પર એક અંશ પણ દ્વેષ ન રાખશો. કારણ કે એમણે તમારી હત્યા નથી કરી, તમારા અશુભ કર્મે જ આ સ્થિતિ સર્જી છે. મોટા ભાઈ તો માત્ર નિમિત છે. એમની સાથે વેરની ગાંઠ બાંધશો તો તમારી દુર્ગતિ થશે. તમે એમને માફ કરી મૈત્રીભાવ ધરજો....." એવી અસરકારક એ સમજાવટ હતી કે યુગબાહુ અંતિમ ક્ષણોમાં સર્વથા સમતાલીન બની ગયો અને મૃત્યુ બાદ દેવગતિમાં ઉચ્ચસ્તરીય દેવ બન્યો.

પતિનું મરણ સમાધિમય બનાવવાનો જબરદસ્ત અભ્યંતર ઉપકાર કર્યા બાદ સતીત્વની રક્ષા કાજે મદનરેખાએ અગણિત કષ્ટો વેઠ્યા. એક તબક્કે વિદ્યાધર લોકમાં વિશિષ્ટ જ્ઞાની ભગવંતની ધર્મદેશનામાં પ્રવેશી ત્યાં એક આશ્ચર્યજનક ઘટનામાં એક તેજસ્વી દેવે મદનરેખાને પ્રથમ વંદન કરી પછી જ્ઞાની ભગવંતને વંદન કર્યા.

તેણે કારણ પૂછતાં એ દેવે કૃતજ્ઞતા ચળકતો ઉત્તર આપ્યો કે "હું પૂર્વજન્મનો યુગબાહુનો જીવ છું. અંતિમ ક્ષણોમાં મદનરેખાએ મારા પર કરેલા અભ્યંતર ઉપકારથી હું દેવ બની શક્યો છું. અન્યથા હું અત્યારે નરકમાં સબડતો હોત. આ ઉપકારના દ્રષ્ટીબિંદુથી જ મેં જ્ઞાની ભગવંત કરતા ય મદનરેખાને પ્રથમ વંદન કર્યા છે !!"

આવો, આપણે પણ બાહ્ય-અભ્યંતર ઉભય ઉપકારની ધારા વહાવીએ અને સ્વ-પરના જીવનમાં પરમ જ્યોતિનો પ્રકાશ પાથરીએ......

## કેવું નિર્મળ સમ્યગદર્શન...!

અત્યારે યાદ આવે છે પેલા ધનપાલ કવિ ! જે ત્રણ લોકના નાથ દેવાધિદેવ પરમાત્મા સિવાય કોઈ દેવ-દેવીને નહિ નમનારા ! કોઈ ઈર્ષાળુએ મહારાજા ભોજની કાન ભંભેરણી કરી. ધનપાલ કવિ રાજસભામાં આવ્યા ત્યારે રાજાએ તેમને ભગવાનની પૂજા કરવા કહ્યું. રાજાના શબ્દો પરથી ખ્યાલ આવી ગયો, બધું સમજી ગયા પણ એ તો નિર્ભય હતા.

જેને પરમાત્મા વહાલા લાગ્યા હોય તેને કોઈ ભય કદી ન સતાવે. કોઈકે સાચું જ કહ્યું છે કે **"Fear is nothing but lack of faith in God"** 'ભગવાનની અંદર શ્રદ્ધાનો અભાવ તેનું નામ ભય'. ભગવાનમાં જેને અવિહડ શ્રદ્ધા તેને ભય કેવો?

ધનપાલ કવિ તો પૂજાનો થાળ લઈને ભગવાનની પૂજા કરવા નીકળ્યા. રાજાના કહેવાથી ગુપ્તચરો પણ ગુપ્તપણે કવિનું વર્તન નિહાળી રહ્યા હતા.

કવિ સૌ પ્રથમ પહોંચ્યા રાધેકૃષ્ણના મંદિરમાં ! પણ ગર્ભગૃહમાં રાધાની પાસે બેઠેલા કૃષ્ણને નિહાળી પોતાનો ખેસ મોઢા પર ઢાંકી પૂજા કર્યા વિના જ સડસડાટ બહાર નીકળી ગયા.

પછી પહોંચ્યા મહાકાલીમાતાના મંદિરમાં, પણ જતાંની સાથે જ ભયભીત બની દોડતા બહાર આવી ગયા.

થોડેક આવ્યું મહાદેવનું મંદિર. અંદર પહોંચતા શિવલિંગ જોયું ! આંખો ઝીણીકરીને બારીકાઇથી ચારે બાજુ ધારી ધારીને જોવા લાગ્યા. સહજ વિચારમાં પડ્યા અને દર્શન પૂજા કર્યા વગર જ બહાર આવ્યા.

આગળ વધતાં આવ્યું પરમાત્મા ઋષભદેવ ભગવાનનું સુંદર જિનાલય ! અંદર પ્રવેશતા પરમાત્માના દર્શન થયા ! હૈયું હર્ષના હિલોળે ચડ્યું ! ભાવ વિભોર બનીને પૂજા કરી, મન મુકીને ભક્તિ કરી, ખાસ્સા બે કલાક દર્શન-વંદન-પૂજા-ભક્તિમાં પસાર કરીને પહોંચ્યા મહારાજની પાસે. પરમાત્મા ભક્તિનો આનંદ હૈયે ઉભરાતો હતો. મુખ પર પ્રસન્નતા છલકાતી હતી રાજા ગુસ્સે ભરાશે તેની જાણ હોવા છતાંય ક્યાંય ભયનું કે ગભરાટનું નામ નિશાન જણાતું ન હતું.

ધનપાલ કવિ પહોંચે એ પહેલાં જ ગુપ્તચરોએ બધી બાતમી રાજાને આપી દીધી હતી. પોતાના ભગવાન શંકરની પૂજા કવિએ કરી નથી, જાણી રાજા ક્રોધથી ધુંવા પુંવા થયેલો જણાતો હતો. "કેમ કવિરાજ, મારી આજ્ઞાનું પાલન ન કર્યું? જી નામદાર ! આપની આજ્ઞાનું બરોબર પાલન કર્યું છે ને ! ભગવાનની બે કલાક પૂજા કરીને જ ચાલ્યો આવું છું.... સાચું બોલો કવિરાજ ! તમે રાધાકૃષ્ણ, મહાકાલી કે મહાદેવના મંદિરમાં જઈને શા માટે વિપરીત વર્તન કર્યું?

જી નામદાર ! સાંભળો મારી વાત, કોઈ પતિ પોતાની પત્ની સાથે એકાંતમાં એક સ્થાને બેઠા હોય ત્યારે કોઈ સજ્જન માણસ ત્યાં જાય ખરો? શું તેને શરમ ન આવે? કૃષ્ણ રાધા સાથે બેઠેલા જોઈને શરમ આવી, હું ખેસ થી મોઢું ઢાંકી બહાર નીકળી ગયો. એમાં મેં

ખોટું શું કર્યું?

જ્યારે મહાકાલીમાતાના મંદિરમાં ગયો ત્યારે માતાજીના લાલઘૂપ આંખોવાળા લપકા મારતી જીભવાળા, હાથમાં ભાલો લઈને રાક્ષસ ઉપર પાય મુકીને કોઈ ઉપર હુમલો કરવા જઈ રહેલા મેં જોયા ! મને ડર લાગ્યો કે કદાચ ભૂલમાં તેઓ મને તો નહિ મારી દે ને? તેથી ગભરાઈને હું તરત બહાર નીકળી ગયો.

જ્યારે હું મહાદેવજીના મંદિરમાં ગયો ત્યારે સ્ત્રી વગેરે રાગનું કોઈ કારણ ન જોયું. તેમજ ભાલા વગર કોઈ દ્વેષના લક્ષણો ન જોયા. મને દર્શન-પૂજા કરવાનું મન થયું. પણ સ્વામીનાથ હું શું કરું ! ત્યાં જે શિવલીંગ હતું તેને આંખો જ ન હતી. મને તેઓ જોતા ન હતા. ફૂલની માળા પહેરાવવી હતી પણ ગળું જ ન હતું ! સ્તુતિ-સ્તવના કરવી હતી પણ સાંભળવા માટે કાન જ ન હતા ! ધૂપ પણ શી રીતે કરું? સુગંધ લેનાર નાક જ ન હતું ! આંખ ઝીણી કરીને ખૂબ જ તપાસ કરી પણ તેમનું મુખ જ ન દેખાયું ! હું કોના દર્શન પૂજા કરું?

પછી આગળ વધ્યો તો મને ઋષભદેવ ભગવાનનું દેરાસર દેખાયું. તેમનું મુખારવિંદ સુંદર હતું. જેને ટગર ટગર જોવાનું મન થયા કર્યું. ખુબ આનંદ આવ્યો. તેમને કાન હતા તેથી મેં ભાવભરી સ્તવના કરી. તેમને શરીર હતું તેથી દૂધથી સ્નાન કરાવ્યું. આનંદથી વિલેપન કર્યું. તેમને ગળું હતું તેથી મેં પુષ્પની માળા પહેરાવી. તેમને નાક હતું તેથી મેં ધૂપ કર્યું. તેમના ચરણોમાં અક્ષત-નૈવેધ-ફળ ધર્યા. પછી તો તેમના ગુણગાન કરતાં કરતાં ક્યાં સમય વીતી ગયો તેની મને ખબર પણ ન પડી કારણ સાક્ષાત ભગવાન જ મળ્યા હતા.

રાજન ! તમે જ કહો, જે રાગ-દ્વેષને અજ્ઞાન વિનાના હોય તેને જ ભગવાન કહેવાય ને? જેથી મને નથી લાગતું કે મેં કોઈ ભૂલ કરી હોય. આ સાંભળી રાજા હવે શું બોલે?

સમ્યક્ત્વી આત્મા પરમાત્મા કે ભગવાન તરીકે તો વીતરાગીને જ સ્વીકારે અને તેના જ દર્શન-વંદન-પૂજન-અર્ચન કરે.

અન્ય રાગી દેવ-દેવીઓને તો તે ભગવાન તરીકે કદી ન સ્વીકારે. ભગવાન તરીકે તો કદી તેને પૂજે-સત્કારે નહિ. સમ્યગ દ્રષ્ટિ દેવને સાધર્મિક સમજીને પ્રણામ ભલે કરે પણ તેને ખમાસમણા તો ન જ દે. તેને ભગવાન તો ન જ માને.

"કલ્પના કરી જુઓ કે આ ધનપાલ કવિનું સમ્યગદર્શન કેટલું બધું નિર્મળ હશે."

## શ્રી મહાવીરસ્વામીના એક જ પુસ્તકથી...!

સ્વિટ્ઝર્લૅન્ડમાં ગેબ્રીયલ હેલ્મર નામે એક પ્રોફેસર હતી. જેણે અત્યાર સુધી ક્યારેય આપણા પરમાત્મા/સાધુ/સાધ્વી કોઈના પણ દર્શન કર્યા ન હતા. એક દીવસ એને શ્રી મહાવીરસ્વામીનું પુસ્તક હાથ લાગ્યું. એણે વાંચ્યું. એને એમ થઇ ગયું કે ભગવાને મારા ઉદ્ધાર માટે જ જાણે આ પુસ્તક લખ્યું છે.

આ પુસ્તકના વાંચનથી ગેબ્રીયલ તપ કરવા લાગી. મૌન સાથે ૧૬-૧૬ ઉપવાસ કરે. એક વખત દીપકભાઈ બારડોલીવાળા સ્વિટ્ઝર્લૅન્ડ ગયા હતા. ત્યારે ગેબ્રીયલ સાથે એમની

મુલાકાત થઇ. દીપકભાઈને ધાર્મિક જ્ઞાન ઘણું હતું. તેમણે ગેબ્રીયલને પોતાના ઉતારા પર આવવા કહ્યું અને પછી કહ્યું કે ચાલો ગાડીમાં બેસો. ગેબ્રીયલએ કહ્યું આપ ચાલો હું આવું છુ. પછી ગેબ્રીયલ સાયકલ ઉપર નીકળી. ૨૭ KM જવાનું હતું. તેને સાયકલ પર આવતા જોઈ દીપકભાઈને આશ્ચર્ય થયું અને સવાલ કર્યો તો તેણે જવાબ આપ્યો કે ચોમાસામાં લીલ-ફૂલ વધારે હોય. મોટરમાં બેસીએ તો ઘણી બધી જીવાત મરી જાય. દીપકભાઈએ ગેબ્રીયલને કહ્યું કે સાંવત્સરિક પ્રતિકમણ કરવા બેસો. ગેબ્રીયલએ કહ્યું કે મને કાંઈ આવડતું નથી છતાં તે સાડા ત્રણ કલાક સુધી કાયોત્સર્ગ ધ્યાનમાં ઉભી હતી.

ત્રણ વર્ષ પછી દીપકભાઈએ ગેબ્રીયલને ફોન કર્યો. ગેબ્રીયલએ કહ્યું કે આ વર્ષથી મેં મૌન રાખ્યું છે. ભગવાન સિવાય કોઈની સાથે બોલવું નહિ. પણ આપ મને ગમે ત્યારે ફોન કરી શકો છો. મને ગમશે. તમારી સાથે વાત કરવામાં મારું મૌન નહિ તૂટે. ગેબ્રીયલએ બે વર્ષીતપ કર્યા. એક માસક્ષમણ કર્યું. છ કાયના જીવોની હિંસાથી બચવા માટે છેલ્લા દશ વર્ષથી અનાજ રાંધ્યું નથી.

## જૈન તીર્થ રક્ષાર્થે બારોટોના બલિદાન

૧. ઇતિહાસની ઉષા તો હજુ પ્રગટુ પ્રગટુ થઇ રહી હતી. ત્યારે પણ પાલીતાણાની પવિત્ર ભૂમિ એક મહાન તીર્થ ભૂમિ બની ચૂકી હતી. વિશ્વનો જૈન સમાજ શ્રી શત્રુંજય મહાતીર્થ ભૂમિનો આજે જે કાંઈ પ્રકાશ અને સંસ્કૃતિ માણી રહ્યો છે તેના પાયામાં આ તીર્થની રક્ષા કાજે ખોળામાં માથા લઈને વીરપુરૂષ દાદુંજી બારોટની આગેવાનની નીચે બારોટ સમાજના સંખ્યાબંધ મીંઢોળાબંધ નવયુવાનો સદાને માટે પોઢી ગયા. આજથી લગભગ સાતસો વર્ષ પહેલા મોગલ બાદશાહના ભયાનક આક્રમણ સમયે તીર્થ રક્ષાર્થે બારોટોની આ શહાદત એક ભક્તિ સાધના અને ઉપાસના જ હતી. પૂર્વ કાલીન એ પ્રતાપી પુરૂષોના સમર્પણ કેસરીયાના આ પ્રસંગમાં સામુહિક ભાવનાના દર્શન થાય છે. ધન્યતા અનુભવે છે સમસ્ત બ્રમ્હભાટ.

બારોટોના નર પુરૂષોની શહાદતને શતશત વંદન.....

૨. કુમારપાળ રાજા પછી તેમની ગાદી ઉપર આવ્યા અજયપાળ. તેણે તો ગાદી પર આવતા જ કુમારપાળે બંધાવેલા બધા દેરાસરો તોડવા માંડ્યા. ક્યાં રાજા કુમારપાળ જેણે અમારી પ્રવર્તન વર્તાવ્યું. કોઈ નાના જીવડાને પણ કોઈ પ્રજાજન મારી ન શકે. તેમજ કોઈના મોઢેથી માર શબ્દ પણ ન નીકળવો જોઈએ નહીં તો તરત સજા થતી. જ્યારે અજયપાળને ભગવાનના દેરાસર તોડવામાં કોઈ ડર નથી. અજીતનાથ પ્રભુ બિરાજીત તારંગાનું દેરાસર તોડવાની સુચના આપી દીધી.

મહાજન ભેગું થયું. શું કરવું? પણ કોઈ નિર્ણય લઇ શક્યા નહિ. જ્યારે રાજા પોતે જ મંદિરોની તોડફોડ કરવા નીકળે ત્યારે આપણે શું કરી શકીએ?

રામલા બારોટને આ વાતની ખબર પડી તેનાથી સહન ન થયું. મહાજન ભેગું થયું હતું ત્યાં પહોંચી ગયો. તેણે કહ્યું આપણા ત્રણ લોકના નાથના મંદિરો તૂટે અને તમે જોયા કરો? તમે આ કામ મને સોંપી દો, તમારાથી કાંઈ નહિ થાય ! બહુ બહુ તો મને મારી

નાખશે બીજું શું કરશે? મહાજને કામ રામલા બારોટને સોંપ્યું. બારોટે કહ્યું તમે બિલકુલ બેફીકર રહેજો આમાં કાંઈ બળનું કામ નથી, કળથી કામ લેવું પડશે.

રામલો બારોટ ગયો રાજ દરબારમાં અને રાજાને કહ્યું કે હું પાટણ છોડી રહ્યો છું એટલે જતાં જતાં તમને મળવા આવ્યો છું.

રાજા કહે તું શું કરવા પાટણ છોડે છે? તું તો આ પાટણનું નાક છે ! રામલો કહે છે કે શું કરું અહીંયા કોઈ નાટક જોવા પણ આવતું નથી, અને બીજી પણ થોડી વાતો કરી. હું બેઠો છું, તારે શું કરવા પાટણ છોડવું પડે? જા તને મારું અભય વચન છે. મંત્રીશ્વરને કહ્યું તમે ઢંઢેરો પીટાવો, નાટકની જાહેરાત કરવો, મોટા મંડપો બંધાવો. નાટકનો શો ગોઠવાઈ ગયો. રાજા-મંત્રી-પ્રજા બધા આવી ગયા.

રામલાએ નાટકની શરૂઆત કરી. તેની તબિયત કથળી હતી એટલે લાંબુ જીવે તેમ ન હતો. તેણે એક જૈન મંદિર બંધાવેલું. તેણે મોટા છોકરાને બોલાવ્યો ને કહ્યું કે બેટા હવે મારા છેલ્લા દિવસો છે. મારે કાંઈ જોઈતું નથી. બધું તમારું જ છે પણ વચન આપ કે મારા મર્યા પછી આ દેરાસર હું સંભાળીશ. એણે ના પડી દીધી કે એ મારું કામ નથી. રામલાને બહુ દુઃખ થયું. પછી બીજા દીકરાને બોલાવ્યો, એનો પણ એ જ જવાબ હતો. પછી ત્રીજા અને ચોથા દીકરાને વારાફરતી બોલાવ્યા પણ એ બન્નેનો જવાબ તે જ હતો. રામલાને આ સાંભળીને ચક્કર આવી ગયા કે હવે મારા ભગવાનનું શું થશે ?

રામલો કહેવા લાગ્યો કે હે ત્રણ લોકના નાથ કેવો સમય આવ્યો છે આ મારું બંધાવેલું મંદિર કોઈ સંભાળવા તૈયાર નથી. હું તો દુઃખી દુઃખી થઇ ગયો છુ. ત્યારે પછી રામલો કહે છે રાજા કુમારપાળે આટલા બધા દેરાસર બંધાવ્યા તેને પણ વારસ અજયપાળ એ દેરાસરો તોડવા બેઠો છે. શું થશે પ્રભુ ?

ત્યાં તો રાજાએ તલવાર ખેંચીને કહ્યું કે તે આના માટે નાટક રચ્યું હતું? આજે તો તને ખતમ જ કરી નાખીશ. ત્યાં મંત્રીશ્વરે કહ્યું રાજન થોડું વિચારો, ઉતાવળ ન કરો. રામલાની વાત સાચી છે પણ રાજાએ કહ્યું કે હું તો તેનું ડોકું જ ઉડાવી દઈશ. ત્યારે મંત્રીએ કહ્યું રાજન ! તમે રામલાને અભય વચન આપ્યુ છે. રાજા પૂછે કેવું વચન? કેમ ભૂલી ગયા, રામલો પાટણ છોડતો હતો ત્યારે તમે આપેલું અભય વચન કેમ ભૂલાય? થોડું શાંત ચિતે વિચારો !

પછી રાજાને વિચાર કરતાં કરતાં પરીવર્તન આવ્યું અને કહ્યું કે રામલા તે મને બચાવી લીધો કે હું દેરાસર તોડવા નીકળ્યો હતો. હવે શું થાય, લશ્કર તારંગા પહોંચવા આવ્યું હશે. તુરંત ઘોડેસવારો મોકલો કે દેરાસર તોડવાનું બંધ કરો..... કેવો હતો રામલો બારોટ !

## પ્રભુ પરની શ્રદ્ધા

મદ્રાસની એક છોકરીની વાત છે. તેના લગ્ન નક્કી થયા. લગ્નને આગલે દિવસે સાંજે છોકરીની નજર ચાલી ગઈ. કાંઈ જ દેખાય નહિ. તેણે માંને વાત કરી. માંએ કહ્યું સુઈ જા. સવારના ઉઠીશ પછી દેખાશે. સવારે ઉઠીને માંને કહ્યું કે કાંઈ દેખાતું નથી. આપણે આ વાત

છુપાવવી નથી. સામાવાળાને સત્ય હકીકત જણાવી દે. તેની માં છોકરાના માં-બાપને મળવા ગઈ. સત્ય હકીકત જણાવી. શું કરશું? ત્યારે છોકરાના માં-બાપે કહ્યું આ લગ્ન હવે નહિ થાય.

છોકરો બધી વાત સાંભળતો હતો. તેણે કહ્યું મને તો પૂછો, લગ્ન મારે કરવાના છે. કન્યાની નજર લગ્ન પછી બીજે દિવસે ગઈ હોત તો શું કરત? આ લગ્ન થશે જ. લગ્ન થઇ ગયા.

કન્યા બહુ જ ધર્મસહીત હતી. તે દાંતરાય ગામની હતી. લગ્ન પછી બન્ને જણા દાંતરાય ગયા. ત્યાં મુનિસુવ્રતસ્વામી ભગવાન હતા. સ્નાત્ર મહોત્સવ કર્યો. શાંતિકળશ વિધિ થઇ ગઈ. નમણ બન્ને આંખે લગાડયુંને મુનિસુવ્રતસ્વામિના દર્શન થયા. એના પતિએ કહ્યું તને આ ભગવાન પર બહુજ શ્રધ્ધા છે એટલે તને એમ લાગે છે. તો એક કામ કર ભગવાનની નીચે જે લખાણ છે તે વાંચી સંભળાવ. તેણે લખાણ બરોબર વાંચી સંભળાવ્યું. નજર પાછી આવી ગઈ. લગ્ન પહેલા નજર ગઈ હતી તે સાચે સાચું કહી દીધું હતું અને ભગવાન પ્રત્યે શ્રધ્ધાનું પરિણામ.....

## ખવડાવ્યું તે ખાધું.... ખાધું તે ખોયું....

એક ભાઈએ હોટલનો વ્યવસાય ચાલુ કર્યો. હોટલ સારી ચાલતી હતી. થોડા દિવસ પછી તેણે હોટલ ઉપર બોર્ડ લગાવ્યું કે કોઈ વિકલાંગ જમવા આવશે તો તેની પાસેથી જમવાના પૈસા લેવામાં નહિ આવે.

એના એક મિત્રએ કહ્યું આમ કરવાથી તો તને ઘણી નુકશાની થશે. તને આવો વિચાર કેવી રીતે આવ્યો?

હોટલવાળા મિત્રએ જવાબ આપતા કહ્યું કે એકવાર હું Terrace ઉપર ગયો હતો. જ્યાં બધા કબૂતરોને ચણ અપાતું હતું. એક કબૂતરને એક પગ ન હતો અને એની પાંખો પણ બરાબર ન હોવાથી તકલીફ હતી. એ એક ઠેકાણે અલગથી ઉભો હતો. લોકોએ એને ચણ નાખ્યું પરંતુ બીજા કોઈ કબુતર ત્યાં ન ગયા. કેવી સંજ્ઞા નહીતર ચણ નાખો તો બધા કબુતર ત્યાં પહોંચી જાય. એક વિકલાંગ કબૂતરને આરામથી ખાવા દીધું. જો આ પક્ષી પણ આવા ભલાઈના કામ કરી શકતા હોય તો આપણે તો ઘણી સમજ-શક્તિવાળા છીએ. જેથી મને એમ થયું કે મારે પણ કાંઈ કરવું જોઈએ. તેથી જ મેં વિકલાંગો માટે ફ્રી જમણની વ્યવસ્થા કરી. ખવડાવે કાંઈ ખૂટતું નથી માટે જ કહ્યું છે કે...

"ખવડાવ્યું તે ખાધું" અને "ખાધું તે ખોયું"

## Richest man of 20th Century

Southમાં રહેતા એક કલ્યાણસુંદર નામની વ્યક્તિ જેની પાસે જિંદગીભર ખૂટે નહિ એટલી મૂડી હતી જેથી તેને કમાવવાની કોઈ ફિકર ન હતી.

કલ્યાણ સુંદર એક લાયબ્રેરીમાં નોકરીએ રહ્યો. દર મહીને પગાર હાથમાં આવે એટલે પુરેપુરી રકમ જરૂરીયાતવાળા માણસોને વહેંચી આપે. ત્રીસ ત્રીસ વર્ષ સુધી આ સીલસીલો ચાલુ રાખ્યો. પગારમાંથી પોતે કાંઈ જ લેવાનું નહિ. પોતાની મૂડીમાંથી ઘર ચલાવવાનું.

એ ત્યાંથી રીટાયર થયો ત્યારે તેને કુલ દશ લાખ રૂપિયા મળ્યા. એ પુરેપુરી રકમ વિવિધ જરૂરીયાતમંદ લોકોને આપી દીધી.

અમેરિકાવાળાને આ સમાચાર મળતા એમને થયું કે આવા માણસો જ્વલ્લેજ મળે અને Richest man of 20th Century નો એવોર્ડ આપ્યો. આ એવોર્ડમાં આપણી currencyમાં

રૂપિયા ત્રીસ કરોડ મળ્યા.

તેમાંથી પોતે એક પણ પૈસો ન રાખતા એણે તપાસ કરીકરીને અસંખ્ય જરૂરીયાતવાળા લોકોને જરૂરત પ્રમાણે પુરેપુરી રકમની વહેંચણી કરી આપી. ધન્ય છે આવા "કલ્યાણસુંદર" ને....

## ગીરનાર તીર્થની વિશેષતા

એક વખત ગીરનાર તીર્થ માટે શ્વેતામ્બર અને દિગમ્બર વચ્ચે ઝઘડો થયો. બન્ને કહે કે આ તીર્થ અમારું છે. જો કે વર્ષોથી આ તીર્થ શ્વેતામ્બર પાસે જ હતું. અનાયાસે બન્ને સંઘો ત્યાં ભેગા થઇ ગયા માટે આ બીના બની.

પેથડશા મંત્રીએ કહ્યું કે આપણે ઉછામણી બોલીએ જેની બોલી વધુ હશે તેનું આ તીર્થ રહેશે. બોલીની શરૂઆત થઇ. એક ઘડી, બે ઘડી, ચાર ઘડી એમ કરતાં કરતાં બોલી ચૌદ ઘડી સુધી પહોંચી (૧ ઘડી એટલે ૨૦૦kg સોનું). પછી દિગમ્બરવાળાએ બોલી પેન્ડીંગ રખાવી અને મીટીંગ બોલાવી અને ક્યાં સુધી બોલવું તે નક્કી થયું. બોલી આગળ વધી, ધીરે ધીરે દિગમ્બર અઠાવીસ ઘડી સુધી બોલ્યા. બધાને એમ થયું કે દિગમ્બરવાળા ચડાવો લઇ જશે ! ત્યાં તો પેથડશા મંત્રી સીધા છપ્પન ઘડી બોલ્યા. દિગમ્બરવાળા સ્તબ્ધ થઇ ગયા. તેઓ આગળ ન બોલતા શ્વેતામ્બરને આદેશ અપાઈ ગયો. પેથડશાએ કહ્યું કે જ્યાં સુધી બોલીની ભરપાઈ ન થાય ત્યાં સુધી અન્નસન. તુરંત માણસોને સોનું લાવવા રવાના કર્યા. ત્રીજે દિવસે સાંજે બોલી ની ભરપાઈ થઇ. પેથડશા મંત્રીની અઠ્ઠમ થઇ ગઈ. ચોથે દિવસે પારણું કર્યું. તીર્થ શ્વેતામ્બર પાસે જ રહે તે માટે આ મંત્રીશ્વરની કેટલી ઉચ્ચ ભાવના!!

આ તીર્થ ઉપર આવતી ચોવીસીના ચોવીસે ચોવીસ તીર્થંકર પરમાત્મા મોક્ષે જવાના છે. આ તીર્થ ને ટકાવવા, યાત્રાળુઓ કેમ વધુ ને વધુ આવતા થાય એ માટે પ.પૂ.આ.ભ શ્રી હિમાંશુસુરીશ્વરજી મ.સા. ત્યાં જ કાયમી થયા. એમણે કાયમી આયંબીલની બાધા લીધી. અત્યાર સુધી એમના ૧૧૦૦૦ આયંબીલ અને ૩૦૦૦ ઉપવાસ થયા છે. એમની તબિયત બગડી ત્યારે એમની સેવામાં રહેલ. પ.પૂ.પં. શ્રી ચંદ્રશેખર મ.સા ના શિષ્યો શ્રી ધર્મરક્ષીત મુનીરાજ તથા શ્રી હેમવલ્લભ મુની મ.સા. ને બોલાવ્યા. તેમને વાત કરી કે મારા પછી તીર્થની સંભાળ લેશો? તરત જ પ.પૂ. શ્રી હેમવલ્લભ મુનીરાજે તહતિ કરી અને એમને કહ્યું કે મને આજીવન આયંબીલના પચ્ચક્ખાણ આપી ધ્યો. પ.પૂ.આ.ભ શ્રી હિમાંશુસુરીશ્વરજી મ.સા. એ તેમને પચ્ચક્ખાણ આપ્યા અને ત્યાર પછી શાંતિપૂર્વક કાળ ધર્મ પામ્યા.

હાલમાં મુંબઈમાં રહેતા શ્રી હિતેષભાઈ(બચ્ચુભાઈ) જે ખુબ જ સુખી છે, મુંબઈમાં સારું

કામ કાજ છે. એ બધું છોડીને ૩૦ વર્ષની નાની ઉમરે ગીરનાર ઉપર જઈને ધુણી ધખાવી. તેઓ વહેલી સવારથી શ્રી નેમિનાથ પરમાત્મા ભક્તિમાં લીન બની જાય છે. ત્યાં જ રહે છે. ગીરનાર તીર્થ ઉપર લોકો જતા આવતા અને તીર્થનો ઉધ્ધાર કેમ થાય એની પાછળ પડી ગયા છે. છેલ્લા પાંચ વર્ષથી ત્યાં જ છે. બે વર્ષ પહેલા એમણે ચોથા વ્રતની બાધા લીધી. કેવી પ્રિતી પરમાત્મા પર?

હું ફેબુઆરી ૨૦૧૪માં ગીરનાર ગયો હતો. એમને મળ્યો. મેં ખુબ ખુબ અનુમોદના કરી ધન્યવાદ આપ્યા. એમણે મને કહ્યું તમે ૯૯ કરવા આવો તેમજ બીજા લોકોને પણ આ માટે પ્રેરણા કરજો.

તેમની દીક્ષા એપ્રીલ ૨૦૧૫ ગીરનારમાં છે. ધન્ય છે આવા આત્માઓને. પાંચ વર્ષમાં કેવું અદભૂત પરીવર્તન !

## શ્રેણિક મહારાજાને સમ્યગદર્શનની પ્રાપ્તિ

અનાથીમુની શ્રેણિક મહારાજાને કહે છે, હે રાજન ! અનાથ કે સનાથ કોણ એની ખબર નથી તો મારી વિતક કથા સાંભળ.

કોસાંબી નામની મહાન નગરી છે. ત્યાં મારા પિતા વસે છે. એમની પાસે અઢળક સંપત્તિ. એમના પુત્ર એવા મારે કહો, વૈભવ વિલાસની શી કમી હોય? એમને પ્રાણ કરતાં અધિક વહાલો. યુવાવસ્થામાં આવતાં મારા લગ્ન કરવામાં આવ્યા. પત્ની પણ સારી-સુશીલ અને મારા પર અત્યંત રાગવળી મળી. સાથે મારા સ્વભાવમાં ભળી ગયેલી. હવે આમાં સુખ-શાંતિનું પૂર જ ઉછળે ને? આવી ભોગ-સુખોની છોળો ઉછળતી સ્થિતિમાં કોઈ કલ્પના ય થાય કે દુઃખના ડુંગર ઉતરી પડશે.

એકવાર બન્યું એવું એકાએક મારી આંખમાં અતુલ વેદના થવા લાગી ! ઝટકા અને બળતરાની પીડા ભયંકર ! પાછો આખા શરીરમાં વિપુલ દાહ થવા લાગ્યો, જાણે આગ સળગી ! એક એક અંગ બળુ-બળુ થવા લાગ્યું ! કોઈ ચેન નથી ! ત્રાસનો પાર નથી ! રાજન ! શું કહું તને? વેદના આંખોમાં તો એવી કારમી ઉપડી કે જાણે કોઈ ક્રોધથી ધમ-ધમતો દુશ્મન કાનમાં અત્યંત અણીધાર શસ્ત્ર ભોંકી દેતો ન હોય ! અરે મારી કેડ અને માથું વગેરે સળગી ઉઠેલા કે , એની તો તને શું વાત કહું, પરંતુ મારી અંતર બધીય અભિલાષા બળીને ખાખ થઇ જતી હતી ! આવી કારમી પીડા, અત્યંત વેદના અને ભયંકર ત્રાસ, મારેથી કહ્યા ન જાય એવા હતા, કેમ કે એ દાહ તો જાણે મારા વ્રજ પાત થઈને મારા અંગે અંગે દાહની, અગનની, લાળોની જ્વાળાઓ ઉઠી હતી ! દુઃખની સીમા નહોતી.

કુટુંબ તો મારું મોટું હતું પણ એ બિચારા બીજું શું કરી શકે? મારા માતા પિતા વગેરે બધાજ આ જોઈ સમસમી ઊઠ્યા ! મારા પિતાએ તરત જ ત્યાં મોટા આયુર્વેદાચાર્યો, પાણાચાર્યો, ધન્વંતરી સમા વૈદ્યોને બોલાવ્યા. એ લોકો આ જોઇને કમકમી ઉઠ્યા ! છતાં એમણે શરીર તપાસી જોઈ ઔષધોપચાર શરૂ કર્યા. બહારથી લગાવવાના મહા શીતલ ચંદન વગેરે લેપ તેમજ ખાવાની દવાઓ ચાલું કરી. અહીં રોગ તો ઘટવાને બદલે જાણે વધી રહ્યો હતો. તરત જ મારા પિતાજીએ મોટા-મોટા વિદ્યા-મંત્ર-જડીબુટ્ટીના જાણકારો ને

તેડાવ્યા. એમણે પણ ઘોર પીડાઓ સમાવવા માટે અમૂલ્ય શક્તિ ચલાવવા માંડી ! પરંતુ જરા પણ ફરક ન પડ્યો.

ત્યારે મહાનુભાવ ! જો કે આવા મૃત્યુંજયો મારી યથાશક્તિ ચિકિત્સા કરી રહ્યા છે તે મને દુ:ખથી છોડાવી શકતા નહોતા ! આ હતી મારી અનાથ દશા !

મારા પિતાએ એમને કહી દીધું, આ મારા દિકરાને સાજો કરી દેજો, ભલે એમ કરવામાં મારૂં બધું ધન ખર્ચાઈ જાય. મારી માતાને તો મારી કારમી વેદનાથી શોકનો પાર ન હતો. મારાથી અધિક દુ:ખમાં પોતે શેકાઈ રહી હતી. છતાં તેથી મારે શું? એજ મારી અનાથ દશા ! મારા નાના-મોટા ભાઈ-બહેનો પણ ચાકરી કરવા દોડી રહ્યા હતા.

મારી પત્ની તો મને જ પોતાનો પ્રાણ ગણનારી, મારા પર મહાપ્રેમ વરસાવનારી એને તો આ મારૂં દુ:ખ જોયું જતું નહોતું ! બિચારી કલ્પાંત કરતી હતી, એની આંખોમાંથી આંસુની ધારા વહેતી ! પણ તેથી મારા પીડાની આગોમાં શી ઓછાશ? ભલેને એ મારી પાસે ને પાસે બેસી રહી આંસુથી મારા હૃદયને ભીંજવી રહી હતી ! પત્ની મારી ઢોંગી નહોતી. સ્વાર્થી નહોતી, નહોતી ખાતી, પીતી, મારી અજાણતામાંએ ભોજન ન કરે. સ્નાન વિલેપન બધું જ મૂકી દીધું હતું, પાસે જ બેસતી. ત્યાંથી ખસતી નહોતી. આટલું કરવા છતાં હું તો દાહમાં એના એજ ગલોટીયા ખાઉં છું. બળું-બળું થઈ રહ્યો છું, એ શું? દુ:ખથી મુક્ત કરાવી શકી નહી ! આજ મારી અનાથ દશા !

અનાથીમુની કહે છે, હે રાજન ! બધું જ ફોગટ નીવડતું જોઈ મને વિચાર આવ્યો કે અહો ! આ મારી લાચારી શા કારણે? બીજા બધું જ આપે, પ્રેમ આપે, ધન સંપત્તિ આપે. પોતાની કાયા તોડી નાખે, પરંતુ મને જો અત્યંત પ્રિય શાતા લેશ માત્ર પણ આપી નથી શક્તા તો ખરેખર મારૂં કોણ છે? અને ઘોર અશાતામાં ઉઠીને ચાલતો થાઉં, મરી પરવારૂં, તો પાછી ભાવી અનંત સંસારમાં આવી દુ:સહ્ય કારમી વેદનાઓ ઊભી જ છે ! ધર્મ વિના પરભવે સુખની આશા શી? અનંત જીવોને અહીં અભયદાન, શાતાના દાન કર્યા વિના ભવાંતરમાં શાતાની આશા શી ? તો શું હું અહીંય ગુમાવું અને પરલોકમાં ય ખોવાઈ જાઉં? અહીં મારા પિતા મને દુ:ખથી બચાવી શકતા નથી, તો પછી આગળ મને કોણ બચાવવાનું હતું? બચાવે એક માત્ર જિનેશ્વર દેવનો મહામૂલો ધર્મ બચાવે ! અતિ કિંમતી ચારિત્ર જીવન બચાવે ! તો પછી બસ, રોગ જાય જો આજની રાત, તો સંયમ લેવું પ્રભાત... જો હું એકવાર પણ આ વિપુલ વેદનામાંથી છૂટું તો હું સીધો ચારિત્ર-દીક્ષા જ લઈ લઈશ ! આવી કારમી પીડાઓશું, કે નાની પીડાઓ શું, પીડા માત્રથી, દુ:ખ માત્રથી છોડાવી લેનાર મહા ક્ષમા માર્ગને, મહાન ઇન્દ્રિયનિગ્રહોના માર્ગને, મહાન અહિંસા, સંયમ અને તપ માર્ગને સ્વીકારી લઈશ ! શા માટે હવે આવી પ્રત્યક્ષ અને ભાવી અનાથ દશા ઊભી રાખું? હવે તો જિનેન્દ્રનાથના ચરણે પડી જઈશ !

હે ભગવંત ! આશ્ચર્ય જો કે આ ભાવનામાં હું ચઢ્યો ને મને ત્યાં કેટલા ય કાળથી દુર્લભ એવી પરમ ઊંઘ આવી ગઈ ! બસ એક જ રાત્રિ વીતતાં તો મારી વેદના નષ્ટ પ્રાય થઈ ગઈ ! પીડાનો અંત આવ્યો ! બીજી બાજુ દિવસોના દિવસો ઊંઘ નહોતી આવી, તે

આવી ગઈ એટલે સગાં વહાલા પણ હર્ષિત થઈ ગયા. પણ તેમની ખુશી, ક્યાં લાંબી ચાલે એવી હતી?

પ્રભાતે ઊંઘમાંથી આંખ ખોલી જાગતાં જોઉં છું તો હવે મને કોઈ આગ નહિ, કોઈ જ પીડા કે અશાંતિ નહી ! અહાહાહા ! આ શું ? મનને થયું કે ખરેખર ધર્મ સાધનાની ભાવના માત્રનો આ ચમત્કાર ! ચારિત્રના નિર્ણય માત્રનો જાદુ ! તો ચારિત્રનો તો કેટલોય પ્રભાવ ! તો હવે શો વિલંબ ! આ રોગ પણ એકાએક આવ્યો તો, તો કાલનીય શી ખબર? શો ભરોસો? આ સંસારમાં જીવ વનવાસી ! જાણે જંગલનું હરણીયું ! ચારે કોર ભય ! માટે સાધુ પંથે ચઢી જવું પછી તો ઉઠીને તરત જ સંસાર ત્યજી સાધુ દીક્ષાના ભવ્ય પંથે વિચરવા લાગ્યો.

આ રીતે અનાથીમુની પોતાનો વૃતાંત સંભળાવી શ્રેણિક મહારાજાને વાસ્તવિકતાનું ભાન કરાવે છે. "તેજ અવસરે શ્રેણીક મહારાજા સમ્યગદર્શન પામ્યા."

## કર્તવ્ય નિષ્ઠા - ઈશ્વર શ્રધ્ધા... !

થોડા દિવસ પહેલાની વાત છે. Emergency Surgery માટે ડોક્ટરને બોલાવવામાં આવતા ડોક્ટર ઝડપથી હોસ્પીટલમાં પ્રવેશ્યા. તેમણે ઓપરેશન વખતે પહેરવાના કપડા પહેર્યાં અને સીધા ઓપરેશન થીયેટરમાં જવા લાગ્યા. તેમણે નોંધ્યું કે જે બાળકનું ઓપરેશન કરવાનું છે તેના પિતા અજંપા ભરેલી સ્થિતિમાં ત્યાં આધા-પાછા થતા ડોક્ટરની કાગની ડોળે રાહ જોઈ રહ્યા હતા. જેવું એમનું ધ્યાન ડોક્ટર પર ગયું કે તરત મોટા સાદે ડોક્ટર પર વરસી પડયા, તમને આવતા આટલી બધી વાર કેમ થઈ? મારા પુત્રનો જીવ અહીં જોખમમાં છે, તમને તમારી ફરજનું કાંઈ ભાનબાન છે કે નહી? ડોક્ટરે સ્મિત સાથે જવાબ આપ્યો, માફ કરજો હું હોસ્પીટલમાં હાજર ન હતો, મારાથી બની શકે એટલી ઝડપે હું હાજર થયો છું. હવે તમે શાંત થઈ જાઓ જેથી હું મારા કામે લાગી શકું. શાંત થઈ જાઉં? જો તમારૂં પોતાનું સંતાન અત્યારે ઓપરેશન થીયેટરમાં હોત તો શું તમે શાંત રહી શકત? જો તમારો પુત્ર અત્યારે મરી જાય તો તમે શું કરશો? એ બાળકના પિતાએ ગુસ્સાપૂર્વક કહ્યું.

ડોક્ટરે ફરી સ્મિત સાથે કહ્યું, "દરેક ધર્મમાં જે કહ્યું છે તે હું પુનરોચ્ચાર કરીશ કે આપણે જે માટીમાંથી પેદા થયા છીએ તે જ માટીમાં ભળી જવાના છીએ. ભગવાનમાં શ્રધ્ધા રાખવી તો સૌનું ભલું થશે. ડોક્ટર જીવનને લંબાવી શકતા નથી. જાઓ અને તમારા પુત્ર માટે પ્રાર્થના કરો. હું મારાથી બનતા શ્રેષ્ઠ પ્રયત્ન કરીશ. ઈશ્વરની કૃપા હશે તો સૌ સારાવાના થશે."

જ્યારે આપણી પોતાની સાથે કોઈ દુર્ઘટના ન બની હોય ત્યાં સલાહ આપવાનું ખુબ સહેલું હોય છે. તે બાળકના પિતા ગણગણ્યા.

ઓપરેશન ઘણું લાંબુ ચાલ્યું. ડોક્ટર હસતા ચહેરે બહાર આવ્યા અને તેમણે ચિંતાતુર પિતાને કહ્યું, "ઈશ્વરનો આભાર માનો, તમારો પુત્ર બચી ગયો છે." અને બચી ગયેલા બાળકના પિતાના આભારના શબ્દોની રાહ જોયા વગર ડોક્ટરે ઉતાવળે કહ્યું કે તમારે કાંઈ

પૂછવું હોય તો નર્સને પૂછી લેજો. એ પ્રમાણે સૂચના આપી, દોડતા દોડતા જ ચાલ્યા ગયા. બચી ગયેલા પુત્રના આભારવશ પિતાએ નર્સને પૂછ્યું કે આ ડોક્ટર આવા ઉધ્ધત કેમ છે? શું તેમણે થોડીવાર મારા દીકરાની સ્થિતિ અંગે વાતચીત ન કરવી જોઈએ? મારે ડોક્ટરને પૂછવું હતું ઓપરેશન કેવું થયું? હવે મારે તેની શી કાળજી રાખવાની વગેરે.

નર્સે જવાબ આપ્યો, ગઈ કાલે તેમનો એક પુત્ર Road Accidentમાં માર્યો ગયો છે. અને એમના દીકરાની અંતિમ વિધિ છોડીને તમારા પુત્રનું ઓપરેશન કરવા આવ્યા હતા. અત્યારે સ્મશાનમાં તેમના પુત્રના અગ્નિદાહ માટે સ્વજનો રાહ જોઈને બેઠા છે.

કેવી શ્રધ્ધા ! કેવા કર્તવ્ય નિષ્ઠ ડોક્ટર... !

## અપરિગ્રહ... સામાયિક... સાધર્મિકભક્તિ

પરમાત્મા શ્રી મહાવીરસ્વામિના પરમ ભક્ત પૂનમચંદ શેઠની વાત છે. તેઓ લક્ષાધિપતિ હતા. ધીરધારનું મોટું કામકાજ હતું. એક વખત તેઓ પ્રભુની દેશના સાંભળવા ગયા. ભગવાન અપરિગ્રહ પર દેશના આપી રહ્યા હતા. શેઠનું મન હલબલી ગયું. એમણે ધીરધારનો ધંધો બંધ કર્યો. ગામમાં બીજા શેઠીયાઓને ખબર પડી. તેઓ તેમને સમજાવવા ગયા. શેઠ ધંધો શું કરવા બંધ કરો છો? કાંઈ તકલીફ હોય તો અમને જણાવો. આપને જરૂર હોય તો રૂપિયા અમે આપશું પણ આપ ધંધો બંધ ન કરો. પૂનમચંદ શેઠે કહ્યું મને કાંઈ તકલીફ નથી. મારે પરિગ્રહ છોડવો છે. અપરિગ્રહી બનવું છે માટે ધંધો બંધ કરૂં છું.

પૂનમચંદશેઠે તાત્કાલિક નિર્ણય કરી બધી મિલકત વેંચી નાખી અને પોતાની બધી ધન દોલત સદમાર્ગે વાપરી નાખી. ફક્ત અઢી આના પોતાની પાસે રાખ્યા. તેઓ દરરોજ બે આનાની પૂણી ખરીદે અને વેંચે, તેમાં બે પૈસા નફો થાય. તેમાંથી બન્ને પતિ-પત્ની દાળ-રોટલીથી એકટાણું કરી લે. લાખો રૂપિયાની સંપત્તિમાં એમને જે સુખ હતું તેના કરતાં અનેક ગણું સુખ-ચિત્તની પ્રસન્નતા એમના મનમાં ફાટફાટ થતી હતી, હવે તે જે સામાયિક કરતા તેની પ્રસન્નતા આસમાને આંબી જતી.

આવું સામાયિક ખરીદવા મગધનો નાથ રાજા શ્રેણિક એની ઝુંપડીએ આવ્યો. તેની કિંમત રૂપે વધીને આખું રાજપાટ દેવા તૈયાર થયો કેમકે તેના બદલામાં પૂનમચંદશેઠ એટલે પૂણીયો શ્રાવક એકાદ સામાયિક આપી દે તો તેમની નારક તૂટી જાય. કાશ ! પૂણીયાએ મગધના નાથની જોરદાર કાકલુદી સામે એક જ વાક્ય કહ્યું કે "રાજાધિરાજ ! તમે અપાર સંપત્તિના માલિક છો. એમાં મને જરાય શંકા નથી પરંતુ રાજન ! મારૂં એક સામાયિક ખરીદવા જે જરૂરી સંપત્તિ જોઈએ તે આપની પાસે નથી." શ્રેણીકે કપાળ કૂટ્યું, તોબા તોબા કહેતા નિરાશ થઈને વિદાય થયા.

એક દિ' આ ગરીબ-અમીર પૂણીયાના કપડે થીગડા જોઇને મહાજનના માણસો શરમિંદા બની ગયા. એક સમયના પૂનમચંદ શેઠ ! ટીપ-ટપોરા કરવા જાજમ પથરાય. ત્યારે જેનું નામ ટીપમાં મોટી રકમ આપવામાં પહેલું લખાય તે શું આવા થીગડાવાળા વસ્ત્રો પહેરે? સહુના મન હલબલી ઉઠ્યા.

તાત્કાલિક મહાજન ભેગું થયું. માથાનો ફરેલો પૂણીયો શેઠ હાથ તો લાંબો ન જ કરે

પણ કાંઈક મહાજન તરફથી પ્રસાદ રૂપે પણ દેવાય તો તેય ફેંકી દે. એને શેં ઝપટમાં લેવાય? બહુ વિચારણ કર્યા બાદ રસ્તો કાઢ્યો કે તે આપણી પાસે રૂનીપૂણી ખરીદવા આવે ત્યારે બે પૈસા ઓછા ભાવે આપી દેવી જેથી નફો બે પૈસાના બદલે ચાર પૈસા થાય તો કપડેથી થીગડા જશે. રોટલી ઉપર ઘી પણ ચોપડશે અને કોક દિ' પતિ-પત્ની બરફી-પેંડા પણ ખાઈ શકશે.

બીજે દિવસે પૂણીયો બજારેથી પૂણી ખરીદવા ગયો. તેને નવાઈ લાગી કે ભાવ ગગડ્યો કેમ? તેને શંકા પડી ! તપાસ કરતાં મહાજને કરેલું કાવતરૂં પકડાઈ ગયું. તેણે મહાજનને કહ્યું આ રીતે અનિતિનું ધન મારા ઘરમાં ઘાલીને શું તમે મારી દુર્ગતિ કરવા માંગો છો? આમ કરશો તો મારે અજૈન વેપારીઓ પાસે ખરીદવા જવું પડશે."

વાહ રે પૂણીયા ભાઈ ! શું તમારી અપરિગ્રહ વૃતિ ! કેવી નિસ્પૃહતતા ! કેવા તમે સ્પષ્ટ વક્તા ! આથી જ તમારું સામાયિક કેવું અમૂલ્ય બન્યું ! કેટલો બધો સંતોષ ! કેટલી બધી મસ્તી !

આવી પરિસ્થિતિમાં એકવાર પૂણીયાએ પ્રભુવીરની સાધર્મિક ભક્તિનો મહિમા કરતી દેશના સાંભળી ! તેણે વિચાર કર્યા કે વેપાર વધારીને વધુ સંપત્તિ કમાઈને સાધર્મિક ભક્તિ કરવી પરવડે તેમ નથી કેમ કે તેમાં રોજના ૨/૩ સામાયિક ગુમાવવા પડે તેમ હતા આથી તેમ ન કરતા બન્ને પતિ-પત્નીએ વિચાર્યું કે રોજ આપણે બન્ને એકટાણું કરીએ છીએ. તેના બદલે આપણે વારા ફરતી એક દિવસ એકટાણું ને એક દિવસ ઉપવાસ કરીએ તો દરરોજ એક સાધર્મિકને જમાડીને આપણે નિયમિત સાધર્મિક ભક્તિ કરી શકીએ.

કેવો અદભુત નિર્ણય ! વીર પ્રભુની દેશનાથી અપરીગ્રહતા-સામયિક-સાધર્મિક ભક્તિનો જોરદાર અમલ ! શી વાત કરવી પૂનમચંદ શેઠની ! પૂણીયા શ્રાવકની !

## જન્મ દિવસની ઉજવણી...!

છ વર્ષના પુત્રનો જન્મદિવસ હતો પિતા તેને પોતાની આંગળીએ લઈ જતા હતા. એક કતલખાના પાસે આવીને ઊભા રહ્યા.ત્યાં બાર વાછરડા ઉભા હતા. પિતાએ પુત્રને કહ્યું આમાંથી તને જે ગમતા હોય તે બે વાછરડા પસંદ કરીલે. પુત્રએ પૂછ્યું શેના માટે? પિતાએ કહ્યું બેટા આ બધાની આજે કતલ થવાની છે.

પુત્રએ પૂછ્યું એની માઁ ક્યાં ગઈ? મને કોઈ જરા હેરાન કરે ને હું રડું તો માઁ તરત હેરાન કરનારને રવાના કરી દે. મને ચુપ કરાવી દે. એની માઁ એને કેમ છોડાવતી નથી. ત્યારે પિતાએ કહ્યું એની માઁની કતલ થઈ ગઈ છે. તો આપણે બે વાછરડાને બચાવી લઈએ. ત્યારે બેટાએ કહ્યું બે જ કેમ? આપણે તો બારને જ બચાવી લઈએ. પિતાના આંખમાંથી આંસુ વહેવા લાગ્યા કે બેટા મારી પાસે એટલા પૈસા નથી. એવી પરિસ્થિતિ નથી. બાળક સાંભળીને સ્તબ્ધ થઈ ગયો.

દર વર્ષે જન્મદિવસની ઉજવણી આજ રીતે કરતા. ને આપણે તો કેક લાવીએ, સગા વહાલા, મિત્રવર્તુળને ભેગા કરીએ ને બે-ચાર હાજરનું પાણી કરીએ. આ છોકરો મોટો થયો, કમાવવા માંડ્યો. આજે ૩૧ વર્ષની ઉંમર છે. આવક પણ સારી છે. જેમ જેમ આવક વધતી

ગઈ, તેમ તેમ દર વર્ષે વધુને વધુ જીવો છોડાવતો રહ્યો. પિતાએ કેવા ગાઢ સંસ્કાર રેડ્યા. આટલો મોટો થયો પણ કોઈ દિવસ જન્મદિવસની ઉજવણીની પાર્ટી નથી રાખી.

## નવકાર જાપની તન્મયતા

પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી યશોદેવસુરીજી મ.સા. જયારે નવપદનો જાપ કરે, ત્યારે એટલા બધા તન્મય થઈ જાય કે જાપમાં મોતીયાનું ઓપરેશન કરાવ્યું. આ વાત ૪૭ વર્ષ પહેલાની છે. તે વખતે મોતીયાના ઓપરેશનની આટલી બધી ફેસીલીટી હતી નહી. આંખમાં ચીરો મૂકવો પડે, પછી ટાંકા લેવા પડે, ઓછામાં ઓછો અડધો કલાક ઓપરેશન ચાલે. ડોક્ટર કહે તમને બેભાન કરવાનું ઈંજેક્શન આપું છું. ત્યારે મહારાજ સાહેબ ડોક્ટરને કહે છે કે તમારે મને બેભાન કરવાની જરૂર નથી. હું મારી જાતે જ બેભાન બનીશ. ડોક્ટરે પૂછ્યું કેવી રીતે તમે બેભાન બની જવાના છો? ગુરુદેવ કહે ડોક્ટર તમારે જે કરવું હોય તે કરો. મારા નવકારના જાપમાં એકવાર ડૂબી જઈશ પછી તમે શું કર્યું તેની મને ખબર જ નહિ પડે.

ડોક્ટર આશ્ચર્યચકિત થઈ ગયા. પૂજ્યશ્રી ઉપાશ્રયમાં સંથારા ઉપર સુઈ ગયા. તેમણે પોતાની જિંદગીમાં ૩૬ કરોડ નવકારનો જાપ કરેલો. તેઓ નવકારના ધ્યાનમાં જવા માંડ્યા અને એ મશગુલ થઈ ગયા કે ડોક્ટરે આંખની પાસે ઈંજેક્શન આપવાની વાત કરી, તો એમણે ના પાડી દીધી અને ડોક્ટરને કહ્યું તમે સીધે સીધી શસ્ત્રક્રિયા ચાલુ કરો. બેભાન કરવાની વાત જ નહિ.

પોતે નવકાર ધ્યાનમાં જ બેભાન બન્યા. ડોક્ટરે આખું ઓપરેશન એમ જ કર્યું. આંખ ઉપર ચીરો પડ્યો. આંખ ઉપર ટાંકા લીધા. ત્યાર બાદ ડોક્ટરે તેમને ઢંઢોળીને કહ્યું કે ઓપરેશન થઈ ગયું. ત્યારે માંડ માંડ નવકારના જાપમાંથી બહાર આવ્યા.

**માણસ હમેશાં નામને અમર બનાવવા ઈચ્છે છે. નામને નહીં પણ કામને અમર બનાવતાં શીખો. એવા સત્કાર્યો કરો કે તમારૂં કામ અમર બની જાય.**

**જીવનની સિદ્ધિ ધર્મરૂપી ધન કમાવામાં રહેલી છે. નહીં કે પૈસો કમાવામાં. ખાવાનું પીવાનું કામ તો આ જીવ દરેક યોનિમાં કરતો આવ્યો છે. આ જીવનમાં પણ એનું એ જ કાર્ય ચાલુ રહેશે તો પછી સંસારના ફેરા ક્યાંથી ટળવાના? જ્યારે ધર્મનું મહત્વ સમજાય છે ત્યારે આ જીવન કોઈ ઉચ્ચ કોટિનું બની જાય છે.**

C

## અચલગચ્છનું ગૌરવ...!

"જે સ્વરૂપે સમજ્યા વીના પામ્યો દુઃખ અનંત
સમજાવ્યું તે પદ નમું શ્રી સદગુરૂ ભગવંત"

પરમઉપકારી, પરમદયાળુ, પ્રખર પ્રવચન પ્રભાવક, પ્રતિભાશાળી, પંચપરમેષ્ટિના આરાધક, શ્રી શત્રુંજય તીર્થ અને આદેશ્વરદાદાના અનન્ય શ્રધ્ધા ધરાવનાર, નાના ભૂલકાઓના લાડીલા, યુવાવર્ગના જીવનઘડતરમાં યોગદાન આપનાર, અનંત જીવોના તારણહાર અને અનંત અનંત ગુણોના ભંડાર એવા મુની ભગવંત શ્રી દેવરત્નસાગરજી મ.સા. ને શાંત થયે એક વર્ષ થવા આવ્યું.

જૈન શાશનના તેઓ દીપક બની ને આવ્યા, ચારે તરફ પ્રકાશ પાથરી વિલીન થયા. એવા મહામુલા ધર્મરત્નને આપણે ગુમાવ્યા છે.

- દેરાસરમાં પ્રભુ સમક્ષ હોય ત્યારે ભાવવિભોર થઇ લયલીન બની જતા અને સહુને ભાવ જાગૃત કરાવતા
- કોઈ વ્યક્તિનો દોષ ન જુએ ફક્ત એમના ગુણોનું જ નિરીક્ષણ કરી અને ધન્યવાદ આપતા.
- માં સરસ્વતીના તો જાણે બાળ હતા. એમને માં સરસ્વતીનું વરદાન હતું.
- એમની અદભુત વાણીના ધોધથી કેટલાય ભક્તો પાવન થતા, કેટલાય ધર્મ પામતા.
- સાથે સાથે વિવિધ ભાષાઓના તેઓ જાણકાર હતા તેથી અલગ અલગ ભાષામાં પ્રવચનથી જૈનતરને પણ બોધ પમાડતા.

"એમની વિદાયથી અચલગચ્છને ન પુરાય એવી ખોટ પડી છે."

## શુદ્ધ સામાયિક...!

સામાયિક બે ઘડીનું એટલે કે અડતાલીસ મિનિટનું હોય છે. શુદ્ધ વસ્ત્ર પહેરીને સામાયિક કરવાનું હોય છે. સામયિકમાં સ્વાધ્યાય કરી શકાય. નવી ગાથાઓ પણ ગોખી શકાય. નવકારવાળી ગણવી વગેરે જાપ પણ કરી શકાય.

૧. પૂર્વે બાંધેલા અશુભ કર્મોનો નાશ થાય છે.

૨. જ્યાં સુધી સામાયિક ચાલુ હોય ત્યાં સુધી નવાં અશુભ કર્મો બંધાઈ શકતાં નથી.

૩. સામયિકમાં શ્રાવક સાધુ જેવો ગણાય છે.

૪. કોઈ જીવ એક વર્ષ સુધી દરરોજ સવારે એક કિલો સુવર્ણનું દાન કરે અને એક જીવ માત્ર એક જ દિવસ એક શુદ્ધ સામાયિક કરે તો બેમાંથી શુદ્ધ સામાયિક કરનારને વધારે પુણ્ય બંધાય છે. માટે શ્રાવકે વારંવાર સામાયિક કરવું જોઈએ.

## અદભૂત એવા જિનશાસનને વંદન... વંદન... વંદન !

અદભુત છે આ જિનશાસન!!! તે તો કહે છે કે, હિંસા - જૂઠ - ચોરી - મૈથુન - પરિગ્રહના ભયંકર પાપોનો સંપૂર્ણ ત્યાગ કરવાની વાત કરીને અટકી જતું નથી. લઇ લે દીક્ષા ! કર પ્રભુની આજ્ઞાનું અણિશુદ્ધ પાલન !

પણ જો કોઈ કહે કે, "સંયમજીવન સ્વીકારવા જેવું જ છે, પણ મારામાં તેનું પાલન કરવાની ક્ષમતા નથી. તો શું હું આખી જિંદગી માટે નહિ. પણ ઓછા સમય માટે પણ આ પાંચે પાપો વિનાની જીવન ઉન્નત મસ્તકે ગૌરવસભર જીવી શકું કે નહિ?" તો જિનશાસન કહે છે કે, "જરાય ચિંતા ન કરો. અહીં તો જેની જેવી કક્ષા તેવો તેના માટે ધર્મ. હું તો પ્રેક્ટીકલ છુ. સૌનું કલ્યાણ કરવાનો મારો ઉદ્દેશ છે. તમે જો જિંદગીભરનું સંયમજીવન ન સ્વીકારી શકો તેમ હો, છતાં ય પાંચે ય પાપો વિનાનું જીવન જીવવું હોય તો ઉપધાન કરો. ૪૭ દિવસ સુધી પાંચે ય પાપો વિનાનું ઉન્નત જીવન જીવી શકશો. છેલ્લે વરઘોડો - માળ થશે. માન-સન્માન મેળવવા જેવા નથી પણ મળ્યા વિના નહિ રહે !"

"પણ, ૪૭ દિવસની પણ અનુકુળતા ન હોય તો?" જિનશાસન કહે છે, "ડોન્ટ વરી, જરા ય ચિંતા ન કરશો. સંયમની ભાવના સાથે, ઉપધાન પણ ન કરી શકો તો ય અઢારીયું(૧૮ દિવસ પૌષધ) કરો, તે પણ શક્ય ન હોય તો પર્યુષણાદિમાં ચોસઠ પ્રહરી પૌષધ(૮ દિવસ), તે પણ ન થાય તો ૧ દિવસ રાતનો પૌષધ, તે પણ ન થાય તો માત્ર રાત્રીનો કે માત્ર દિવસનો પણ પૌષધ કરો ને ! પાંચે ય ભયાનક પાપોનો તેટલો કાળ સંપૂર્ણત્યાગ કરવાપૂર્વક ઉન્નત મસ્તકે ગૌરવસભર જીવન જીવવાનો લાભ મળી શકશે." બોલો, આટલી બધી અનુકુળતા કરી આપનારો અન્ય કોઈ ધર્મ છે ખરો?

જૈનશાસનને બતાડનારા પરમાત્મા કરુણાના મહાસાગર છે. તેમણે તો દરેક દરેક વ્યક્તિના આત્મા-કલ્યાણના પ્રેક્ટીકલ ઉપાયો તેનાથી થઈ શકે તે રીતે બતાડ્યા છે.

હજુ ય કોઈ કહે કે, "૧ દિવસ કે ૧ રાતનો પૌષધ કરવાની પણ મારી અનુકુળતા નથી , છતાં ય મારે થોડા સમય માટે પાંચે પાપોનો ત્યાગ કરવાપૂર્વકનું જીવન જીવવું છે તો છે કોઈ ઉપાય?" જિનશાસન કહે છે કે બે ઘડી = ૪૮ મિનિટનું સામાયિક કર. તારી સમયની અનુકૂળતા પ્રમાણે ૧, ૨, ૩ સામાયિક કર, તે દરમ્યાન તું હિંસાદિ પાંચે ય પાપો વિનાનું ગૌરવસભર જીવન જીવી શકીશ."

બોલો... હવે લાગે છે ને કે જિનશાસન શ્રેષ્ઠ છે. તેમાં માત્ર આદર્શોની નહિ, અમલીકરણના ઉપયોગની પણ વાત છે. આવા અદભૂત જિનશાસન પ્રત્યે ઉછળતો અહોભાવ પેદા ન થાય? તો બે હાથ જોડીને, મસ્તક નમાવીને ભાવથી બોલો,

"અદભૂત એવા જિનશાસનને વંદન... વંદન... વંદન !"

## સ્વદોષનાશ - ગુણ પ્રાપ્તિની સાધના

વિષ્ણુને માને તે વૈષ્ણવ ! શિવને માને તે શૈવ ! બુદ્ધને માને તે બૌદ્ધ ! ખ્રિસ્તને માને તે ખ્રિસ્તી ! વિષ્ણુ, શિવ, બુદ્ધ, ઈસુખ્રિસ્ત વગેરે વ્યક્તિઓ છે. આ દરેક પરંપરા વ્યક્તિને કેન્દ્રમાં રાખીને ઊભી થઈ છે. વ્યક્તિનું નામસ્મરણ-સ્તવના-પૂજન કરવામાં માને છે. ટૂંકમાં દરેકના કેન્દ્રમાં વ્યક્તિપૂજા છે !

હવે જુઓ-વિચારો જિનશાસનને !!! જિનને માને, જિનનું નામસ્મરણ-સ્તવન-પૂજન કરે તે જૈન!!! જિન એટલે કોણ? કોઈ વ્યક્તિ? ના બિલકુલ નહિ. જિન એટલે રાગ અને દ્વેષને જિતેલા !

નવકારમાં 'નમો અરિહંતાણં' છે. પણ માત્ર 'નમો મહાવીરાણં' નથી. અરીહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને નમસ્કાર છે, પણ આ પાંચ પરમેષ્ઠીમાંના કોઈ વ્યક્તિનું નામ લઈને વ્યક્તિને નમસ્કાર નથી.

નવકારમંત્ર કહે છે કે કોઈ એક વ્યક્તિના રાગી ન બનો, પણ ગુણોના રાગી બનો, ગુણોના પૂજક બનો, ગુણોને વંદીને ગુણવાન બનવાના પ્રયાસો આદરો.

આમ, જિનશાસન દોષનાશ અને ગુણપ્રાપ્તિની સાધના કરવા ઉપર વિશેષ ભાર આપે છે. ગુણોને વધારો, ગુણોને ખીલવો, ગુણોના રાગી બનો, બીજાના ગુણોની અનુમોદના કરો. જે ગુણવાન છે, તે મહાન છે, જે સર્વગુણ સંપન્ન છે-સર્વદોષ રહિત છે; તે ભગવાન છે.

## કાળ તો અપેક્ષાએ ભગવાન કહેવાય

કાળે જ મરીચિને મહાવીર બનાવ્યા. અભિમાની ઈન્દ્રભૂતિને વિનયના શિખરે મૂકી દીધા. કામના કીડા બનેલ સ્થૂલભદ્રને કામવિજેતા બનાવી દીધા. વાલિયાને વાલ્મીકિ અને ચાર ચાર હત્યા કરનાર દ્રઢપ્રહારીને યોગી કક્ષામાં પ્રાતઃસ્મરણીયની પદવી આપી. કાળે જ પ્રભવ ચોરને જૈન શાસનની પરંપરા રૂપી માળાના મણકા સ્વરૂપ પ્રભવસ્વામી બનાવી દીધા. આ બધા આત્માઓએ નિમિત્ત પામીને પોતાનું જબરદસ્ત પરીવર્તન આણ્યું, માટે જ તેઓના ભૂતકાળ તરફ દ્રષ્ટિપાત કરીને કોઈએ હીલના ન કરવી જોઈએ. અને કોઈના વિષમ વર્તમાનને જોઈને પણ અરુચિ કરવી ન જોઈએ. દરેક માણસનું ભવિષ્ય ઉજળુ હોઈ શકે છે અને દરેક સંતનો ભૂતકાળ પાપ-દોષોથી ખરડાયેલો હોઈ શકે છે.

કાળના ત્રણ તબક્કા છે. (૧) ભૂતકાળ (૨) વર્તમાન અને (૩) ભવિષ્યકાળ. આ ત્રણેય કાળ સાથે કેવો અભિગમ અપનાવવો એ બાબતમાં એક ચિંતકે સરસ વાત કરી છે - (૧) ભૂતકાળમાંથી બોધ લઈ વર્તમાન સુધારો, (૨) વર્તમાનની ભૂમિકા અને અવસરોચિત પ્રવૃત્તિ કરવી, (૩) ભવિષ્ય ઉજળુ બને, દોષ ન લાગે એ માટે સાવધાન રહેવું. ટૂંકમાં ભૂત-ભવિષ્યકાળને ધ્યાનમાં લઈને વર્તમાનને જ સારા આચરણ દ્વારા સુધારવાનો છે.

## જૈન કુળમાં જન્મેલાનું કર્તવ્ય

જૈન કુળમાં જન્મેલાને ગળથૂથી થી જે અહિંસાના પાઠ મળે છે તે કુળગત અહિંસા છે. પૂર્ણ અહિંસા માટે મથવું એ જીવનકાર્ય છે. જૈન લોહી સામાન્યથી ઠંડુ હોય છે. એ લડવા કરતા થોડું જતું કરવા અને સહી લેવા તૈયાર થાય છે, એ જૈનત્વની મૂડી છે. બધાનું બધું જ સહી લેવું એ એનું જીવનકાર્ય છે.

જિનપૂજા એ એનો આરંભ છે. જિનાજ્ઞા પાલન એનું જીવન કર્તવ્ય છે. ગુરૂ પાસે જવાથી શરૂ કરી અંતે ગુરૂ સાથે જઈ, ગુરૂ થવું એનું જીવન ધોરણ છે !

પંચપરમેષ્ઠીમય નવકાર ગણવાથી આરંભાયેલા જીવનનો અંત પંચ પરમેષ્ઠીમાં સ્થાન પામીને જ થાય એ એનું જીવન લક્ષ્ય છે.

અનિતીનું ધન છોડવાથી શરૂઆત કરી સમસ્ત ધન ત્યાગ કરવામાં એ સાર્થકતા માને છે.

અભક્ષ્ય ત્યાગથી શરૂ થયેલી જીવન યાત્રા નિર્દોષ ભોજન ટેકે, નિરસ ભોજનના માધ્યમે અનશન સુધી પહોંચે છે.

બીજાને વસ્તુ આપવાની ઉદારતાથી આરંભી ભલભલા શત્રુને ક્ષમાં આપવાની ઉદારતા સુધી પહોંચતી એની જીવન ગાથા છે.

વનસ્પતિ કે કીડીને દુભાવવાથી ડરવું એ એનો આરંભ છે. પોતાનાથી કોઈનું પણ દિલ ન દુભાય એવી ભૂમિકા એનું લક્ષ્ય છે.

પાપના પ્રતિકમણ-પશ્ચાતાપ-પ્રાયશ્ચિત થી શરૂ કરીને પાપ જ ન થાય એવી ભૂમિકા પામી શાંતિનો શ્વાસ લે છે.

દેવગુરૂને નમવાથી પ્રારંભી અંતે તે નમ્રતાના શિખરે પહોંચે છે "ધર્મમાં માયા જૂઠ નહિ" આ સિદ્ધાંત એની 'તળેટી' છે.

ક્યાંય કોઈની સાથે ક્યારેય માયા-જૂઠ-પ્રપંચ-અન્યાય ભર્યો વ્યવહાર ન કરવો એ એનું 'શિખર' છે.

આનંદની આ બધી દિશામાં દોડતો દોડતો અંતે તે પૂર્ણ આનંદની ભૂમિ "મોક્ષે" પહોંચે છે.

## મોક્ષનો પાયો સમ્યગદર્શન

દીક્ષા લઈ શકાય તેમ ન જ હોય તો, દીક્ષા-લેવાની ભાવના મનમાં રમતી રાખીને તે માટે અનુકૂળતા પેદા ન થાય ત્યાં સુધી સમકિત સહિત બાર વ્રત ગુરૂ સાખે (સાક્ષીએ) લેવાનો પ્રયત્ન સહુએ કરવા જેવો છે.

ના... બાર વ્રત ઉચ્ચારવાં જરા ય મુશ્કેલ નથી, કારણ કે પોતાની શારીરિક અને માનસિક શક્તિ અનુસાર, આ વ્રતો ગમે તેટલી સંખ્યામાં, ગમે તેવી રીતે અને ગમે તેટલા સમય માટે ઉચ્ચારી શકાય છે. અમુક પરિસ્થિતિ અને સંજોગને લઈને છૂટ છાટ પણ રાખી શકાય. (વિગતવાર સમજવા જિનાજ્ઞા ભાગ ૨ જુઓ.)

સમ્યગદર્શન પામ્યા વિના આત્માનું કલ્યાણ શક્ય નથી. માટે બાર વ્રતો ઉચ્ચારતાં

પહેલાં સૌ પ્રથમ સમ્યગદર્શન ઉચ્ચરવું જરૂરી છે. ઉપધાન કરો કે સંઘપતિ તરીકે સંઘમાળ પહેરો, દીક્ષા લો કે ચતુર્થવ્રત ઉચ્ચરો, સૌ પ્રથમ સમકિત તો ઉચ્ચરવું જ પડે. આ સમકિત ઉચ્ચર્યા વિના જિનશાસનમાં પ્રવેશ મળતો નથી.

જન્મ જૈનકુળમાં લીધો માટે ભલે લોકો જૈન તરીકે ઓળખતાં હોય, પણ હકીકતમાં તો સમકિત પામવા દ્વારા જ જૈનધર્મમાં પ્રવેશ મળે છે.

સમ્યગદર્શન પામેલા આત્માનું લક્ષ મોક્ષનું હોય. તે કદી સંસારનો પક્ષપાતી ન હોય. તેનું મન સદા સર્વવિરતિ-સાધુજીવન મેળવવા તલસતું હોય. સંસારમાં રહેવા છતાં સંસારમાં તે રમતો ન હોય. તેણે તેના મનને સંસારમાંથી ઊઠાવી લીધું હોય. 'શરીર સંસારમાં, મન ભગવાનમાં,' તે તેની અંતઃસ્થિતિ હોય.

સમ્યક્તવી આત્મા પરમાત્મા કે ભગવાન તરીકે તો વીતરાગીને જ સ્વીકારે તે તો વીતરાગનાં જ ભગવાન તરીકે દર્શન-વંદન-અર્ચન-પૂજન કરે.

પરંતુ અન્ય રાગી દેવ-દેવીઓને તો તે ભગવાન તરીકે કદી ન સ્વીકારે. ભગવાન તરીકે તે કદી તેને પૂજે કે સત્કારે નહિ. સમ્યગદ્રષ્ટિ દેવને સાધર્મિક સમજીને પ્રણામ ભલે કરે, પણ તેને ય ખમાસમણ તો ન જ દે. તેને ય ભગવાન તો ન જ માને.

જો તે સત્ત્વશાળી હોય તો કુળદેવતાને ભગવાન તરીકે તો ન જ માને. કુળદેવતાને ય ખમાસમણ તો ન જ દે.

તીર્થંકર પરમાત્માએ બતાડેલી વાતો ઉપર અકાટ્ય શ્રદ્ધા પેદા થવી, રુચિ પેદા થવી તેનું નામ સમ્યગદર્શન.

## દુષ્કૃતની ગર્હા – સુકૃતની અનુમોદના

સાધક આત્માની બહુ મોટી સ્વ-પર કલ્યાણકારિતા એટલે તેનામાં નિષ્પન થતી ઉર્જા, એનું બીજુ નામ છે શુક્લલેશ્યા.

દોષી આત્માએ દિવસમાં વારંવાર વધુમાંવધુ સમય સુધી 'મિચ્છા મિ દુક્કડં' અત્યંત હાર્દિક રીતે કરવું જોઈએ

આ રીતે:

૧. ઓ અરીહંત દેવ ! હું મારા પૂર્વના તમામ ભવોમાં થયેલા આપની નજરમાં જે આવ્યા હોય તે બધા પાપોનું પુનઃ પુન અત્યંત ભાવપૂર્વક 'મિચ્છા મિ દુક્કડં' માંગું છું.

૨. ઓ અરીહંત દેવ ! આ ભવમાં જે મારો સૌથી મોટો દોષ છે (કામ, ક્રોધ, સુખશીલતા, લાલસા, નિંદા વગેરેમાંથી એક) તેનું અંતકરણથી વારંવાર 'મિચ્છા મિ દુક્કડં' માંગું છું. મને માફી આપો, માફી આપો.

3. ઓ અરીહંત દેવ ! આ ભવમાં એ મુખ્ય દોષ સિવાય મેં જે બીજા દોષો સેવ્યા છે. તે તમામ દોષોનું હાર્દિક રીતે પુનઃ પુન 'મિચ્છા મિ દુક્કડં' માંગું છું. મને માફ કરો, માફ કરો. મારી ખુબ ભૂલો થઈ ગઈ છે. મારું શું થશે?

આ મુજબ સ્વદુષ્કૃત ગર્હાની સાધના જોરદાર રીતે કરાય તો તે બહુ મોટી સાધના થઈ ગણાય. કેમ કે આની પ્રત્યેક ક્ષણે અનંત અનંત કર્મોનો કચ્ચરઘાણ બોલાય.

તેવી જ રીતે જગતના સર્વ જીવોના સુકૃતો અને ગુણોની અંતકરણ પૂર્વક ખૂબ ખૂબ અનુમોદના કરું છું. મેં મારા જીવનમાં જે કોઈ સુકૃત કર્યા હોય તેની પણ મનોમન અનુમોદના કરું છું.

## મૃત્યુની નજીકની પળોમાં

મૃત્યુની પળો નજીક આવી જાય ત્યારે ટૂંકામાં ટૂંકી રીતે "મિચ્છા મિ દુક્કડં" નીચે મુજબ રોજ ત્રણવાર આપવું.

"જંજં મણેણ બધ્ધં, જંજં વાએણં ભાસિઅં પાવં .
જંજં કાએણ કયં, મિચ્છામિ દુક્કડં તસ્સ !!"

ત્રણેય કાળમાં સમગ્ર જીવનમાં હે જિનેશ્વર દેવ ! તારી આજ્ઞા વિરુદ્ધ નાનામાં નાનાથી માંડી મોટામાં મોટું જે કોઈ પાપ:

૧. મનથી ઢગલાબંધ વિચારાઈ ગયું હોય
૨. વાણીથી વારંવાર બોલાઈ ગયું હોય અને
૩. કાયાથી અગણિતવાર સેવાઈ ગયું હોય તે બદલ હું અંતરથી ફરીફરીને મિચ્છા મિ દુક્કડં માંગુ છુ.

ઓ કૃપાળુ દેવ ! ખરા ભાવથી માફી માંગુ છું. મને તું માફી આપ માફી આપ.

ખામેમિ: જીવરાશી સાથે હાર્દિક ક્ષમાપના/સર્વે જીવોને ખમાવું છું.

મિચ્છામી: સ્વદોષ બદલ હાર્દિક એકરાર/મારા પાપોનો નાશ થાય. પાપો બદલ મિચ્છા મિ દુક્કડં.

વંદામિ: પરમેષ્ઠી ભગવંતોને હાર્દિક વંદન/સર્વે ગુણવંતોને વંદન કરું છું.

છેલ્લી પળોમાં આ મંત્ર: ખામેમિ ! વંદામિ ! મિચ્છામી ! નું રટણ કર્યા જ કરવાનું જેથી બીજા વિચારો ન આવે અને સદગતિ થાય.

છેલ્લી પળોમાં પેશન્ટને હોસ્પીટલમાં ન રાખવો. ત્યાં તેનેં કોણ સમાધિ આપે? કોણ આરાધના કરાવે? કોઈ મહાત્માને તમે હોસ્પીટલમાં લઈ પણ જાઓ તો ય ત્યાં નર્સ કે ડોક્ટરો તમને વધુ સમય સમાધિ - આરાધના કરાવવા નહિ દે તેથી ઘરે મોત થાય તે સારું. છેલ્લે સમાધિ મળે તેવી આરાધના - નિર્યામણા તો કરાવાય. આવતા ભવનું આયુષ્ય તેવા સમયે બંધાય તો સદગતિ તો થાય. ડોક્ટર આ ભવ બચાવવા પ્રયત્ન કરે જ્યારે ગુરૂમહારાજ આવતો ભવ, અરે ભાવિના બધા ભવો બચાવવાના સુધારવાના પ્રયત્નો કરે. તો બોલો...

હવે કોનું શરણું લેવું? ડોક્ટરનું કે ગુરૂમહારાજનું?

# આતાપના

તિર્યંચ જીવોની કેવી યાતના? મોટો જીવ નાના જીવોનું ભક્ષણ કરે. મનુષ્યોનો પણ માર સહન કરે ! ઠંડી ગરમી વરસાદ બધુ જ મુંગે મોઢે સહન કરવું પડે.

ભવભાવના ગ્રંથમાં સાંભળતા આંતરડા ઉંચા થાય. એવું નરકના દુઃખોનું વર્ણન ભર્યું છે ! નરકમાં ઓછા મા ઓછું આયુષ્ય દશ હજાર વર્ષનું, વધુમાં વધુ તેંત્રીસ સાગરોપમનું ! નરકની પીડા અંગાર વરસે એવી ! ત્યાંની ગરમીથી બળેલા-ઝળેલા જીવની અહીં ટાટાની ભઠ્ઠીમાં મૂકે તો ઉંઘ આવી જાય એવી ઠંડક લાગી જાય ! ત્યારે વિચારો ત્યાંની ગરમી કેવી? તેમ નરકોમાં પરસ્પર કાપાકાપી પણ ભારે ! શાસ્ત્રો માટે શસ્ત્રાગારમાં જવાનું નહિ, જમીન જ શસ્ત્રો પ્રગટ કરે ! ભાલો જોઈએ તો ભાલો ને તલવાર જોઈએ તો તલવાર, અરે ! ઝાડની નીચે ઉભા કે ઝાડ પરથી તલવારની ધાર જેવા પાન પડે ! પરમધામીના હાથે કરવતે વહોરાવાનું ! શીલા પર અફળાવાનું ! ભાલે ભેદાવાનું ! તલવારે કપાવવાનું ! 'જૂઠું' બોલ્યો તો? લાવ, એમ કરી જીભ ખેંચી કાંઢે ! કામાંધ હતો? લે, કહીને ધખધખતી લોઢાની પુતળી સાથે ભેટાવે ! મોમાં ઉકળતું સીસું રેડે, તે યાદ કરાવી કરાવીને કે 'અભક્ષ્ય અપેય બહુગમતાં' તા? આવી અનેક જાતની પીડાઓ ત્યાં સહેવી પડે છે.

આપણને માનવભવ મળ્યો છે. સમજ મળી છે. તો આપણે સ્વેચ્છાએ આતાપના કેમ ન લેવી?

શિયાળામાં શક્યતા ગરમ કપડાનો ઉપયોગ ઓછો કરી ઠંડી સહન કરવી(આજકાલ તો આપણે ઠંડીમાં Heater લગાડતા થઈ ગયા છીએ).

ઉનાળામાં A/C, પંખા વગેરેનો ઉપયોગ શક્યતા ઓછો રાખવો જોઈએ તમે કહેશો એ કેમ બને? પરંતુ આપણે ધારીએ તો શું ન કરી શકીએ? દેરાસર દર્શન-પૂજા કરતા, ઉપાશ્રયમાં વ્યાખ્યાન સાંભળતા તેમ જ મોટા પૂજનો વગેરે હોય ત્યારે ૪/૫ કલાક પણ A/C, પંખા વગર બેસીએ જ છીએને !

ચોમાસામાં આરાધના વિશેષ કરવી જોઈએ. કુમારપાળ અઢાર દેશના રાજા હોવા છતાં એમના ચાતુર્માસિક નિયમો સાંભળીને આપણને એમના ધર્મ પ્રેમ પર બહુમાન ઉપજે એવું છે. તેઓ ચાતુર્માસના ચાર મહિના એક જ ઠેકાણે રહેતા તેમ જ ચાતુર્માસ દરમ્યાન બીજા નિયમો.

૧. લીલોતરીનો ત્યાગ ૨. એકાસણું ૩. છ માંથી પાંચ વિગઈનો ત્યાગ ૪. બ્રમ્હચર્યનું પાલન ૫. આરંભ સંભારંભનો ત્યાગ ૬. રાજદરબાર ભરવાનો નહિ.

**મુશ્કેલીને સામેથી વધાવી, પ્રતિકુળતાને પોતાનો જીવન મંત્ર બનાવવો. જિંદગીભર આ રીતે આતાપના લેવાથી જુના પાપકર્મો ખપશે અને નવા પાપકર્મ બંધાશે નહિ.**

## એક જ પંજો...?

યમરાજ કેટલો આઝાદ છે? જાણે નિરંકુશ હાથી ! એને કોઈ પૂછનાર નહિ, કોઈ ગાછનાર નહિ. એને મન ફાવે ત્યારે આવી જાય અને પોતાને ફાવે તેને ગમે તે સ્થિતિમાં હોવા છતાં ઉપાડી જાય.

બધાને વૃધ્ધાવસ્થા પમાડ્યા પછી જ ઉપાડવા એટલો ય એનો નિયમ નહિ ! એને ગમ્યું તે ખરું !

એને ગમ્યું કે જુવાનને ઉઠાવવો છે...તો બસ શી વાર? એની પત્ની શું કરશે? એના નાના બાલ-બચ્ચાનું શું થશે? કોઈ ફિકર નહી...યમરાજનો આદેશ થયો કે બસ રવાના...

વળી એની નજર કોઈ માસુમ બાળક પર પડી. હજી એ બિચારાએ કશું અનુભવ્યું નથી, કશો સંસાર જોયો નથી... છતાં એને ઉપાડવામાં ય કશી શરમ નહી !

અરે ! બીજાની શી વાત કરવી... હજી તો બિચારાએ જીવનમાં ડોકિયું ય નથી કર્યું... હોંશે હોંશે માનવ-જીવન મેળવવા દોડી આવ્યો છે. એ માટે ગર્ભાવાસની કારમી વેદના ય સ્વીકારી લીધી, પણ જો યમરાજની ક્રૂર નજર એના પર પડી તો એ બિચારાનો ગર્ભાવાસમાં જ ખાતમો ! ત્યાં જ એનું પ્રાણ પંખેરું પીંખાઇ જાય...

કોઇ જ સલામતી નહિ. માર્ગ પર ચાલતાં પેલું તીતર પક્ષી જેમ સિંચાણાથી નિર્ભય નહી તેમ આ જીવન પણ યમરાજથી નિશ્ચિત નહી...સિંચાણાની એક જ તરાપ તીતર માટે કાફી, તેમ યમરાજનો એક જ પંજો આ જીવનનો ખાતમો બોલાવવા પૂરતો...!

માટેજ આયુષ્યનો ભરોસો રાખ્યા સિવાય ધર્મકરણી દ્વારા જીવન સાફલ્ય વરી લેવું શું ખોટું?

## સમાધિમરણ માટેની જાગૃતિ

જે જન્મે છે તેનું મૃત્યુ નિશ્ચિત છે. પરંતુ મૃત્યુ ક્યારે આવશે તેની ખબર નથી હોતી. તેમજ મૃત્યુ આવશે ત્યારે આપણે કઈ સ્થિતિમાં હોઈશું તેની પણ ખબર હોતી નથી. ક્યારેક આકસ્મિક ઘટનાઓમાં અણધાર્યું મૃત્યુ આવી જાય ત્યારે અંત સમયના પચ્ચક્ખાણ વગેરે કરવાનું રહી જાય. આવું અવિરતિ ભરેલું મૃત્યુ ઘણા કર્મબંધનનું કારણ બનતું હોવાથી અવસરે આત્માને દુર્ગતિની મુસાફરીએ ચડાવી દે તેવું બને તેથી આના ઉપાય રૂપે તે અંત સમયના પચ્ચક્ખાણ નો લાભ અવશ્ય પ્રાપ્ત થાય એવા અનાગત પચ્ચક્ખાણ એટલે ભવિષ્યમાં જેનું પચ્ચક્ખાણ કરવાનું છે. તેવું પચ્ચક્ખાણ વર્તમાનમાં જ લઈ લેવું. તેને અનુલક્ષીને દુર્ગતિના દ્વાર બંધ કરી શકાય.

હે ભગવંત !

૧. હું જીવનના છેલ્લા શ્વાસે શરીર વગેરે મારી ગણાતી સર્વવસ્તુઓ વોસિરાવું છું.

૨. હું છેલ્લે શ્વાસે અશન-ખાન-પાન-ખાદિમ-સ્વાદિમ (બધા આહાર પાણીનો) ત્યાગ કરું છું.

૩. મારા મૃત્યુ બાદ મારા નિમિતે કે મારી કોઈ પણ વસ્તુ દ્વારા પાપના કાર્યો થાય તેની સાથે મારે કોઈ સંબંધ નથી.

૪. મારા મૃત્યુ બાદ મારા નિમિતે જે કાંઈ શુભ કાર્યો થાય તેની અનુમોદના કરતો રહીશ.

૫. અરિહંત, સિધ્ધ, સાધુ અને જિનોક્ત ધર્મ આ ચાર શરણોનું હું સ્વીકાર કરું છું.

૬. પંચ પરમેષ્ઠિ ભગવંતોને ભાવપૂર્વક ત્રિકરણ યોગથી વંદન કરું છું.

૭. જીવનમાં થયેલા દુષ્કૃત્યોની ખૂબ ખૂબ નિંદા ગર્હા કરું છું.

8. સર્વ જીવોના જિનાજ્ઞાનુસારી સુકૃત્યોની હું અનુમોદના કરું છું.

૯. જગતના સર્વ જીવોને હું ખમાવું છું તે જીવો પણ મને ખમાવે.

આ બધા અભિગ્રહોનું પાલન કરવા માટે શ્રી અરિહંતાદિના શરણે રહેલો છું. શરીરાદિ બધા પદાર્થોનું મમત્વ છોડવા પ્રયત્ન કરીશ અને પાંચે વિષયોની તૃષ્ણાને દૂર કરવા પ્રયત્ન કરીશ.

આ પ્રતિજ્ઞા લેનારે મરણ પછી ચક્ષુદાન કે દેહદાન વગેરે કરી શકાશે નહિ.

- શુભ ક્રિયામાં મનને જોડેલું રાખવાથી ૧. કંટાળો ૨. અપલક્ષણ 3. કુટેવો ૪.વળગણ અને આળસ આ પાંચ અનીષ્ટોથી બચી જવાશે.
- મોત પછી તમારા છેવટના વારસદારો વકીલ બને એના કરતા બહેતર છે કે તમારા જીવતા જ સુકૃતના સ્થાનો વારસદાર બને.
- **જગતને બદલવા મથતો અંતે દીન બને છે અને જાતને બદલવા મથતો અંતે જિન બને છે.**

આ પુસ્તીકાનું વિભાગ 'C' ના પાના નં ૪૦ થી ૪૮ નું વાંચન રોજે રોજ અવશ્ય કરવા જેવું છે. માટે રોજ એક સામાયિક કરો તો વાંચન થઈ જાય જેથી પાપકર્મો ઓછા થાય અને નવા પાપકર્મબંધ ન થાય. તેમજ સામાયિક એટલે વિરતિમાં આવવાથી પુણ્યબંધ પણ થાય.

# Mukesh Shah

## REAL ESTATE CONSULTANT

5, Dev Ashish (Lal Bunglow)
Upashray Lane, Opp. Indian Bank,
Ghatkopar East, Mumbai-400 077.

-: Mobile :-
+91 93230 30141, 93230 45188, 98339 30141

Email : shahmukeshlaxmichand@yahoo.com

---

● સૌજન્ય ●

# Anant Dry Fruits

**હોલસેલ ભાવે મળશે.**
**સુકોમેવો, ચોકલેટ, ખજુર, મુખવાસ**

સંપર્ક : નીતા મુકેશભાઈ શાહ

૫, દેવ આશીષ (લાલ બં
પહેલે માળે, ઉપાશ્રય લેન, ઈન્ડીયન બેંકની
મુંબઈ. ફોન : ૨૫૦૧૧૪૫૫ મોબાઈલ : ૯૩૨૩૦ ૩

Printed By : Snehrashmi Kataria Mobile : 99254 60435